بسم الله الرحمان الرحيم
وصل الله عليك يا ولي العصر أدركنا

# સાહેબુઝ્ઝમાન (ઝમાનાના માલિક) ઈમામ મહદી અ.સ. થી મુલાકાતના પ્રસંગો

**ઉર્દુ પ્રકાશક:-**
ઈરાદા તાલીમ વ તર્બીયત લાહોર

**કિતાબનું નામ:-**
સાહેબુઝ્ઝમાન (ઝમાનાના માલિક) ઈમામ મહદી અ.સ.થી
મુલાકાતના પ્રસંગો

**સંકલન:-**
મોહમ્મદ સલીમ અલવી

**ગુજરાતી અનુવાદક:-**
અદ્લ ફાઉન્ડેશન,મહુવા

**હદીયો:-**
વકફ

**કિતાબ મેળવવાનું સ્થળ:-**
દુકાન નં. ૪૯ બેઝમેન્ટ,આનંદધન કોમ્પ્લેક્ષ,
બસ સ્ટેન્ડની બાજુમા મહુવા-૩૬૪૨૯૦

**ઇમેઈલ આઈડી:-**
adlfoundation110@gmail.com

ખુદાવંદે આલમનો શુક્ર છે કે તેણે તૌફીક અતા કરી કે ઇસ્મતો તહારત બીબી જ. ઝહરા સ.અ.ની ખિદમતમાં ઈ. ઝમાના અ.સ.ની નિયાબતમાં એક અદના કોશિશ કરી કે જે આ કિતાબના સ્વરૂપમાં રજુ કરીએ છીએ.

આ કિતાબનો સવાબ હઝરત ફાતેમતુઝ્ઝહરા સ.અ. તથા એહલેબૈત અ.મુ.સ.ની ખિદમતમાં હદીયો કરીએ છીએ અને તેમના વસીલાથી આ કિતાબનો સવાબ તમામ મોબલ્લિગાને દીન, ઝાકીરાને દીન, ઓલમાએ દીન તથા તમામ મરહુમીન મોહિબ્બાને એહલેબૈત અ.મુ.સ.ની ખિદમતમાં પહોચે.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَللّٰھُمَّ کُنۡ لِوَلِیِّكَ الۡحُجَّةِ ابۡنِ الۡحَسَنِ

صَلَوَاتُكَ عَلَیۡهِ وَ عَلٰی اٰبَآئِهٖ فِیۡ هَاذِهِ

السَّاعَةِ وَ فِیۡ کُلِّ سَاعَةٍ وَلِیًّا وَّ حَافِظًا

وَّ قَائِدًا وَّ نَاصِرًا وَّ دَلِیۡلاً وَّ عَیۡنًا

حَتّٰی تُسۡکِنَهُ اَرۡضَكَ طَوۡعًا وَ تُمَتِّعَهُ

فِیۡهَا طَوِیۡلاً

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | લેખકના શબ્દો | ૬ |
| | **પેહલો ભાગ: શફાઅત** | ૮ |
| ૧. | ગુનાહની બખ્શીશ | ૮ |
| ૨. | હઝરત ફાતેમા ઝહરા સ.અ.ની કરામત | ૧૦ |
| ૩. | ઈમામ (અ.સ.)ની મુલાકાત અને ઇલ્મનું અતા કરવું | ૧૪ |
| ૪. | સુન્ની આલીમ અને ઈમામે ઝમાના અ.સ.ની મુલાકાત | ૧૬ |
| ૫. | નજાતનો પરવાનો | ૧૮ |
| ૬. | નમાઝે સુબ્હની તાકીદ | ૨૭ |
| ૭. | કર્ઝની અદાયગી | ૨૯ |
| | **બીજો વિભાગ: મુશ્કીલાતનો ઉકેલ** | ૩૨ |
| ૧. | અલ્લામાં હિલ્લી અને ઈમામે ઝમાના અ.સ.ની મુલાકાત | ૩૨ |
| ૨. | ઈમામે ઝમાના અ.સ. અને ઇલ્મી મુશ્કેલીનો ઉકેલ | ૩૩ |
| ૩. | ફતવાની સુધારણા | ૩૫ |
| ૪. | ઇલ્મ હાંસિલ કરવાની નસિહત | ૩૬ |
| ૫. | દીદારનો શરફ | ૩૮ |
| ૬. | ઝીયારતે વારીસા અને ઈમામે ઝમાના અ.સ.નું ગીર્યા કરવું | ૩૯ |
| ૭. | ઈમામે ઝમાના અ.સ.નું રૂદન કરવું | ૪૨ |
| ૮. | મુલાકાતની રાત્રી | ૪૩ |
| ૯. | ઈમામે ઝમાના અ.સ. અને મુશ્કિલ તવાફનો ઉકેલ | ૪૫ |
| | **ત્રીજો વિભાગ: બીમારનું શિફા પામવું** | ૪૭ |
| ૧. | બીમારની શિફા | ૪૭ |
| ૨. | કુરઆને કરીમની તિલાવતની તાકીદ | ૪૮ |
| ૩. | લાઈલાજનો ઈલાજ | ૪૯ |
| ૪. | ઈમામે ઝમાના અ.સ.મેં બીમારના ખબર અંતર પૂછ્યા | ૫૧ |
| ૫. | કુરઆનનો એહ્તેરામ કરવાની તાકીદ | ૫૨ |

| | | |
|---|---|---|
| ૬. | શિફા પામવી | ૫૩ |
| ૭. | ઈમામે ઝમાના અ.સ.ની મદદ | ૫૬ |
| ૮. | રાઝની વાત | ૫૭ |
| ૯. | સલની બીમારીથી નજાત (છુટકારો) | ૬૦ |
| | **ચોથો વિભાગ: નજાત** | ૬૩ |
| ૧. | દાડમનો બનાવ | ૬૩ |
| ૨. | ઇમામતનો કરિશ્મો | ૬૯ |
| ૩. | કત્લ થવાથી નજાત | ૭૦ |
| ૪. | ઈમામે ઝમાના અ.સ.ની મદદ કરવી | ૭૩ |
| ૫. | ઈમામે ઝમાના અ.સ. અને એક પ્યાસો મુસાફર | ૭૫ |
| ૬. | બેવખ્ત મુલાકાત | ૭૭ |
| ૭. | મજલીસે અઝા | ૭૯ |
| ૮. | મુલાકાત કઈ રીતે થઈ શકે? | ૮૦ |
| ૯. | પર્દાદાર ઔરત અને ઈમામે ઝમાના અ.સ.ની નસીહ્ત | ૮૨ |
| | **પાંચમો ભાગ: ઇનાયત** | ૮૪ |
| ૧. | ઈમામે ઝમાના અ.સ.ની અતા (ભેટ) | ૮૪ |
| ૨. | ઈમામે ઝમાના અ.સ.ની ઇનાયત | ૮૫ |
| ૩. | ઈમામે ઝમાના અ.સ.ની મદદ | ૮૬ |
| ૪. | મુલાકાતનો શરફ | ૮૭ |
| ૫. | ખોરાકની અતા | ૯૦ |
| ૬. | ઈમામે ઝમાના અ.સ.ની મુલાકાત | ૯૧ |
| ૭. | વીંટીની ભેટ | ૯૪ |
| ૮. | ઝમાનાનાં મઝલુમ અ.સ. | ૯૬ |

## લેખકના શબ્દો:-

તમામ વખાણ એ રબ માટે છે જેણે કે ઉચ્ચ નિઝામ સાથે ઇન્સાનોને પૈદા કરીને તેમના માટે એક માપદંડ મુક્યું એ માટે કે તેમને અજમાવવામાં આવે કે જેથી તેમાંથી નેક કાર્યો અંજામ આપવાવાળા ઇતાઅત અને ફરમાબરદાર અને શુક્રગુઝાર બંદા કોણ છે? અને ખરાબ અમલ અંજામ આપવાવાળા અને નાફરમાન અને નાશુક્રા બંદો કોણ છે? તેની સાથોસાથ તેમણે હર સમયે ઇન્સાન માટે કાયદા અને રેહનુમાંનો ઇન્તેઝામ કર્યો છે.જેથી કરીને ઇન્સાનની ઝીંદગીનો કોઈ ભાગ એહ્કામ અને રેહનુમાં વગર ખાલી ન રહે. અને તે એ શિકાયત ન કરી શકે કે ફલાણા સમયે મારી ઈસ્લાહ(સુધારણા) માટે ન કોઇ કાનુનની કિતાબ હતી અને ન તો કોઈ હિદાયત કરવાવાળું હતું.આજના સમયમાં પણ ખુદાના કાનુનની કિતાબ (કુરઆને મજીદ) અને રેહનુમાં મૌજુદ છે.એ વાત અલગ છે કે એકના સુધી આપણે જાહેર રીતે અને આસાનીથી પહોંચી શકીએ છીએ અને બીજા સુધી આપણી પહોંચ આસાનીથી શક્ય નથી,જે આપણી અયોગ્યતા અને ઓછી મઅરેફ્તના કારણે છે,જે કિતાબના વાંચન પછી સારી રીતે આપણને સમજમાં આવશે.

બેશક ખુદાની કાનૂની કિતાબ કુરઆને કરીમમાં જે બનાવો બયાન કરવામાં આવ્યા છે તે ઈમાનવાળાઓ માટે ઉપદેશ અને નસીહત છે.જેનાથી તે ઇબ્રત (બોધપાઠ) હાંસિલ કરી શકે છે અને પોતાના નફ્સની સુધારણા કરી શકે છે.એ જ રીતે મોટા મહાન ઓલમાઓના વાકેઆત પણ છે,જેમાં પણ ઈમાન ધરાવનારાઓ માટે ઉપદેશ અને નસીહત અને બોધપાઠ છે.આ માટે જ મેં આ કિતાબની અંદર એ વાકેઆત રાખ્યા છે કે જેથી ઇન્સાન ગંભીરતા સાથે તેમાં બયાન થયેલ ઉપદેશ અને નસીહત વાંચે તો બોધપાઠ લઈ શકે.ઇન્શાઅલ્લાહ હકીકતોના દરવાઝા તેના માટે ખુલતા જશે અને ખુદાની મઅરેફ્તની નઝદીકી હાંસિલ કરી શકે.આ કિતાબમાં અમુક ઓલમાઅ અને બીજા લોકોની ઈમામે ઝમાના અ.સ.થી કોઇ પણ રૂકાવટ વગર મુલાકાતના વાકેઆત બયાન કરવામાં આવેલ છે.જે યકીનન એક મહાન મરતબો અને ઇન્સાનના નેક અને

ખુશકિસ્મત અને મોઅમીન હોવાની ઓળખ છે.હું દિલના ઊંડાણથી શુક્રગુઝાર છુ,આલી જનાબ અલી ખમ્સાએ ક્ઝ્વીનીનો જે આ કિતાબને,ઘરેણાને અલંકારોની જેમ સજાવી રહ્યા છે.એવી જ આપની એક કિતાબ (ફ્ઝાએલે સલવાત ઓર મુશ્કેલાતકા હલ) ઘણી જ સરસ અને વાંચન માટે સંકલન કરી છે.અલ્લાહની બારગાહમાં દુઆ છે કે આપણને દરેકને નેક અમલ કરવાની તૌફીક અતા કરે અને આપણે ઈમામે વક્તથી મુલાકાતના શરફની ખુશનસીબી મેળવીએ અને આપણને તેમના મદદગારોમાં શામિલ કરે.

ખુદાયા!આ નાની એવી ખિદમતને ફાયદામંદ કરાર આપ અને ક્બુલીયતને પાત્ર બનાવ. અને તૌફીક અતા કર કે આ રીતે તારી રાહમાં કદમ ઉપાડીએ અને દીનની ખીદમત કરતા રહીએ.

વલહમ્દોલીલ્લાહ રબ્બીલ આલમીન વ બે નસ્તઇન

.......... સલીમ અલવી

# પહેલો વિભાગ

## શરૂઆત

## ૧. ગુનાહની બખ્શીશ

અલ્લામાં બહરૂલ ઓલુમ અ.ર. બયાન કરે છે કે:

એક વખત હું સામર્રા જતો હતો.રસ્તા વચ્ચે મારા મગજમાં એક સવાલ આવ્યો કે શું ઈમામ હુસૈન અ.સ. પર રડવું ગુનાહોની બખ્શીશનો ઝરીયો છે કે નહી? હજી હું વિચારી જ રહ્યો હતો કે એક ઘોડેસવાર મારી તરફ આવતા જોયા.ત્યાં સુધી કે તે ઘોડેસવાર મારી નજદીક આવી ગયા,એમણે સલામ કરી અને ફરમાવ્યુ:-સય્યદ સાહેબ!તમે કઈ વસ્તુ માટે વિચારી રહ્યા છો?અગર કોઈ ઈલ્મી સવાલ હોય તો બયાન કરો બની શકે કે હું તેનો જવાબ આપી દઉ.

મેં કહ્યુ:હું એ વિચારમાં છુ કે ખુદાવંદે રહીમ અને કરીમ હઝરત ઈમામ હુસૈન અ.સ.ના ઝાએરિનને એટલોબધો સવાબ અતા કરે છે કે આપ અ.સ.ની ઝીયારત માટે જે જાય છે તેના દરેક ડગલાના બદલે એક હજ અને એક ઉમરાહનો સવાબ તેના આમાલનામા લખવામાં આવે છે અને આપ અ.સ. પર પડેલ મુસીબત ઉપર એક ટીપુ આંસુ વહાવવા પર તમામ ગુનાહે કબીરા અને ગુનાહે સગીરાને બખ્શી દેવામાં આવે?

ઘોડાસવારે ફરમાવ્યું:- “આશ્ચર્ય ન પામો! હું એક ઉદાહરણ આપું છુ જેથી તમારી મુશ્કેલીનો હલ મળી જાય.”

એક દિવસ એક બાદશાહ પોતાના દરબારીઓ સાથે શિકાર કરવા નીકળ્યો.શિકાર કરતા કરતા પોતાના દરબારીઓથી એટલો બધો દુર નીકળી ગયો કે ન દરબારીઓ તેની સુધી પહોંચી શક્યા અને ન તો બાદશાહને તેની ખબર પડી કે તેઓ ક્યાં રહી ગયા.તેણે તેમના સુધી પહોંચવા બની શકે તેટલી કોશિશ કરી પરંતુ નાકામયાબ રહ્યો, જેના પરિણામે ઘણો થાકી ગયો ત્યાં સુધી કે ચાલવાની તાકાત પણ ન રહી, ભૂખ અન પ્યાસની શિદ્દતનો એહસાસ કરવા લાગ્યો, તે વિચારમાં ગુમ થઈ ગયો કે હવે શું કરે? એ હાલાતમાં અચાનક તેની નઝર એક તંબુ પર પડી,તે તંબુ તરફ ચાલવા લાગ્યો.

તંબુમાં એક વૃદ્ધ ઔરત તેના દીકરા સાથે રહેતી હતી અને એમની પાસે એક બકરી હતી, જેનાં દૂધના ઝરીએ તેનો ખર્ચ વિગેરે જરૂરીયાતો પૂરી કરતી હતી.જયારે બાદશાહ તેની પાસે પહોંચ્યો તો તેણી તેને ન ઓળખી શકી કે આ

કોણ છે? છતાં પણ એ વૃદ્ધાએ ઘણી જ મેહમાન નવાઝી કરી અને તેને ખાવા માટે બકરીને ઝબ્હ કરી દીધી અને તેની કબાબ બનાવીને બાદશાહની ખિદમતમાં હાઝીર કર્યા કારણકે તે ગરીબ હતી અને તેની સિવાય તેણી પાસે બીજું કઈ ન હતું.બાદશાહ જમીને તૃપ્ત થઈ ગયો,તેણીને ત્યાં આરામ કર્યો અને તે જ તંબુમાં રાત પસાર કરી.બીજા દિવસે સવારે બાદશાહ ઘણી ઇઝ્ઝત અને એહ્તેરામ સાથે ત્યાંથી રવાના થયો, ત્યાં સુધી કે પોતાના દરબારીઓ સુધી પહોંચી ગયો અને તેઓને પૂરો બનાવ વર્ણવ્યો અને પછી તેઓથી પૂછ્યું:- “અગર હું વૃદ્ધ ઔરત અને તેના દીકરાને તેના એહસાનનો બદલો ચુકવવા ચાહું તો તેનો બદલો શું આપું?”

દરબારીઓમાંથી એક માણસ ઉભો થયો અને કહ્યુ:-“બાદશાહ સલામત!તમે તેને ૧૦૦ ઘેંટા ઇનામમાં આપો.”

બીજા માણસે કહ્યું:-“તમે તેમને ૧૦૦ ઘેંટા અને ૧૦૦ અશરફીઓ આપી દયો.”

ત્રીજાએ કહ્યું:-“તમે ફલાણી વાડી તેને આપી દયો.”

બાદશાહે કહ્યું:-“હું જે કંઈ તેને આપું તેના એહસાનના મુકાબલામાં ઓછુ છે,અગર હું મારી પૂરી સલ્તનત તેના હવાલે કરી દઉ તો જે કંઈ તેણે મને આપ્યું છે તે તેના બરાબર થયું કારણકે જે કંઈ તેમની પાસે હતુ તે મને આપ્યું તો મારે માટે જરૂરી છે કે જે કંઇ મારી પાસે છે હું તમામ તેને આપું જેથી તેમનો એહસાનનો બદલો પૂરો થઈ શકે.

તે પછી ઘોડાસવારે ફરમાવ્યું:-“જનાબ બેહરુલ ઓલુમ!ઈમામ હુસૈન અ.સ.ની પાસે જે કંઈ હતું,માલ ઝવેરાત,ઘરના અને કુટુંબીજનો,બહેન,ભાઈ, દોસ્તો ત્યાં સુધી કે પોતાની જિંદગી ખુદાની રાહમાં આપી દીધી.(હવે ખુદાએ યકતા પોતાની ખુદાઈ તો નહી આપે)માટે અગર આપ અ.સ.ના ઝીયારત કરનારાઓ અને આપ અ.સ. પર રડવાવાળાને એટલો બધો સવાબ અતા કરે તો તમારે તે વાતથી આશ્ચર્ય ન પામવું જોઈએ અને તે તેના માટે ઘણી જ આસાન અને નાની એવી બાબત છે (યકીનન તેની ઝાતે કીબ્રિયાની અતા મહદુદ નથી,તેની બખ્શીશની હદ નથી અને તેનો કરમ બેમિસાલ છે,જેનો કોઇ અંદાઝો ન લગાવી શકે) જયારે ઘોડેસવાર આમ કહીને ચુપ થયા તો અચાનક મેં તેમના તરફ જોયું પરંતુ તેઓ ત્યાં ન હતા,તે પછી હું આશ્ચર્ય પામ્યો, પછી

મારા મગજમાં આવ્યું કે તેઓ ઈમામે ઝમાના અ.સ. હતા,ન કે બીજુ કોઈ.મેં આજુબાજુ જ્યાં પણ નઝર પડે ત્યાં શોધતો રહ્યો પરંતુ હઝરત અ.સ.ના બીજીવાર દીદારનો શરફ મેળવી ન શકયો અને એક હસરત અને નિરાશાનું તોફાન મારા દિલમાં સમાઈ ગયું.

(અલ અબકરીયુલ હેસાન ભા.૧ પાના નં.૧૧૯)

## ૨. મૌતના સમયે ઈમામે ઝમાના અ.સ.નું તલ્કીન પડાવવું અને શરીફઅલીની હિદાયત

આયતુલ્લાહ સય્યદ મોહસીન અમીન આમેલી બયાન કરે છે:-

જનાબ શરીફ હુસૈનનાં પિતા જનાબ શરીફ અલીની બાદશાહીના સમયમાં,જે એ સમયનાં આખરી બાદશાહ પણ હતા અને જેનો સંબંધ સાદાતથી હતો.હું મક્કાએ મોકર્રમા પહોંચ્યો.તવાફ,અતરાફ,મીના,ખાનાએ કાબા,ત્યાં સુધી કે દરેક જગ્યાએ ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારતની તમન્ના રાખતો હતો,કારણકે હદીસો અને રીવાયતોમાં જે કઈ બયાન થયું જેનું સો ટકા યકીન હતું કે તે હઝરત ઈમામ મહદી અ.સ. દર વર્ષે હજની મોસમમાં ખાના એ કાબાની ઝીયારત માટે મક્કા એ મોકર્રમા તશરીફ લાવે છે,આ વર્ષે ખુદાથી ઘણી દુઆ કરી કે તે મને ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારતનો શરફ અતા કરે,પરંતુ સંયોગ એવો થયો કે હજ પૂરી થઈ ગઈ અને મને ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારતનો શરફ ન મળ્યો.તે દિવસોમાં હું ઘણો જ પરેશાન થઈ ગયો કે શું કરું? હું પરત ફરું અને બીજા વર્ષે હજ માટે આવું જેથી તે હઝરત અ.સ.ની ઝીયારતનો શરફ હાંસિલ થઈ જાય,અથવા અહિયાં જ રોકાઈ જાવ અને આવતા વર્ષની રાહ જોવ અને ખુદાવંદે આલમ પાસે દુઆ કરું કે તે પોતાની હુજ્જતની ઝીયારત કરાવે.અંતે મેં સફરની મુશ્કેલી અને નાજુક હાલાતને નઝર સામે રાખી,મેં નક્કી કર્યું કે આવતા વર્ષ હજના મોસમ સુધી હું અહિયાં રહું જેથી આવતા વર્ષે ખાના એ કાબા અને વારીસે ખાના એ કાબા હઝરત ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારત નસીબ થઈ જાય.જેમ તેમ કરીને મેં તે વર્ષ ત્યાં વિતાવ્યું ત્યાં સુધી કે હજની મોસમ આવી અને મેં હજના એહ્કામ અંજામ આપ્યા,પરંતુ મૂળ મકસદ એટલે કે હઝરત વલીએ અસ્ર અ.સ.ની મુલાકાતનો શરફ હાંસિલ ન થયો અને નિરાશા અને નાઉમ્મીદી પછી એ વિચાર કરવા લાગ્યો હવે શું કરું? વતન પાછો ફરુંકે હજી આ વખતે ફરી રોકાઈ

જાવ,બની શકે કે ખુદા કે જે દુઆને કબુલ કરનાર છે,બની શકે કે અલ્લાહ આ વખતે મારી દુઆને કબુલ કરે અને મારી માંગણી અને મારા મહેબુબ ઈમામે ઝમાના અ.સ.ની મુલાકાતનો શરફ મળી જાય....

અંતમાં હું ઈમામ અ.સ.ની મુલાકાતના ઈરાદાથી ફરી વખત રોકાઈ ગયો અને પરદેશમાં રહીને ખરાબ હાલાતનો સામનો કરીને પોતાના મેહબૂબના ઇન્તેઝારમાં પૂરું વર્ષ વિતાવી ચુક્યો ત્યાં સુધી કે ફરી હજનો સમય આવ્યો અને હું તે દિવસોમાં હરઘડી તે હઝરત અ.ત.ફ.શ.નો આતુરતાથી રાહ જોતો રહ્યો,પરંતુ આ વર્ષે પણ હઝરત અ.ત.ફ.શ.ની ઝીયારત ખુદાને મંઝુર ન હતી અને હું ઝિયારતથી મેહરૂમ રહ્યો,હું બસ વિચાર કરવા લાગ્યો હું હવે શું કરવું,આ રીતે પરદેશમાં ક્યાં સુધી રેહવું? શાયદ મારી કિસ્મતમાં મારા મૌલા અને આકાની ઝીયારત નથી લખી અને વતનમાં મારા સગાવ્હાલાઓ મારી રાહ જોઈ રહ્યા હશે,માટે બેહતર છે કે વતન પરત ફરું. પછી પાછો વિચાર આવ્યો કે ખુદાની રેહમતથી માયુસ ન થવું જોઈએ.બની શકે ખુદા મારી આ વખતે દુઆ કબુલ કરી લે અને ખબર નથી કે વતન પરત ફરીને પાછુ ક્યાં હાલાતનો સામનો કરવો પડે,કદાચ એવું ન થાય કે હાલત ખરાબ હોવાના લીધે મક્કા ફરી ન આવી શકાય અને મારા દિલમાં મારી દુઆ અને મારા મહેબુબની ઝીયારતની તમન્ના છે,વંચિત રહી જાવ.આ વર્ષે ફરી અહિયાં રોકાઈ જાવ.બેશક ખુદાવંદે આલમ મુસબ્બેબુલ અસ્બાબ અને દરેક મુશ્કિલનો હલ કરનાર છે,હું મારા વિચારોની અંદર ખોવાયેલો હતો કે અચાનક રોકાઈ જવાનું નક્કી કર્યું અને આ વર્ષે ફરી વખત રોકાઈ ગયો અને આ રીતે અંદાજે ૫ વર્ષ મારા આકા અને મૌલાના ઇન્તેઝારમાં મક્કા એ મોકર્રમામાં રહ્યો,આ લાંબા સમયમાં હેજાજના બાદશાહ જનાબ શરીફ અલીથી ઘણો સારો સંબંધ બંધાઈ ગયો,ત્યાં સુધી કે તેમને મળવા માટે કોઈ પણ બાંધછોડ વગર તેમને મળી શકતો હતો,અંતમાં ઈમામે ઝમાના અ.સ.ની ઝિયારતના શોખમાં છેલ્લું વર્ષ મક્કામાં રહ્યો,હજની મોસમ આવી અને મેં હજના એહ્કામ અંજામ આપ્યા અને છેલ્લે હું ખાના એ કાબાની નઝદીક આવ્યો અને પર્દો પકડીને રડીને ફરિયાદ કરતા કરતા બારગાહે ઈલાહીમાં આજીજી કરવા લાગ્યો કે બારે ઇલાહા! અહિયાં મારે પરદેશમાં એક લાંબો સમયનું રોકાણ થઈ ચુક્યું અને તે મને હજી સુધી તૌફીક અને શરફ અતા નથી કર્યો કે ઈમામે ઝમાના અ.ત.ફ.શ.ની ઝીયારતની ખુશનસીબી હાંસિલ કરું.

ઘણી દુઆઓ અને આજીજી પછી ખાના એ કાબાથી જુદો થયો અને મક્કાના પહાડોમાંથી એક પહાડ પર પહોંચ્યો,જયારે હું તેની બુલંદી પર પહોંચ્યો તો પહાડની નઝદીક એક લીલીછમ અને હરિયાળી વાળી એક જગ્યા દેખાણી જેને જોઇને મને ખુશી મેહસૂસ થઈ અને મેં પોતાની ઝાતને કહ્યું:"મક્કાની નઝદીક આવી હરિયાળી અને તાઝગીભર્યું વાતાવરણ કેવી રીતે?આખરે હું મક્કામાં ઘણા વર્ષો સુધી રહેવા છતાં પણ અહિયાં કેમ ન આવ્યો?

પછી હું પહાડની ઉંચાઈ પરથી નીચે ઉતરી આ હરિયાળી અને તાઝગી તરફ આવ્યો,જયારે હું તે ફૂલોના બગીચાની તરફ પહોંચ્યો તો મેં તેની વચોવચ એક શાહી ખૈમો જોયો,ધીમે ધીમે તે ખૈમાની નઝદીક આવ્યો,જોયું કે અમુક લોકો તે ખૈમાંમાં બેઠા છે અને એક મહાન શખ્સ કે જેના નુરાની ચેહરાથી બંદગીના અસરો જાહેર છે,તેઓ વાતચીતમાં મશગુલ છે,જયારે હું એકદમ નઝદીક આવ્યો,તો મેં જોયું કે ખૈમાંની અંદર ઘણી સંખ્યામાં લોકો ભેગા થયા છે,હું એક તરફ ઉભો રહી ગયો અને તેમની વાતો સાંભળવા લાગ્યો.તે ફરમાવી રહ્યા હતા:અમારી પવિત્ર માતા હઝરત ફાતેમા ઝહરા સ.અ.ની કરામતમાંથી એક એ છે કે તેમનો વંશજ અને ઔલાદ દુનિયાથી ઈમાનની સાથે વિદાય લે છે અને મૌતના સમયે તેમને ઈમાન અને વિલાયતની તલકીન કરવામાં આવે છે અને તેમાંથી કોઈ હક મઝહબ વગર દુનિયાથી વિદાય નથી મેળવતો.

આ સાંભળીને મેં હરિયાળી તરફ મારી નઝર કરી અને પછી ખૈમાં તરફ ધ્યાન આપ્યું તો તે ખૈમો અને તેમાં હાજર લોકોનું નામો નિશાન ન હતું,આ જોઈને હું ઘણો આશ્ચર્ય પામ્યો અને મેં બીજી તરફ જોયું તો હરિયાળીનું પણ કોઈ નામોનિશાન ન હતું અને મેં મારી જાતને હેજાજના પહાડો અને રણપ્રદેશમાં એકલો પામ્યો,પછી હું પહાડ પરથી ઉતર્યો અને મક્કા શહેરમા દાખલ થયો,પરંતુ આ સમયે પુરા શહેરની સ્થિતી બદલાઈ ચુકી હતી,લોકો અંદરોઅંદર વાતચીત કરી રહ્યા હતા અને શહેરના કર્મચારીઓ, હોદેદારો ગમગીન હાલતમાં હતા,મેં લોકોને પૂછ્યું:"શું થયું?"

જવાબ મળ્યો:મકકાનો બાદશાહ મૌતના બિસ્તર પર છે.

આ સાંભળીને મને ઘણો અફસોસ થયો અને જલ્દીથી બાદશાહની રહેવાની જગ્યાની નજદીક આવ્યો જે હરમ અને બઝારની એકદમ નઝદીક હતું,ત્યાં પહોંચીને મેં જોયું કે સિપાહીઓ કોઈને અંદર જવાની પરવાનગી

આપતા ન હતા પરંતુ જયારે મને જોયો તો અંદર જવાથી મને ન રોક્યો કારણકે તેઓ જાણતા હતા કે બાદશાહ સાથે મારા સંબધ સારા છે.

પછી જયારે હું બાદશાહ સલામતની રહેવાની જગ્યાએ પહોંચ્યો તો મેં તેમને ઝીંદગીની છેલ્લી ક્ષણોમાં જોયા,મોટા મોટા કાઝી અને ચારેય એહલેસુન્નત મઝહબના (હનફી,માલિકી,હંબલી,શાફેઈ)ઓલમાઓ અને વિદ્વાનો તેના બિસ્તરની નજદીક બેઠેલા હતા અને બાદશાહના ફરઝંદ શરીફ હુસૈન પણ ત્યાં મૌજુદ હતા,એહલે સુન્નતના ઓલમાઓ તેના મઝહબ પ્રમાણે તલકીન પડી રહ્યા હતા,પરંતુ તેમના હોઠો પર જરાપણ હરકત ન હતી,તેઓ તે સમયે તેમનાથી વધારે અસરઅંદાજ હતા,હું પણ બાદશાહ સલામતના બિસ્તરની નજદીક બેઠી ગયો,હજી હું બેઠો જ હતો અચાનક મેં જોયું કે તે જ શખ્સ જે પેલી હરિયાળી જગ્યા પર લોકો સાથે વાતચીત કરી રહ્યા હતા,તેઓ અંદર આવ્યા અને શરીફ અલીના સર પાસે બેઠી ગયા અને ફરમાવ્યું:”અય શરીફ અલી! કહો

أشهد أن لا إله إلا الله

તે સમયે શરીફ અલીના હોઠો એ હરકત કરી અને તેઓએ કહ્યું :-

أشهد أن لا إله إلا الله

(હું ગવાહી આપું છુ કે કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ)
તે બુઝુર્ગવારે ફરી કહ્યું:-

أشهد أن محمد أرسول الله

(હું ગવાહી આપું છુ મોહમ્મદ સ.અ.વ. ખુદા એ તઆલાના રસુલ છે).
શરીફ અલીએ કહ્યું:

أشهد أن محمد أرسول الله

તે બુઝુર્ગવારે ફરી કહ્યું:-

أشهد أن عليا ولى الله و خليفة رسول الله

શરીફ અલી એ કહ્યું :-

أشهد أن عليا ولى الله

તે બુઝુર્ગવારે ફરી કહ્યું:-

أشهد أن الحسن حجة الله

શરીફ અલીએ તરત જ કહ્યું.

તેઓએ ફરી ફરમાવ્યું:-

أشهد أن الحسين بكربلا حجة الله

બસ આજ રીતે તે બુઝુર્ગવાર પોતાની મુબારક ઝબાનથી બયાન કરતા રહ્યા અને શરીફ અલી એવી જ રીતે તે શબ્દો રીપીટ કરતા રહ્યા ત્યાં સુધી કે તેઓ એ કહ્યું:- કહો કે

أشهد أنك حجة بن الحسن حجة الله

શરીફ અલી એ તે વાક્યને પણ તેવીજ રીતે રીપીટ કર્યું,હું બનાવ જોઇને પરેશાન હતો કે એટલામાં તે બુઝુર્ગવાર ઉભા થયા અને બહારના રસ્તે ચાલ્યા ગયા અને શરીફ અલીએ પણ મૌતની દઅવતને લબ્બૈક કહ્યું.

હું આ જોઇને ઘણો હેરાન હતો,મેં પોતાની જાત પર કાબુ રાખ્યો અને ઘણી જ ઝડપથી તે બુઝુર્ગવારની પાછળ ચાલવા લાગ્યો પરંતુ તેઓને મળી ન શક્યો,સિપાહીઓ કે જેઓ ત્યાં ડ્યુટી કરતા હતા મેં તેમને પૂછ્યું પરંતુ તેઓએ જવાબ આપ્યો કે આ ઘરમાં ન તો કોઈ અંદર આવ્યું છે અને ન કોઈ બહાર ગયું છે,અંતે હું ફરી મહેલમાં દાખલ થયો અને મેં જોયું કે ચારેય મઝહબના ઓલમાઅ શરીફ અલીના આખરી જુમ્લાના બારામાં વાતચીત કરી રહ્યા છે:

આ કઇંક એવું જ લાગી રહ્યું છે પરંતુ તે શખ્સ કોણ હતા?

તે સમયે મને સો ટકા યકીન થયું કે તે તલકીન પઢાવનાર શખ્સ હઝરત ઈમામ મહદી સાહેબુઝઝમાન અ.સ. હતા,મેં તે દિવસે તે હઝરત અ.ત.ફ.શ.ની બીજી વખત ઝીયારત કરી પરંતુ અફસોસ કે હું તેઓને ઓળખી ન શક્યો.

(શીગફ્તાને હઝરત મહદી અ.ત.ફ.શ. ભાગ.૨)

## ૩. ઈમામ (અ.સ.)ની મુલાકાત અને ઇલ્મનું અતા કરવું

આગા બુરૂજરદી સાહેબ બહુજ મોટા આલીમ છે.કુમમાં રોઝાની બાજુમાં મસ્જીદ છે તેનો પાયો નાખનાર છે અને તેમની કબ્ર પણ ત્યાં જ છે. તે બયાન કરે છે કે એક આલીમ મશ્હદના હતા તે આગાએ હસન અલી નખુદકીના સ્ટુડન્ટ હતા. જયારે પણ હું તેની પાસે જાતો અને તેઓ મીમ્બર પર બેસતા અને હું નીચે બેસતો આગા બુરૂજરદીપણ તે બઝમમાં બેસતા અને તેમની પાસેથી ઇલ્મ હાંસીલ કરતાં.

આગા બુરૂજરદી કહે છે કે એક વાર એકાંતમાં હસનઅલી નખુદકીને સવાલ કર્યો કે તમારી ઝબાનમાં જબરદસ્ત અસર છે જે પણ તમને સાંભળે છે તે ઇલ્મ લઇને ઉભો થાય છે. તો તેઓ પહેલાનો વાતને ટાળે છે કે આતો અલ્લાહની અતા છે, તમારી બધાની દુઆઓ છે.પણ આગા બુરૂજરદી કહે છે કે નહીં, કંઇક રાઝ છે તમે મને એ બયાન કરો.

પછી હસનઅલી કહે છે કે એક વાર હું સામર્રા ગયો શબે જુમ્મા હતી તો મેં ખાદીમને કહયું કે આજની રાત્ર મને અંદર રહેવા દે, તો ખાદીમે કહ્યું કે કોઇ વાંધો નહી તમે રહો હું આખા હરમમાં એકલો હતો. અરબમાં દસ્તુર હતો કે કોઇ માણસ તમારા પિતાના દસ્તરખાન પર આવે અને પનાહ માંગો તે તેને પનાહ આપતા. જો ન આપે તો તેના પિતાની તૌહીન ગણાતી. અડધી રાત પસાર થઇ જાય છે હરમની એક કારપેટ ઉપર ઉભા થઇ જાય છે કીબ્લા રૂખ કરે છે અને ઇમામે ઝમાના(અ.સ.) તરફ રૂખ કરે છે અને ઇમામે ઝમાના(અ.સ.)ની તરફ મુતવજજે થાય છે કહે છે: 'મૌલા હું તમારા પિતાના (ફર્શ) દસ્તરખાન પર ઉભો છું, તમારી પાસે સવાલ કરૂં છું તમે મારી હાજતને પુરી કરો તમારો દસ્તુર છે કે તમારા પિતાના દસ્તરખાન પર આવનારને રદ નથી કરતાં અને મારી ફકત એક જ હાજત રજુ કરું છુ કે મને તમારા દીદાર (મુલાકાત) કરવા છે. પછી જયારે ફજરની નમાઝનો સમય નજદીક આવે છે તો એક નૂર સાતેહ થાય છે હરમની અંદર ઝરીહની પાસે.

ઇમામને જોઇને હું હેબતાય જાવ છું. ઉભો નથી રહી શકતો. ઇમામ(અ.સ.) મને સલામ કરે છે હું સલામનો જવાબ આપું છું. પછી ઇમામ(અ.સ.) મને કહે છે: 'બોલ તારી હાજત, તારે શું જોવે છે?' મે કહયું : 'મૌલા મારે કાંઇ નથી જોતું, મને ફકત તમારી સલામતી જોવે છે.'ઇમામ(અ.સ.): 'હું તને કહુ છું તને જે જોતું હોય તે કહે હું આપવા તૈયાર છું.' મે કહયું: 'મૌલા કાંઇ નહી મને ફકત તમારી સલામતી જોવે છે.' ત્રીજી વાર કહે છે કે 'હું તને જે જોતું હોય તે આપીશ, હું કાએનાતનો માલીક છું, બાદશાહ છું' મેં ત્રીજીવાર પણ સલામતી જ માંગી. તો પછી ઇમામ કહે છે કે અમે કરીમ ઇબ્ને કરીમ છીએ તે અમારી સલામતી માંગી છે અને તમને અમારૂં ઇલ્મ અતા કરીએ છીએ. પછી બુરૂજરદી સાહેબને કહે છે કે તે દિવસથી આજ સુધી હું જે પણ મીમ્બર પરથી બયાન કરૂં છું તે કયાંથી મારી

જબાન પર જારી થાય છે મને ખબર નથી. મારા ઝહેનમાં કયાંથી આવે છે મને નથી ખબર.

આ ઇમામની ઇનાયત છે તેમનો કરમ છે.

## ૪. સુન્ની આલીમ અને ઈમામે ઝમાના અ.સ.ની ઝિયારત

ઝૈદિયા ફિરકાના એક આલીમે દીન હઝરત ઈમામે ઝમાના અ.સ.ના રેહમત અને બરકતનો સાફ ઇન્કાર કરતા હતા.તે કહેતા કે આ શીઆ લોકો જે કહે છે "આ ઝમાનામાં એક ઈમામ કે જે ઇન્સાનની હિદાયત માટે બાકી છે અને તેના જ સદકામાં આ દુનિયા બાકી છે.એ વાત અલગ છે કે અત્યારે તે લોકોની નઝરોથી ગાયબ છે અને જયારે ખુદાનો હુકમ થશે ઝુહુર ફરમાવશે."આ બધી ખોટી વાતો છે અને આ વિષય પર તેઓએ શીઆ ઓલમાંઓ અને મરાજેઅ સાથે ઘણા દિવસો સુધી સવાલો જવાબ પત્ર વ્યવહારો સ્વરૂપે કર્યા અને પત્ર વ્યવહારોનો સિલસિલો શુરુ રાખ્યો અને શીઆ ઓલમાઓ સાથે હઝરત ઈમામ મહદી અ.સ.ની સાબિતી અને તેમના પાક વુજુદ માટે દલીલો અને સ્પષ્ટતા તલબ કરી,શીઆ ઓલમાંઓએ ઐતહાસિક કિતાબોમાંથી ઘણી દલીલો અને સ્પષ્ટતાઓ પેશ કરી,પરંતુ તેઓ કોઈ પણ દલીલને કબુલ કરતા ન હતા અને જવાબમાં કહેતા કે જેનો તમે રેફરન્સ આપ્યો તેનું વાંચન તો મેં પણ કરેલુ છે,ત્યાં સુધી કે એક વખત તેઓએ આયતુલ્લાહ ઇસ્ફેહાનીને પત્ર લખ્યો અને એક સંતોષકારક જવાબની માંગણી કરી.

સય્યદ ઇસ્ફેહાનીએ જવાબમાં લખ્યું:"હું તમારો સવાલનો જવાબ પત્રમાં નહી આપું અગર તમે ખરેખર જવાબ મેળવવા ચાહતા હો તો નજફએ અશરફ આવી જાવ,હું તમને ઇન્શાઅલ્લાહ સંતોષકારક જવાબ આપીશ."

જયારે પત્ર આપને મળ્યો અને વાંચ્યો તો પોતાના અમુક ખાસ લોકોથી મશવેરો કર્યું અને પછી પોતાના ફરઝંદ ઈબ્રાહીમ અને બીજા અમુક પોતાના ખાસ લોકો સાથે યમનથી નજ્ફે અશરફ માટે રવાના થયા.

એક લાંબી સફર પછી નજ્ફે અશરફ પહોંચ્યા પછી,ઘણા ઓલમાઅ જેમકે આયતુલ્લાહ ઇસ્ફેહાની વિગેરેથી મુલાકાત કરી,થોડીવાર ખબરઅંતર પૂછ્યા પછી તે આલીમે આયતુલ્લાહ ઇસ્ફેહાનીને કહ્યું:-

"હું તમારા કહેવા પ્રમાણે અહિયાં આવ્યો છુ,તમે જે જવાબ દેવાનો વાયદો કર્યો હતો તેને પૂરો કરો."

આપે ફરમાવ્યું:-"કાલે રાત્રે તમે ઘરે આવજો,ત્યાં જવાબ આપીશ,આયતુલ્લાહ ઇસ્ફેહાનીએ તે લોકો અને બીજા લોકો માટે જમવાનો ઇન્તેઝામ કર્યો,ત્યાં સુધી કે બીજો દિવસ આવી ચુક્યો અને રાત્રી પણ થઈ ગઈ,તે લોકો આયતુલ્લાહ ઇસ્ફેહાનીના ઘરે પહોંચ્યા અને તેઓએ પેટભરીને જમ્યા,ધીમે ધીમે બીજા મેહમાન તેઓના ઘરે પરત ફરવા લાગ્યા ત્યાં સુધી કે અડધી રાત પસાર થઈ ગઈ અને તે આલીમ બેચેનીથી પોતાના જવાબનો ઇન્તેઝાર કરી રહ્યા હતા કે મને જવાબ માટે યમનથી અહિયાં સુધી બોલાવ્યો અને અહી આવ્યા પછી જવાબ દેવા માટે રાતનું કહ્યુ હતું અને અત્યારે અડધી રાત પસાર થઈ ચુકી છે,પરંતુ હજી સુધી કોઈ જવાબ નથી આપ્યો,તેઓ આવા વિચારની અંદર ખોવાયેલા હતા કે અચાનક આયતુલ્લાહ ઇસ્ફેહાનીની અવાઝ સાંભળવા મળી,તેઓ પોતાના નોકરને કે જેમના પાસે દીવો હતો તેમને કહેતા કે:-

"આલીમે દીન અને તેમના ફરઝંદને કહો કે તેઓ અહિયાં આવી જાય"

ખાદીમે આવીને આયતુલ્લાહ ઇસ્ફેહાનીનો પયગામ આપ્યો,જે લોકો સાથે આવ્યા હતા,તેઓ કહે છે કે અમે દરવાઝા સુધી સાથે હતા પરંતુ ત્યાં પહોંચીને અમને કેહવામાં આવ્યું તમે અંદર નહી આવતા,અમે રોકાઈ ગયા અને ખાદીમ સાથે તે આલીમ અને તેનો ફરઝંદ ગયા પરંતુ ખબર ન હતી કે ક્યાં ગયા,ત્યાં સુધી કે બીજો દિવસ પડ્યો અને અમે તે આલીમના ફરઝંદ ઈબ્રાહીમની મુલાકાત કરી અને અમે રાત્રીના બનાવ વિષે સવાલ કર્યો?

સય્યદ ઈબ્રાહિમે કહ્યું:-"અલ્હમ્દોલીલ્લાહ અમે હક ઓળખનાર અને શીઆ ઇસ્ના અશઅરી થઈ ગયા."

મેં પૂછ્યું:-"એ કેવી રીતે?"

સય્યદ ઈબ્રાહિમે કહ્યું:-"તે રાત્રીએ આયતુલ્લાહ ઇસ્ફેહાનીએ મારા પિતાને હઝરત વલી એ અસ્ર અ.સ.ની ઝીયારતનો શરફ આપ્યો."મેં તેની વિગતો પૂછી તો ઈબ્રાહિમે કહ્યું:-

"રાત્રીનો સન્નાટામાં અમે ઘરની બહાર આવ્યા તો અમને કઈ ખબર ન હતી કે અમે ક્યાં જઈ રહ્યા છીએ ત્યાં સુધી કે અમે ચાલતા ચાલતા શહેરની બહાર નીકળી ગયા અને વાદીઉસ્સલામમાં દાખિલ થયા,વાદીની વચ્ચોવચ એક જગ્યા હતી જેનું નામ મકામે હઝરત મહદી અ.સ. બતાવવામાં આવ્યું,ત્યાં પહોચીને તેઓએ હુસૈન મશહદી પાસેથી ચિરાગ લીધો અને પછી આયતુલ્લાહ

ઇસ્ફેહાની અને મારા પિતા અને હું અમે ત્રણેય લોકો એક સેહનમાં દાખિલ થયા ત્યાં એક કુવો હતો,આયતુલ્લાહ ઇસ્ફેહાનીએ તેમાંથી પાણી કાઢ્યું અને વુઝું કર્યું,અમે બન્ને તેનું આ કાર્ય જોઇને હસતા હતા,તેના પછી તેઓ એક જગ્યા એ પહોંચ્યા અને ચાર રકઅત નમાઝ પઢી,નમાઝ પઢયા બાદ તેઓએ પોતાની ઝબાનમાં અમુક વાક્યો પઢયા તો ત્યાં અચાનક અમે જોયું કે ત્યાં પૂરું વાતાવરણ રોશન થઈ ગયું પછી તેઓએ મારા પિતાને બોલાવ્યા જયારે મારા વાલીદ તે જગ્યાએ પહોંચ્યા તો હજુ ઘણું મોડું ન હતું થયું કે તેમની રોવાની આવાઝ સંભળાણી,તેઓએ એક ચીખ મારી અને બેહોશ થઈ ગયા,હું તે મંઝર જોઈને ગભરાઈ ગયો અને તરત જ નઝદીક આવ્યો,મેં જોયું કે આયતુલ્લાહ ઇસ્ફેહાની મારા વાલીદનો ખભો હલાવી રહ્યા છે,અંતે તેઓ હોશમાં આવ્યા અને મારા દિલને થોડીક રાહત મળી,જયારે અમે ત્યાંથી પાછા ફર્યા તો મારા માનનીય પિતાએ કહ્યું:-

"મેં હઝરત વલી એ અસ્ર ઈમામે ઝમાના અ.સ.ને કોઈ પણ આડ વગર ઝીયારતની ખુશકિસ્મતી પ્રાપ્ત કરી છે અને તે હઝરત અ.સ.ના મુબારક દીદારનાં શરફથી હક્કને ઓળખનાર અને શીઆ બની ગયો છુ."

(મુલાકાત બા ઈમામે ઝમાના અ.સ. ભા.૧,પેજ.૨૬૪)

## ૫.નજાતનો પરવાનો

જનાબ અલી બગદાદી કહે છે:-

જયારે મેં ખુમ્સ કાઢ્યું તો એંસી તુમાન નીકળ્યું અને ત્યારપછી હું નજફે અશરફ ગયો,તેમાંથી વીસ તુમાન જનાબ શૈખ મુર્તુઝા અન્સારી અ.ર.ને અને વીસ તુમાન મૌલાના શૈખ મોહમ્મદ હુસૈન કાઝ્મીને અને વીસ તુમાન જનાબ મૌલાના શૈખ મોહમ્મદ હુસન શુરુકીને આપ્યા અને વીસ તુમાનનું લેણું મારા પર બાકી રહી ગયુ,મેં વિચાર્યું કે જતા સમયે આ બાકીના વીસ તુમાન જનાબ મૌલાના શૈખ મોહમ્મદ હુસૈન કાઝ્મી આલે યાસીનને આપી દઈશ.

જયારે હું બગદાદ પરત આવ્યો તો મેં વિચાર્યું જેટલું બને તેટલું વેહલા બાકીની શરઈ રકમ જે મારા પર બાકી છે તેને અદા કરી દઉ,આખરે જુમેરાતના દિવસે હઝરત ઈમામ હાદી અ.સ. અને હઝરત ઈમામ હસન અસ્કરી અ.સ.ની ઝીયારતનો શરફ મળ્યો,ઝીયારત કરીને હું શૈખ અન્સારીની ખિદમતમાં આવ્યો અને વીસ તુમાન માંથી અમુક તુમાન તેમને આપી દીધા અને

તેઓથી વાયદો કર્યો કે બાકીના તુમાન અમુક સામાન વેચાય પછી તરતજ પહોંચાડી દઈશ,મારો ઈરાદો હતો કે બપોર પછી અસ્રના સમયે બાકીના તુમાન તેઓને આપી દઈશ,જનાબ શૈખે મને કહ્યું તમે અહી જ રોકાઈ જાવ.

મેં કહ્યું:-"નહી,મજુરોને તેનો પગાર ચૂકવવાનો છે,માટે મારે જાવું જરૂરી છે,પછી ક્યારેક ઇન્શાઅલ્લાહ સમયે સાથ આપ્યો તો તમને ઝેહમત આપીશ,કારણકે મારો હમેંશાનો નિત્યક્રમ હતો કે મજૂરોને તેની મજુરી અઠવાડિયામાં એક વખત શબે જૂમઆ આપતો હતો,માટે આ જ કારણે હું કાઝમૈનથી બગદાદ રવાના થઈ ગયો,ચાલતા ચાલતા જયારે રસ્તાનો ત્રીજો ભાગ પસાર થઈ ગયો,તો અચાનક મેં જોયું કે એક જલીલુલ કદ્ર સય્યદ બગદાદના રસ્તેથી મારી તરફ આવી રહ્યા છે,જ્યારે અમે એકબીજાની નજદીક આવ્યા તો તેઓએ મને આવકાર્યો,મે મુસાફેહો કરવા માટે મારો હાથ આગળ કર્યો અને પછી અમે અંદરોઅંદર ગળે મળ્યા અને બન્નેએ એકબીજાનાં કપાળ પર બોસો આપ્યો,તેમના મુબારક માથા પર લીલો અમામો હતો,ગાલ મુબારક પર કાળા તલનું નિશાન હતું,તેઓએ ખબરઅંતર પૂછતા મને કહ્યું:"અલી સાહેબ ખૈરીયતથી છો ક્યાંનો ઈરાદો છે?"

મેં કહ્યુ:-"હા અલ્હમ્દોલીલ્લાહ સારું છે,કાઝમૈનની ઝિયારત કરી અને બગદાદ પરત જાવું છુ."

ફરમાવ્યું:-"આજે શબે જુમઆ છે,તમારે કાઝ્મૈનમાં હોવું જોઈએ,બેહતર છે કે પાછા જાવ."

મેં જવાબ આપ્યો:-"મારા સય્યદ અને સરદાર હવે હું પાછો નથી જઈ શકતો."

તેઓએ ફરમાવ્યું:-"કેમ નથી જઈ શકતા?એમજ બેહતર છે કે તમે પાછા ફરી જાવ,હું ગવાહી આપું છુ કે તમે અમારા જદ્દ હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ.ના ચાહવાવાળા અને અમારા દોસ્તોમાંથી છો,પણ શૈખ તમને ગવાહી નામું આપશે કારણકે ખુદા એ તઆલા એ હુકમ આપ્યો છે કે બે ગવાહો મેળવો,(આ વાત એ વસ્તુ તરફ ઈશારો કરી રહી હતી કે જે મારા મગજમાં હતુંકે શૈખ મને એક લેટર લખી આપે કે હું એહલેબૈત અ.મુ.સ.નો ચાહવાવાળો છુ અને પછી હું તેને મારા કફનમાં રાખું)પછી તરત જ મેં તેમને સવાલ કર્યો:-

"તમને એ કેવી રીતે ખબર?ખરેખર તમે કઈ રીતે ગવાહી આપશો?'

ફરમાવ્યું:-“જે શખ્સ કોઈનો હક તેના સુધી પહોંચાડે તો તેને કેવી રીતે ન ઓળખે?”

મેં પૂછ્યું:-“કયો હક?”

ફરમાવ્યું:-“તે ચીજ જે તમે મારા વકીલને પહોંચાડયો”

મેં પૂછ્યું:”તમારો વકીલ કોણ છે?”

જવાબ આપ્યો:-“શૈખ મોહમ્મદ હસન”

મેં કહ્યુ:-“શું તે આપના વકીલ છે?”

ફરમાવ્યું:-“હા તે અમારા વકીલ છે.”

જનાબ અલી બગદાદી કહે છે:”આ બધું સાંભળીને મારા મગજમાં એ વાત આવી કે ખરેખર આ જ્લીલુલ કદ્ર શખ્સે મને મારા નામથી બોલાવ્યો જ્યારે કે અસલમાં હું તેમને નથી ઓળખતો એ પછી મેં વિચાર કર્યો કે હોઈ શકે છે કે તેઓ મને ક્યાંકથી ઓળખતા હોય અને હું ભૂલી ગયો હોવ,એ પછી મારા મગજમાં એ વાત આવી કે શાયદ આ સય્યદ મારાથી સેહમે સાદાત ચાહતા હોય,માટે બેહતર છે કે સેહમે ઈમામમાંથી કઈક એમને આપું પછી મેં કહ્યુ:-

“જનાબ મારી પાસે તમારો કઈક હક બાકી છે,આ બાબતે મેં શૈખ હસન તરફ રજુ થયો હતો,આ સાંભળીને તેઓ મારી તરફ મુસ્કુરાયા અને કેહવા લાગ્યા:-

“હા,તમે અમારા હકમાંથી થોડો ભાગ નજફે અશરફમાં અમારા વકીલને આપ્યો.”

મેં અર્ઝ કરી:-“જે કઈ મેં આપ્યું છે તે કબુલ છે?’

ફરમાવ્યું:-“હા”

તે પછી તરત જ મારા મગજમાં વિચાર આવ્યો કે તેમનો મકસદ અને માંગણી એ છે કે સેહમે સાદાતના ઓલમાં અને મેળવવા માટે વકીલ છે,એમ છતાં તે સમયે મારો મગજ કામ ન હતો કરતો.

પછી તેઓએ ફરમાવ્યું:-“પાછા જાવ અને અમારા જદ્દે બુઝુર્ગવારની ઝીયારતનો શરફ મેળવો.”

આ સાંભળીને મેં કહ્યું:”હઝરત આપનો હુકુમ સર આંખો પર અને પછી અમે બન્ને પાછા કાઝમૈન તરફ ચાલ્યા,હજી થોડા કદમ આગળ વધ્યા હતા કે અચાનક મેં જોયું મારી જમણી તરફ એક સાફ અને સુંદર પાણીની નહેર વહી

રહી છે અને લીંબુ,નારંગી,દાડમ,દ્રાક્ષ,વી.ના ઝાડો કે જે સમયે તેની સીઝન ન હતી અમારા પર તેનો છાયો કરતું હતું.

મેં પૂછ્યું:"અહી નહેર અને ઝાડો કેમ છે?'

ફરમાવ્યું:-"અમારા ચાહવાવાળાઓમાં જે શખ્સ પણ અમારા અને અમારા બાપદાદાઓની ઝીયારત કરશે તેઓ માટે છે."

મેં પૂછ્યું:"અગર તમારી પરવાનગી હોય તો એક સવાલ કરું?

ફરમાવ્યું:-"પૂછો"

મેં અર્ઝ કરી:-"મરહુમ શૈખ અબ્દુલ રઝ્ઝાક એક મદ્રેસામાં પઢાવતા હતા,એક દિવસ એમની પાસે હું ગયો,મેં તેનાથી સાંભળ્યું છે કે:-અગર કોઇ શખ્સ પોતાની પૂરી ઝીંદગી દિવસના રોઝા રાખે અને રાત્રીઓ ઇબાદતમાં પસાર કરે અને ચાલીસ હજ અને ચાલીસ ઉમરાહ બજાવી લાવે અને સફા અને મરવા વચ્ચે દઅવતે હકને લબ્બૈક કહે,પરંતુ અગર હઝરત અમીરુલ મોઅમેનીન અ.સ.નો ચાહવાવાળો ન હોય તો આ તમામ ઈબાદતો તેને કોઇ ફાયદો નહી પોહ્ચાડે,આ બારામાં તમારો શું નઝરિયો છે?"

ફરમાવ્યું:-"હા,ખુદાની કસમ તેનો હાથ નેકીથી ખાલી છે."

તે પછી મેં મારા એક રિશ્તેદારના બારામાં સવાલ કર્યો કે:"શું ફલાણો માણસ હઝરત અલી અ.સ.નો ચાહવાવાળો છે?"

જવાબ આપ્યો:-"હા અને જે તમારા થકી છે તે બધા અલી અ.સ.ના ચાહવાવાળા છે."

મેં કીધુ:-"જનાબ એક પ્રશ્ન છે અગર તમારી ઈજાઝત હોય તો પુછુ?'

ફરમાવ્યું:-"પૂછો"

મેં કહ્યુ:-"ઝાકીરો બયાન કરે છે કે એક દિવસ સુલેમાન અઅમશ એક માણસ પાસે ગયા અને હઝરત ઈમામ હુસૈનની ઝીયારતના બારામાં સવાલ કર્યો,તેમને જવાબ આપ્યો કે તે બીદઅત છે તો તેણે સ્વપ્નમાં જોયું કે ઝમીન અને આસમાન દરમ્યાન એક અમારીને જોઈ અને પૂછ્યું:-"આ અમારીમાં કોણ છે?"

જવાબ મળ્યો:-"તેમાં હઝરત ફાતેમા ઝહરા સ.અ. અને હઝરત ખદીજતુલ કુબરા સ.અ. છે."

આ સાંભળીને તેમણે ફરી પૂછ્યું:-"આ બીબીઓ ક્યાં જઈ રહી છે?"

જવાબ દીધો:-"હઝરત ઈમામ હુસૈન અ.સ.ની ઝીયારત માટે કારણકે આજે શબે જુમઆ છે,તે સમયે અચાનક તેનું ધ્યાન ગયું કે અમારીમાંથી અમુક કાગળ પડી રહ્યા હતા જેમાં લખેલું હતું:-

"أمان النار لزوار الحسين في ليلة الجمعة أمان من النار يوم القيامة"

તરજુમો:-"આ કાગળ એ લોકો માટે જહન્નમથી નજાતનો પરવાનો છે, જે શબે જુમઆ ઈમામ હુસૈન અ.સ.ની ઝીયારતનો શરફ મેળવે છે,જનાબ શું આ હદીસ સાચી છે?"

ફરમાવ્યું:-"સાચી છે"

મેં અર્ઝ કરી:-"મારા સય્યદ અને સરદાર! સાંભળ્યું છે કે લોકો કહે છે જે માણસ પણ હઝરત ઈમાંમ હુસૈન અ.સ.ની શબે જુમઆ ઝીયારત કરે છે,તે ઝીયારત તેના માટે જહન્નમની આગથી નજાતનું કારણ બને છે?"

જવાબમાં ફરમાવ્યું:-"હા,ખુદાની કસમ સાચું છે,"

તે પછી આ હઝરત અ.સ.ની આંખોમાંથી આંસુ જારી થઈ ગયા.

મેં અર્ઝ કરી:-"એક સવાલ હજુ છે."

ફરમાવ્યું:-"પૂછો"

મેં અર્ઝ કરી:-"જયારે અમે હી.૧૨૬૯માં હઝરત ઈમામ અલી રેઝા અ.સ.ની ઝીયારતનો શરફ હાંસિલ કર્યો,ત્યારે અમે મકામે દ્રરુદ (ઈરાનમાં ખુરાસાન શહેરનો એક એરિયો)માં અમેરિકાનાં અરબ જે નજ્ફે અશરફના પૂર્વ ઇલાકાઓમાં રહેતા હતા તેની મુલાકાત કરી અને તેની સાથે નમ્રતાથી તેઓને પૂછ્યું:-"હઝરતઈમામ અલીરેઝા અ.સ.ની વિલાયતના બારામાં આપનો શું અકીદો છે?તેઓએ જવાબ આપ્યો:-જન્નત વાજિબ છે.

આજે અંદાજે પંદરેક દિવસ થયા મેં મારા મૌલા અને આકા હઝરતઈમામ અલીરેઝા અ.સ.ની ઝીયારતની સાથે સાથે મેં તેમના બરકતથી ભરેલા દસ્તરખ્વાન પર ખાધું છે,શું હવે પણ મુન્કીર અને નકીર મારી કબ્રમાં આવશે?જયારે કે તે ઈમામ અ.સ.ના દસ્તરખ્વાન ઉપર મેં ખાણું ખાધું છે અને જે મારા ખૂન અને ગોશ્ત સાથે મિક્સ થઈ ગયું છે?તો શું ઈમામ અલીરેઝા અ.સ. આવશે અને નજાત આપશે?

જવાબમાં ફરમાવ્યું:-"હા મારા જદ્દ ઝામીન છે"

એ પછી મેં અર્ઝ કરી:-"મારા સય્યદ અને સરદાર અગર ઈજાઝત હોય તો એક સવાલ હજુ છે?"

ફરમાવ્યું:-"પૂછો"

મેં અર્ઝ કરી:-"મેં ઈમામ અલીરેઝા અ.સ.ની ઝીયારત કરી તે કબુલ છે?"

જવાબમાં ફરમાવ્યું:-"ઇન્શાઅલ્લાહ કબુલ છે".

મેં અર્ઝ કરી:-"હાજી મોહમ્મદ હુસૈન બઝાઝબાશ મરહુમ હાજી એહમદના ફરઝંદને પણ ઝીયારતનો શરફ મેળવ્યો તેમની ઝીયારત પણ કબુલ છે?"

જવાબમાં ફરમાવ્યું:-"તે નેક માણસ છે,ઇન્શાઅલ્લાહ તેમની ઝીયારત પણ કબુલ છે"

મેં અર્ઝ કરી:-"મારા સય્યદ અને સરદાર બગદાદમાં રહેવાવાળો ફલાણો શખ્સ (જનાબ અલી બગદાદી બયાન કરે છે કે આમાંથી અમુક લોકો ખુબજ માલદાર હતા જે સફરમાં નકામાં કામોની અંદર મસ્ત હતા અને જે શખ્સના બારામાં મેં સવાલ કર્યો હતો તેણે પોતાની મા ને કત્લ કરી નાખી હતી)જે સફરમાં અમારી સાથે હતો શું તેની ઝીયારત કબુલ છે?"

આ સાંભળી આપ ખામોશ થઈ ગયા.

મેં ફરી પૂછ્યું:-"આપે મને મારા આ સવાલનો જવાબ ન આપ્યો,શું તેમની ઝીયારત કબુલ છે?આ વખતે તેઓ ફરી ખામોશ રહ્યા અને જવાબ ન આપ્યો,આ રીતે અમે વાતો કરતા કરતા અમે એક એવી જગ્યાએ પહોંચ્યા જ્યાં રસ્તો ઘણો વિશાળ હતો.તેની બન્ને બાજુમાં બગીચાઓ હતા અને તે રસ્તો કાઝ્મૈન તરફ જતો હતો,તે રસ્તાનો એક નાનો એવો ભાગ કે જે બગીચા સાથે મળેલો હતો,પણ તે રસ્તાની જમણી બાજુએ હતો,તે અમુક યતીમો અને સાદાતનો હક હતો,તે હુકુમતે તાકાત અને દબાણ થકી તેઓની પાસેથી પરાણે પડાવીને રસ્તામાં લઈ લીધો હતો,તે કારણે જ બગદાદ અને કાઝમૈનના મુત્તકી અને પરહેઝગાર લોકો તે રસ્તા પર પસાર થવાનું ટાળતા હતા,પરંતુ મેં જોયું કે તે સય્યદે બુઝુર્ગ આ જગ્યા પર ચાલી રહ્યા છે,હું ઘણું જ નવાઈ પામ્યો,કારણકે મેં આ જગ્યાએ આ પેહલા ન તો કોઈ નેક આદમીને અહિયાં ચાલતા જોયો કે ન તો મેં સાંભળ્યું,માટે આ સવાલ મારા દિમાગમાં ઘડી ઘડીએ આવી રહ્યો હતોકે તેઓએ આ જગ્યા પર ચાલવાથી પરહેઝ કેમ ન કર્યું?અંતે મેં તેઓને કહ્યું:-આલી જનાબ આ જગ્યા સાદાતના અમુક યતીમ બચ્ચાઓનો હક છે જેણે હુકુમતે ગસ્બ કરીને રસ્તો બનાવી દીધો છે,માટે તેના પર સફર કરવી જાએઝ નથી.

ફરમાવ્યું:-"આ જગ્યા મારા જદ્દે બુઝુર્ગવાર હઝરતઅમીરૂલ મોઅમેનીન અ.સ. અને તેમની પાક ઔલાદ અને અમારી ઔલાદનો હક છે,માટે અમારા ચાહવાવાળા અને દોસ્તો માટે તેમાં સફર કરવો જાએઝ છે.

તે જગ્યાની જમણી બાજુ એક બાગ હતો,જે જાહેરી રીતે હાજી મિર્ઝા હાદીના નામથી મશહુર હતો,તેઓ સૌથી મોટા ધનવાન માણસ હતા અને બગદાદમાં રહેતા હતા,મેં અર્ઝ કરી:-"મારા સય્યદ અને સરદાર લોકો કહે છે કે આ બાગ જે જનાબ હાજી મિર્ઝા હાદીના નામથી મશહુર છે તે હઝરત ઈમામ મુસા કાઝીમ અ.સ.ની માલિકી છે,શું આ સાચું છે?

જવાબમાં ફરમાવ્યું:-"તમને તેનાથી શું મતલબ છે?"

આપે જવાબ દેવાનો ટાળ્યો,અમે વાતો કરતા કરતા એક નાળા પાસે પહોંચ્યા જે નહેરથી અહિયાંના બગીચાઓ ખેતરો વી.માં પાણી પહોંચાડવા માટે કાઢેલી હતી. અને આ નહેર આ રસ્તાથી પસાર થતી હતી અને શહેરમાં દાખિલ થવા માટે તેના બે રસ્તા હતા.એક રસ્તો બાદશાહોનો અને બીજો સાદાતનો રસ્તો,તેઓ સાદાતના રસ્તા પરથી જવા ચાહતા હતા કે મેં પૂછ્યું:- "આવો આ રસ્તાથી (બાદશાહીવાળા રસ્તે)જઈએ."

જવાબમાં ફરમાવ્યું:-"નહી આપણે આપણા રસ્તા પરથી જ પસાર થઈશું"

આ સાંભળીને હું ચુપ થઈ ગયો અને પછી અમે સાદાતવાળા રસ્તા પરથી પસાર થવા લાગ્યા,પરંતુ હજી અમોને ચાલતા ચાલતા લાંબો સમય થયો ન હતો કે અચાનક મેં જોયું કે અમે મુક્કદ્દસ સહેનમાં ચપ્પલ રાખવાની જગ્યા પર ઉભા હતા,જયારે કે અમે શહેરની કોઈ ગલી કે ખાંચો કે બઝારને મેં નથી જોઈ!,આ જોઈને હું નવાઈ પામ્યો અને હું કઈ સમજ્યો નહીકે અમે લોકો એટલી જલ્દી અહિયાં કેવી રીતે પહોંચ્યા,પછી અમે એ દરવાઝાથી અંદર દાખિલ થયા જે બાબુલ મુરાદના નામથી મશહુર હતો અને તેઓ ઇઝ્ને દુખુલ પઢયા વગર અંદર દાખિલ થઈ ગયા અને હરમની અંદર એક તરફ ઉભા રહી ગયા પછી મને ફરમાવ્યું:-"ઝીયારત પઢો"

મેં અર્ઝ કરી:-"મને વાચતા નથી આવડતું"

ફરમાવ્યું:-"શું હું તમારી વતી પઢું?"

મેં કહ્યુ:-"જી હા"

ફરમાવ્યું:-

أأدخل يا الله؟

أسلام عليك يا رسول الله،أسلام عليك يا أمير ألمومنين.....

આ રીતે આપે તમામ અઈમ્માહે અતહાર અ.મુ.સ. ઉપર દુરૂદ અને સલામ મોકલ્યા ત્યાં સુધી કે હઝરતઈમામ હસન અસ્કરી અ.સ. સુધી પહોંચ્યા અને પછી મને કહ્યું:-"શું તમે તમારા ઝમાનાના ઈમામ અ.સ.ને ઓળખો છો?'

મેં કહ્યુ:-"કેમ નહી!"

ફરમાવ્યું:-"તમારા ઝમાનાના ઈમામ અ.સ. ઉપર દુરૂદ અને સલામ મોકલો"

મેં કહ્યુ:-

أسلام عليك حجة الله يا صاحب الزمان يا ابن الحسن

આ સાંભળીને આપ મુસ્કુરાયા અને ફરમાવ્યું:-

عليك السلام و رحمة الله و بركاته

એ પછી અમે હરમે મુત્તહરમાં દાખિલ થયા અને મુકદ્દસ ઝરી અને બોસો દીધો અને આપે ફરમાવ્યું:-"ઝીયારત પઢો"

મેં કહ્યુ:-"મને વાંચતા લખતા નથી આવડતું"

ફરમાવ્યું:-"શું હું તમારા વતી ઝીયારત પઢું?"

મેં કહ્યુ:-"હા"

ફરમાવ્યું:-"તમેં કઈ ઝિયારત પઢવા માંગો છો?"

મેં કહ્યુ:-"જે સૌથી વધારે અફઝલ હોય?"

ફરમાવ્યું:-"ઝીયારતે અમીનુલ્લાહ સૌથી અફઝલ છે અને પછી આપે ઝીયારતે અમીનુલ્લાહ પઢવાનું શુરુ કર્યું

أسلام عليكما يا أميني الله في أرضه و حجته على عباده....

આ સમયે હરમમાં ચિરાગ રોશન કરી નાખવામાં આવ્યા,મેં જોયું કે ચિરાગ રોશન છે પણ હરમ બીજી કોઈ સુરજની રોશનીની જેમ ચમકી રહ્યું છે,રોશની જોઈને એવું લાગી રહ્યું હતું કે જે રીતે દિવસના ઉજાસમાં ચિરાગ રોશન છે,પરંતુ તે સમયે સંપૂર્ણ રીતે મારા હોશ ઠેકાણે ન હતા અને હું કઈ સમજી શકતો ન હતોકે આ બધું શું થઈ રહ્યું છે,પછી જયારે ઝીયારત પૂરી થઈ તો ઝરીઅ ના પગની તરફની જગ્યા પર આવ્યા અને આપે ફરમાવ્યું:-

"શું તમે મારા જદ્દે બુઝુર્ગવાર હઝરતઈમામ હુસૈન અ.સ.ની ઝીયારત પઢવાનો શરફ હાંસિલ કરવા ચાહો છો?"

મેં અર્ઝ કરી:-હા આજે તો શબે જુમઆ પણ છે,પછી આપે ઝીયારતે વારીસા પઢી અને એજ સમયે મોઅઝ્ઝીને અઝાન પૂરી કરી,આપે મને ફરમાવ્યું:-"નમાઝ,જમાઅત સાથે અદા કરો,તે પછી આપ પોતે પણ હરમે મુતહહરમાં કે જ્યાં જમાઅત નમાઝ થતી હતી ત્યાં આવ્યા અને એકલા પેશ ઈમામની જમણી બાજુએ ઉભા રહી ગયા,હું જગ્યા શોધીને પેહલી સફમાં ઉભો રહી ગયો અને નમાઝ અદા કરી,જયારે નમાઝ તમામ થઈ ગઈ,તો અચાનક તેઓ તરફ ધ્યાનધર્યું પરંતુ તેઓ ન દેખાણા,હું એકદમથી ઉભો થયો અને તેમની શોધ કરતો કરતો મસ્જીદની બહાર હરમ સુધી આવ્યો અને દરેક બાજુ તેમની તલાશ કરી,પરંતુ ન મળ્યા,મારો ઈરાદો હતો કે અમુક રકમ દઈને આજની રાત્રી મારા મેહમાન બનાવું,અચાનક હું ભાનમાં આવ્યો અને મારા મગજમાં એ વિચાર આવ્યો કે આ સય્યદ કોણ હતા? અને પછી,પેહલાની કરામતો તરફ મારું ધ્યાન ગયું,જેવી રીતે કે મારે કાઝમૈન પરત ફરવામાં મેં તેમના હુકમનુ પાલન કરવું,જયારે કે બગદાદમાં મારે એક અરજન્ટ કામ હતું અને બીજું એ કે તેઓએ મને મારા નામથી અવાઝ કર્યો જયારે કે મેં તેમને પેહલા ક્યારેય જોયા ન હતા અને બીજું એ કે તેઓએ કહ્યું:-"અમારા ચાહવાવાળા અને અને કહ્યુ:-"હું ગવાહી આપું છુ અને તેવી જ રીતે નહેરનું જારી થવું અને વગર મૌસમના ફળના ઝાડ જોવા વી. આ બધી અજાયબી જોઈને મને યકીન થયું કે તેઓ હઝરત ઈમામે ઝમાના અ.સ. હતા,ખાસ કરીને એ ચીજો એ તેઓ ઇઝ્ને દુખુલ પઢયા વગર દાખલ થવું અને મને ફરમાવવું કે શું તમે તમારા ઈમામે ઝમાના અ.સ.ને ઓળખો છો,જયારે કે મેં પોતાની મેળે જ કહ્યુ કે હા. ફરમાવ્યું:-સલામ કરો અને જયારે મેં સલામ કરી તો મુસ્કરાયને જવાબ આપ્યો,આ બધી વાતો વિચારીને તરત જ હું એ શખ્સ પાસે આવ્યો કે જે બુટ ચપ્પલ ગોઠવતો હતો અને તેમને આપ અ.સ.ના વિષે સવાલ કર્યો તો તેમણે જવાબ આપ્યો તેઓ બહાર ગયા છે અને મને પૂછ્યું કે શું આ સય્યદ તમારા દોસ્ત છે?મેં કહ્યુ:-"હા,આ બધું અજીબો ગરીબ ચીજો નિહાળ્યા પછી હું મારા મેહમાન નવાઝના ઘરે આવ્યો અને ત્યાં રાત પસાર કરી અને વહેલી સવારે જનાબ શૈખ મોહમ્મદ હસન કાઝ્મીના ઘરે ગયો અને પૂરો વાકેઓ બયાન કર્યો,આ સાંભળીને તરતજ તેઓએ મોઢા પર હાથ રાખ્યો અને આ વાકેઆને બયાન કરવાની મના કરી દીધી અને મેં તે રાઝની વાત રાઝ રાખી અને કોઈને કહ્યુ નહી,ત્યાં સુધી કે આ વાકેઆને મહિનો પસાર થઈ ગયો,તો મેં

એક દિવસ હરમે મુત્તહરમાં એક જ્લીલુલ કદ્રને જોયા તેઓ મારી પાસે આવ્યા અને ફરમાવ્યું:-"

તમે શું જોયું છે?

મેં કહ્યુ:-"કઈ નહી"

તેઓએ ફરી પૂછ્યું:-તમે શું જોયું?"

મેં ફરીવાર નાં પાડી,બસ હજી તો મારા હોઠની હરકત પરી થઈ હતી કે તેઓ એકદમથી ગાયબ થઈ ગયા,ફરીવાર મને ખ્યાલ આવ્યો કે તેઓ મારા મૌલા અને આકા ઈમામે ઝમાના અ.સ. હતા,મગર અફસોસ કે આ વખતે પણ હું તેમને ઓળખી ન શક્યો,હું ચારે તરફ ઘણું શોધતો રહ્યો પરંતુ આ હઝરત અ.સ.ના દીદાર મુબારકનો સુરજ બીજીવાર ન નીકળ્યો અને હું તેમની જુદાઈમાં અફસોસ કરતો રહ્યો.

(રેફ.નજમુસ્સસાકીબ પેજ.૪૮૪)

## ૬. સુબ્હની નમાઝની તાકીદ

મુલ્લા હબીબ બયાન કરે છે:-

મારી એ આદત હતી કે નમાઝે સુબ્હની એક કલાક પેહલા હું મસ્જીદે આવી જતો હતો અને ત્યાં નમાઝે શબ પઢતો અને પછી મસ્જીદની છત પર જતો અને અમુક નમાઝ નાફેલા અને દુઆ વી. પઢતો અને જયારે અઝાનનો સમય થતો તો અઝાન કેહતો અને પછી નીચે ઉતરીને નમાઝ પઢતો. આ મારો રોજનો દસ્તુર હતો,જે હું ૨૦ વર્ષથી અંજામ આપતો હતો.

એક વખત,એક અંધારી કાળી રાત હતી અને ધીમી ધીમી હવા લેહરાતી હતી,હું દસ્તુર મુજબ મસ્જીદમાં આવ્યો,મેં જોયું કે મસ્જીદનો દરવાઝો ખુલ્લો છે અને મસ્જીદ રોશન છે,મેં દિલમાંને દિલમાં વિચાર કર્યો કે શાયદ મસ્જીદનો ખાદીમ દરવાઝો બંધ કરવાનું ભૂલી ગયો લાગે છે,તેને ચિરાગને પણ ન બુજાવ્યો,પછી અંદર જઈને જોયું કે શું વાત છે?જયારે અંદર દાખિલ થયો તો મેં જોયું એક સય્યદ ઈરાની ઓલમાઅનો પોશાક પેહરેલ મેહરાબમાં નમાઝ પઢે છે અને તેના ચેહરા પરથી નુર જારી છે,જેનાથી મસ્જીદમાં રોશની ફેલાયેલી છે અને ચિરાગ રોશન નથી કરેલ,હું આ મંઝર જોઇને પરેશાન થઈ ગયો અને વિચારવા લાગ્યો કે આ શખ્સ કોણ છે?કે જેના ચેહરા પરથી એ રીતે નુર છલકી રહ્યું છે કે જાણે કે મસ્જીદમાં રોશની હોય.હું તેમની તરફ જોઈ રહ્યો

હતો અને આવા વિચારો મારા મગજમાં આવી રહ્યા હતા,ત્યાં સુધી કે તેઓ નમાઝથી ફારિગ થયા અને મારા તરફ મોઢું કરી અને મારા નામથી મને અવાઝ આપ્યો અને ફરમાવ્યું:-"તમારા મૌલાના (સય્યદ મોહમ્મદ સાદિક કુમ્મી)ને કહો મસ્જીદમાં આવે."

આ સાંભળીને હું મૌલાના (સય્યદ મોહમ્મદ સાદિક કુમ્મી)ને બોલાવવા નીકળી ગયો. અને તેમના દરવાઝે પહોંચી અને ધીમેથી દરવાઝો ખખડાવ્યો,મેં જોયું કે મૌલાના અમામો વી.પેહરીને દરવાઝાની પાછળ ઉભા છે,મસ્જીદ જવા માટે નીકળી જ રહ્યા હતા કે મેં તેમને સલામ કરી.

તેમણે સલામનો જવાબ આપ્યો.

મેં કહ્યુ:-"મૌલાના!એક સય્યદ આલીમે દીન મસ્જીદમાં છે અને તમને બોલાવી રહ્યા છે."

જવાબ આપ્યો:-"તમે તેને ઓળખો છો કે તે કોણ છે?"

મેં કહ્યુ:-"નહી,મૌલાના!તેમનો ચેહરો ઘણો જ નુરાની છે,મેં મારી પૂરી ઝીંદગીમાં આવા નુરાની શખ્સિયતને નથી જોયા."

આ સાંભળીને મૌલાનાએ ચુપકીદી ઇખ્તેયાર કરી અને કઈ જવાબ ન આપ્યો અને અમે બન્ને મસ્જીદ તરફ રવાના થયા,ત્યાં સુધી કે મસ્જીદમાં દાખિલ થયા,મેં જોયું કે મૌલાનાએ તે સય્યદ બુઝુર્ગવારનો ઘણો જ અદબ અને એહ્તરામ કર્યો અને નમ્રતા સાથે મળ્યા અને સલામ અને દુઆ પછી તેમની નઝદીક બેઠી ગયા અને અમુક સમય વાતચિત કરી અને તે પછી તે સય્યદ બુઝુર્ગવાર રૂખસત થઈ અને મસ્જીદની બહાર ચાલ્યા ગયા.

હું મૌલાનાની હદ બહાર નમ્રતાપણું જોઈને હેરાન હતો,પછી તેઓના નીકળવા પછી તરતજ મેં પૂછ્યું:-"આ સય્યદે બુઝુર્ગવાર કોણ હતા?"આખિર ક્યાં કારણે તમે તેમની સાથે એટલી નમ્રતાપૂર્વક વર્તન કરી રહ્યા હતા,મૌલાનાએ મારા તરફ મોઢું ફેરવીને કહ્યુ:-"શું તમે તેમને ન ઓળખ્યા?"

મેં કહ્યુ:-"નહી"

કેહવા લાગ્યા:-"અગર તમે મને વાયદો કરો કે જ્યાંસુધી હું જીવતો છુ ત્યાં સુધી કોઈને નહી કેહ્શો તો હું તમને જણાવું નહિતર નહી."

મેં કહ્યુ:-"ઠીક છે,હું વાયદો કરુ છુ કે જ્યાંસુધી તમે હયાત રેહશો હું કોઈને નહી કહું"

કહ્યુ કે :-"તે મારા અને તમારા ઝમાનાના ઈમામ અ.સ. હતા"

આ સાંભળીને હું બેઇખ્તેયાર ઉભો થઈ ગયો અને ઝડપથી મસ્જીદ તરફ દોડ્યો પરંતુ શું જોયું કે દરવાઝો બંધ અને મસ્જીદમાં અંધારું છે અને ત્યાં ખરેખર કોઈ નથી,હું ચાહતો હતો કે મને આપ અ.સ.ના દીદાર ફરી થાય પરંતુ અફસોસ કે ફરીવાર આપ અઝીમ (અ.સ.)નો દીદારનો શરફ ન મળ્યો.આપ અ.સ. અને મૌલાના વચ્ચે જે વાતો થઈ તે મારી સમજમાં ન આવ્યું સિવાય કે આપ અ.સ.મેં ફરમાવ્યું:-**"નમાઝે સુબ્હ જમાઅત સાથે અવ્વલે વક્ત અદા કર્યા કરો."**

મુલ્લા હબીબે આ વાકેઆને સય્યદ મોહમ્મદ સાદિક કુમ્મીની જિંદગીમાં કોઈને બયાન ન કર્યો અને આ વાકેઓ સાચો હોવાના બારામાં ત્રણ વખત કુરઆનની કસમ ખાધી."

(રેફ.બરકાતે વલીએ અસ્ર અ.સ.પેજ.૭૧)

## ૭.કર્ઝની અદાયગી

મિર્ઝા ઝૈનુલ આબેદીન સલમાસી કહે છે:-

એક વખત તેહરાનથી અમુક અમીર લોકો નજફે અશરફ આવ્યા અને તેઓનો ઉતારો મારા ઘરમાં હતો,એક દિવસ સવાર સવારમાં બુધવારના દિવસે હું તે લોકોને લઈને કુફા પહોંચ્યો,અમે મસ્જીદે કુફામાં એ જગ્યાએ પહોંચ્યા જે જગ્યાએ હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ. નમાઝ પઢતા હતા અને એ કે આપના મુબારક સર પર ઝરબત લાગી હતી,અમેં ત્યાં બેઠા હતા કે મૌલાના જનાબ અબ્દુલ હમીદ કઝ્ઝીવીની આવ્યા,તેમની પાસે પાણીનો એક કુંજો અને બગલમાં સુફરો હતો,તેઓ મને જોઈને મારી પાસે આવ્યા,જયારે તેઓએ જોયું કે તેહરાનના અમુક લોકો બેઠા છે,તો રસ્તો બદલીને જનાબે મુસ્લિમ ઇબ્ને અકીલના હરમ તરફ ચાલવા લાગ્યા,મેં તેમને અવાઝ કર્યો:-"અહિયાં આવી જાવ આ બધા આપણા જ લોકો છે"

તેઓ પરત આવ્યા અને સામે બેઠી ગયા,ખબર અંતર અને પૂછપરછ પછી મેં તેમને પૂછ્યું:-"તમે ક્યાં હતા?"

જવાબ મળ્યો:-"કાલે જોકે બુધવારની શબ હતી,માટે સવાર સુધી મસ્જીદે સેહલામાં હતો,હવે અહિયાં આવ્યો અને હવે પછી નજફે અશરફ જઈશ."

મેં કહ્યુ:-"શું વાત છે કે એટલી મેહનત ઉપાડીને આટલા અંતરે મસ્જીદે સેહલા જાવ છો?"શું તમેં ત્યાં કોઈ ખાસ ચીજ નિહાળી છે?" તેઓ ચુપચાપ

બેઠા રહ્યા અને કોઈ જવાબ ન આપ્યો,જયારે મેં કસમ આપી તો કેહવા લાગ્યા:-

"એક વખત જયારે હું લેણામાં આવી ગયો હતો (કર્ઝદાર થઈ ગયો) અને કર્ઝની અદાયગીની મારી પોઝીશન ન હતી,હું ઘણો ડરેલો હતો,ક્યાંક એવું ન બને કે લેણામાં જ મરી જાવ.અગર ખુદા ન ચાહે અગર એવું થયું તો હું લોકોને શું જવાબ આપીશ,હું આ ચિંતામાં જ એક દિવસ હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ.ના પાક હરમમાં બેઠો હતો અને આ હઝરત અ.સ.ના રોઝા તરફ જોઈ રહ્યો હતો અને મારા દિલનું દુઃખ બયાન કરી રહ્યો હતોકે અચાનક એક તાલીબે ઇલ્મ આવ્યા અને મારી નઝદીકથી પસાર થતા થતા કહ્યું:-"જનાબ અબ્દુલ હમીદ કઝવીની ક્યાં કારણે પરેશાન નઝર આવો છો?"

મેં કહ્યુ:-"હું ઘણો જ કર્ઝદાર થઈ ગયો છુ,વિચારી રહ્યો છુ કે કઈ રીતે આ કર્ઝ અદા થશે."

કહ્યુ:-"અમસ્તા જ પરેશાન છો."

મેં કહ્યુ:-"કેમ?"

કહ્યુ:-"જેમની પાસે હઝરત ઈમામ મહદી અ.સ. હોય તેમને પરેશાન થવાની શું જરૂરત"

આ તાલિબે ઇલ્મની આવી વાતો મને ઘણી જ અસર કરી અને પછી મેં કહ્યું:-"તો હું શું કરુ?"

કહ્યુ:-"ચાલીસ શબે બુધ મસ્જીદે સેહલા જાવ અને હઝરત ઈમામે ઝમાના અ.સ.થી તવસ્સુલ કરો ઇન્શાઅલ્લાહ તે તમારી તમામ મુશ્કેલી આસાન કરી દેશે."

એ પછી હું મસ્જીદે સેહલા જવા લાગ્યો,મસ્જીદે સેહલા જતા જતા ચાલીશ શબ પણ પૂરી ન હતી થઈ કે મારૂ તમામ કર્ઝ અદા થઈ ગયુ,આ રીતે હું ઘણો જ પ્રભાવિત થયો અને મેં નક્કી કર્યું કે બીજીવાર ચાલીસ શબે બુધ મસ્જીદે સેહલામાં પસાર કરુ જેથી કરીને મારા મૌલા અને આકાની ઝીયારતનો શરફ મેળવું હું આ અમલ કરી રહ્યો હતો કે ચાલીસમી શબે બુધ હઝરત ઈમામ હુસૈન અ.સ.ના ચાલીસમાંનો દિવસ હતો,ચેહલુંમના લીધે દરેક લોકો કરબલા જવા લાગ્યા,હું વિચારતો હતો કે હવે શું કરવું? અગર કરબલા જાવ તો આ આખરી શબનો અમલ છુટી જશે,અગર કરબલા ન જાવ તો એ પણ

મુનાસીબ નથી,અંતે મેં નક્કી કર્યું અગર જિંદગી બાકી રેહશે તો આવતા વર્ષે કરબલા જઈશ અને આ વર્ષે આ અમલ પૂરો કરું.

શબે બુધ હું મસ્જીદે સેહલા ગયો પરંતુ ત્યાં કોઈ ન હતું,બધા કરબલા ગયા હતા,મસ્જીદ ખાલી હતી અને દરેક બાજુ અંધારું છવાયેલું હતું,મેં મસ્જીદે સેહલાના આમાલ પુરા કર્યા અને પછી મસ્જીદની ઉપર ચાલ્યો ગયો અને થોડુક જમીને સુઈ ગયો જયારે અંદાજે ૨ કલાક થઈ ગઈ તો એક શખ્સ આવ્યા તેમણે મારા પગ હલાવીને કહ્યુ:-"અબ્દુલ હમીદ ક્ઝીવીની ઉભા થાવ"

હું ઊંઘમાંથી જાગૃત થયો અને મેં જોયું કે એક અરબી આદમી ઉભેલા છે,મેં કહ્યુ:-"બતાવો શું વાત છે?"

મારા દિલમાં ને દિલમાં ખ્યાલ વિચાર આવ્યો કે શાયદ અજમથી કોઈ શેહ્ઝાદા આવ્યા લાગે છે. કારણકે આજે અહિયાં કોઈ નથી માટે તેઓ તેમની પાસે લઈ જવા ચાહે છે,આ વિચારીને મેં એમને કહ્યુ:-"તમે જાવ મારે શેહ્ઝાદાથી કોઈ કામ નથી"

આ સાંભળીને તે અરબ ચાલ્યા ગયા.હું ફરી હજી સુતો જ હતો કે મારા દિલમાં ખ્યાલ આવ્યો કે તું એમની પાસે તો ગયો નથી કે જેથી તેની મુલાકાત કરે માટે બેહતર છે કે મસ્જીદની છત પરથી જોવ ખરેખર તે છે કોણ?. હું ઉભો થયો તો મેં જોયું કે મસ્જીદની પૂર્વ બાજુ કોઈ શેહઝાદા બેઠેલા છે,જેમનો ચેહરો પુનમનો ચાંદ માફક ચમકી રહ્યો છે અને તેમની આજુબાજુ અમુક લોકો,સમુહમાં બેઠા છે,આ મંઝર જોઇને હું પાછો આવ્યો અને સુઈ ગયો પરંતુ અચાનકથી મારા ધ્યાન પર આવ્યું,જયારે હું સુવા માટે અહિયાં આવ્યો હતો,તો તમામ ચિરાગ બુજેલા હતા અને આખી મસ્જીદમાં અંધારું ફેલાયેલું હતું,પરંતુ અત્યારે આ કેવી રોશની છે? તરતજ હું તેમને જોવા ફરીવાર ઉભો થયો જેવું મેં ધ્યાન દઈને જોયું તો ત્યાં કોઈ ન હતું.

(બુલબુલે બોસ્તાન હઝરત મહદી અ.ત.ફ.શ. ભા.૨ પેજ.૨૩૪)

# બીજો વિભાગ

# મુશ્કેલીઓનો હલ

## ૧.અલ્લામાં હિલ્લી અને મુલાકાતે ઈમામે ઝમાના અ.ત.ફ.શ.

અલ્લામાં હિલ્લીનું બયાન છે કે:-

એક વખત હું શબે જુમઆ હઝરત ઈમામ હુસૈન અ.સ.ની ઝીયારત માટે ઘરેથી નીકળ્યો.હું ઘોડા પર સવાર હતો અને મારા હાથમાં ચાબુક હતું.અમુક સમય રસ્તો પસાર કર્યા પછી મેં જોયું કે એક અરબી લિબાસ પેહરેલા શખ્સ ચાલીને મારી તરફ આવી રહ્યા છે,અહિ સુધી કે તેઓ મારી નઝદીક આવ્યા અને મારી સાથે સફરમાં જોડાણા.અમુક સમય પછી તેઓએ મારાથી સવાલ કર્યો,જે સાંભળીને હું ઘણો જ પ્રભાવિત થયો અને દિલમાં ને દિલમાં જ વિચાર્યું કે આ કોઈ સામાન્ય માણસ નથી,પરંતુ એક મોટા આલીમ છે,પછી એ અરબ શખ્સને મુશ્કિલ મસાએલ જણાવ્યા,જેમાં તેમણે બહુજ આસાન અને સંતોષકારક જવાબ આપ્યો,આના પરથી મને યકીન થઈ ગયું કે આ સો એ સો ટકા આ ઝમાનાના અઅલમ છે,કારણકે મેં આ પેહલા આ જવાનને મળ્યો ણ હતો,જયારે કે તેઓ મારી કરતા પણ ઘણા બેહતર છે,સવાલ જવાબ વખતે તેમની વાતચીતમાં,હું ઘણો જ હેરાન અને પ્રભાવિત અને ચકિત થયો,ત્યાં સુધી કે જયારે હું એક સવાલ તરફ પહોંચ્યો કે જેના જવાબમાં તે અરબી માણસે મારા નઝરીયાતના વિરુદ્ધ ફતવો આપ્યો,મેં કહ્યુ:-“હું તમારા આ ફતવાને કબુલ નહી કરીશ કારણકે ઉસુલ અને કાયદાની વિરુદ્ધ છે અને તેની સત્યતા અને ન્યાયીપણાના ટેકામાં કોઈ હદીસ કે રિવાયત નથી જેનાથી દલીલ અને સનદ મળી શકે.”

તેઓએ ફરમાવ્યું:-“તેના પર તે હદીસ,દલીલ અને સનદ છે જેને શેખે તુસી અ.ર.એ પોતાની કિતાબ “તેહઝીબ”,માં નકલ કરેલ છે.”

મેં કહ્યુ:-“આવી કોઈ હદીસ “તેહઝીબ” કિતાબની અંદર ઝીક્ર કરેલ જોવા નથી મળતી,મારા મગજમાં ન હતું કે શેખે તુસી અ.ર. અથવા બીજા કોઈ આલીમે દીને આ પ્રકારની કોઈ હદીસ હદીસની કિતાબમાં નકલ કરેલ હોય.

તેમણે ફરમાવ્યું:-“તેહઝીબ”કિતાબની જે કોપી તમારી પાસે છે તેના શુરુથી લઈને એટલા પેજ ગણતરી કર્યા પછી જોજો ફલાણા પેજ પર ફલાણા પેરેગ્રાફમાં આ હદીસ નકલ છે.”

આ સાંભળીને હું વધારે પ્રભાવિત અને હેરાન રહી ગયો અને દિલમાંને દિલમાં કેહવા લાગ્યો:-"આ શખ્સ કે મારી સાથે સફરમાં છે તેઓ મારા આકા અને મૌલા ઈમામે ઝમાના અ.સ. છે.માટે હકીકત પ્રાપ્ત કરવા માટે મેં પૂછ્યું:- "શું ઈમામે ઝમાના અ.સ.થી મુલાકાત કરવું શક્ય છે?આ સાંભળીને તે અરબ નીચે ઝુક્યા અને ચાબુક લઈને મને આપ્યો અને ફરમાવ્યું:-"કેમ નહી આ સમયે તેમનો હાથ તમારા હાથમાં છે."

બસ આ સાંભળીને હું તરત જ ઘોડા પરથી ઉતરીને તેઓના કદમોમાં પડી ગયો,જેથી તેઓના પગ મુબારકને ચૂમી શકું,ખુબજ આનંદ અને ખુશીમાં હું બેહોશ થઈ ગયો,જયારે હોશ આવ્યો તો જોયું કે ત્યાં કોઈ નથી,ત્યારપછી મને મારા આકા અને મૌલાની જુદાઈમાં ઘણોજ અફસોસ થયો,અંતમાં હું ઘરે પાછો આવ્યો,"તેહઝીબ" કિતાબ લઈને પેજ ફેરવતો ગયો,બસ જે રીતે મારા મૌલા અને આકાએ જે જગ્યાએ હદીસ બતાવી હતી,એજ જ જગ્યાએ એ હદીસ મને મળી,પછી એ હદીસને મેં મારા હાંસિયામાં લખી કે આ એ હદીસ છે કે જેની ખબર મને મારા મૌલા અને આકા ઈમામે ઝમાના અ.સ.મેં આપી.

યકીનન ખુશનસીબ છે તે ખુદાના બંદાઓ જે ઈમામે ઝમાના અ.સ. ની ગયબતમાં ઈમામે ઝમાના અ.સ.ની મુલાકાતનો શરફ હાસિલ કરે છે,ત્યાં સુધી કે દુનિયાના કોઈ પણ ખૂણે રહેવાવાળો ઇન્સાન ખુદ પોતાની જગ્યાએ રહીને ઈમામે ઝમાના અ.સ.ની મુલાકાત કરી શકે છે,બસ પાક્કો ભરોસો અને નેક કાર્યોની જરૂરત છે.

## ૨. ઈમામે ઝમાના અ.ત.ફ.શ. અને ઈલ્મી મુશ્કેલીનો હલ

જનાબ અલ્લામાં મીર બયાન કરે છે કે :-

એક વખત હું રાત્રીના આખરી હિસ્સામાં હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ.ના હરમે પાક તરફ રવાના થયો,દરેક બાજુ અંધકાર છવાયેલ હતો,રસ્તામાં મેં મેહસૂસ કર્યું કે જાણે કે કોઈ શખ્સ પસાર થઈ રહ્યા છે,હું થોડા કદમ ઝડપથી ચાલ્યો જેથી જોઈ શકું કે તેઓ કોણ છે,ચાલતા ચાલતા જયારે મારી અને તેમની દરમ્યાન વધારે દુરી ન હતી તો મેં મેહસૂસ કર્યું કે આ જનાબે અર્દબેલી અ.ર. છે,પછી તરતજ ઉભો રહી ગયો અને ધીમે ધીમે તેમની પાછળ ચાલતો રહ્યો કે આ રાતની આખરી પળોમાં ઘોર અંધકારમાં ક્યાં જઈ રહ્યા છે,તેઓ આગળ ચાલી રહ્યા હતા અને હું ધીમે ધીમે થોડા દુર રહીને

તેમની પાછળ પાછળ ચાલતો હતો,ત્યાં સુધી કે હરમે પાકના દરવાઝે પહોંચ્યા,દરવાઝો બંધ હતો માટે તેઓ દરવાઝા પાસે ઉભા રહ્યા,તેમને ઉભેલા જોઇને હું પણ અમુક દુરની જગ્યાએ ઉભો રહ્યો. અને જોવા લાગ્યો કે તેઓ શું કરે છે,હજી અમુક પળો વીતી હતી કે તેમણે અવાઝ આપી કે જે હું સમજી ન શક્યો,તે દરમિયાન મેં જોયું કે હરમના દરવાઝા ખુલ્યા અને એક શખ્સે તેમને કહ્યું:-

"જનાબ એહમદ અર્દબેલી અંદર આવી જાવ"

આ સાંભળીને તેઓ તરતજ અંદર દાખિલ થયા,હું પણ ઝડપથી આગળ વધ્યો અને અંદર દાખિલ થવા ચાહતો હતો કે દરવાઝો બંધ થઈ ગયો અને હું બહાર જ રહી ગયો,અમુક સમય પછી જનાબે અર્દબેલી અ.ર. બહાર આવ્યા અને બઝારની તરફ રવાના થયા અને ત્યાં પહોચીને મસ્જીદે કુફા તરફ રવાના થયા,હું પણ ધીમે ધીમે તેમની પાછળ ચાલવા લાગ્યો,ત્યાં સુધી કે તેઓ મસ્જીદે કુફા પહોંચ્યા,ત્યાં મકામે ઈબ્રાહીમ પાસે એક નુર જોવા મળ્યું,જનાબે મુકદ્દસે અર્દબેલી તે નુર પાસે ગયા અને ઉભા રહી ગયા,મેં આગળ વધવાની ઘણીજ કોશિશ કરી પરંતુ કામયાબ ન થયો,ત્યાં અમુક સમય રોકાવા પછી જ.મુકદ્દસે અર્દબેલી નજફે અશરફ તરફ પરત ફર્યા અને હું પણ તેમની પાછળ પાછળ ચાલતો રહ્યો,જયારે અમે મસ્જીદે હ્ન્નાનાની નઝદીક પહોંચ્યા તો મને છીંક આવી,જનાબે મુકદ્દસે અર્દબેલી તરતજ પાછુ ફરીને કહ્યુ:-"કોણ છે?"

મેં કહ્યુ:-"જનાબ હું છુ"

કહ્યુ:-"મીર તમે છો?"

મેં કહ્યુ:-"કે હા હું જ છુ"

કહ્યુ:-"કે ક્યાં હતા?"

મેં કહ્યુ:-"હું નજફે અશરફથી તમારી પાછળ પાછળ છુ,જયારે તમે હરમમાં દાખિલ થયા,તો હું પણ ચાહતો હતો કે આપની પાછળ અંદર આવું,પરંતુ હું દરવાઝા પર પહોંચ્યો તો દરવાઝો બંધ થઈ ગયો,પછી હું સંતાઈને ત્યાં ઉભો રહી ગયો અને તમારો બહાર નીકળવાનો ઇન્તેઝાર કરવા લાગ્યો અને તમે જે ૧૧ કિલોમીટર કાપીને જે અહી મસ્જીદે કુફા આવ્યા છો,હું પણ તે સફરમાં તમારી સાથે સાથે હતો,મસ્જીદે કુફામાં તમે તે નુર પાસે ઉભા રહી ગયા,તમને જોઈને હું પણ એક દુર ખૂણામાં ઉભો રહીને જોતો હતો,તે પછી તમે ત્યાંથી નીકળ્યા હું પણ તમારી પાછળ પાછળ ચાલ્યો અને હવે

અહિયાં પહોંચતા મને છીંક આવી,ખુદાના વાસ્તે આ બનાવ શું છે મારા માટે તેની સ્પષ્ટતા કરો.

જનાબે મુક્દ્સે અર્દબેલી:-"વાયદો કરો કે જ્યાંસુધી હું જીવતો છુ ત્યાં સુધી કોઈને નહી કેહ્શો."

ઠીક છે હું વાયદો કરો છુ,જ્યાં સુધી તમે હયાત છો કોઈને નહી કહું.

મીર સાહેબ! જયારે કોઈ ઈલ્મી મુશ્કેલીમાં ફસાવ છુ તો હું હઝરત અલી અ.સ.થી પૂછી લઉ છુ,તેઓ મારી ઈલ્મી મુશ્કેલીને આસાન કરી દે છે,આ વખતે પણ મને ઈલ્મી મુશ્કિલી પેશ આવી,જયારે ઘણી જ કોશિશ કરવા પછી પણ આ મુશ્કેલીનો હલ સમજમાં ન આવ્યો,તો હું હઝરત અલી અ.સ.ની બારગાહમાં હાજર થયો,પરંતુ આ વખતે હઝરત અ.સ.મેં ફરમાવ્યું:- "આજની રાત્રીએ તમે મસ્જીદે કુફા જાવ ત્યાં મારા પુત્ર હઝરતઈમામ મહદી અ.સ. છે,તેમને બયાન કરજો તેઓ હલ કરી દેશે,પછી હું મસ્જીદે કુફા તેઓ અ.સ.ની ખિદમતમાં આવ્યો,પછી તે સવાલનો તેઓ હઝરત અ.સ.મેં મને સંતોષકારક જવાબ આપ્યો.

(બુલબુલે બોસ્તાન હઝરત મહદી અ.ત.ફ.શ. ભા.૨ પેજ.૧૯૨)

## ૩.ફતવાની સુધારણા

અલ્લામાં શૈખે મુફીદના ઝમાનામાં એક દિવસ કોઈ ગામમાંથી એક માણસ તેમની પાસે આવી અને સવાલ કર્યો:-જનાબ એક હામેલા ઔરતનો ઇન્તેકાલ થઈ ગયો છે,પરંતુ તેના પેટમાં એક જીવંત બાળક છે,એ ઔરતનું પેટ ચીરી તેમાંથી બચ્ચું કાઢી લે કે પછી એ જ હાલતમાં તેણીને દફન કરી દે?

શૈખે મુફીદે કહ્યુ:-"ઔરતને એજ હાલતમાં દફન કરી દયો."

આ સાંભળીને તે શખ્સ ચાલ્યો ગયો,હજી વધારે દુર ન હતા પોહ્ચ્યો કે અચાનક તેણે મેહસૂસ કર્યું કે કોઈ ઘોડે સવાર તેની પાછળ આવી રહ્યા છે,જયારે ઘોડે સવાર નઝદીક પહોચ્યા તો તેમણે કહ્યુ:-"એ શખ્સ!ઔરતના પેટને ચીરી અને બાળકને બહાર કાઢી લેવામાં આવે અને પછી તેણીને દફન કરી દેવામાં આવે. તે શખ્સ પરત આવ્યો અને ફતવા પ્રમાણે અમલ કર્યો.

અમુક સમય પછી ઘોડે સવારનો વાકેઓ શેખે મુફીદ અ.ર.ને બયાન કરવામાં આવ્યો તો આપે કહ્યુ:-"મેં કોઈ શખ્સને નોહતા મોકલ્યા અને યકીનન તેઓ હઝરતઈમામ મહદી અ.ત.ફ.શ. હતા,તો પછી તેનો મતલબ છે કે અમે

એહ્કામે શરઈમાં ભૂલ કરીએ છીએ માટે બેહતર એ છે કે આજ પછી ફતવો ન આપવામાં આવે,એમ કહીને આપે દરવાઝો બંધ કરી દીધો અને ઘરની બહાર ન નીકળ્યા અને શરમીંદગીનો એહસાસ કરવા લાગ્યા,પરંતુ હજી થોડો સમય વીત્યો ન હતો કે હઝરત ઈમામેં ઝમાના અ.સ. તરફથી શેખે મુફીદ અ.ર.ને એક લેટર મળ્યો જેનો અર્થ એ થતો હતો કે:-

"તમારું કામ ફતવો આપવાનું છે અને અમારું કામ સુધારણા કરવી છે,યકીન રાખો તમોને આ રીતે ભૂલ નહી થવા દઈએ" આ લેટર મળ્યા પછી આપે ફરીવાર ફતવો આપવાનું શુરુ કરી દીધું.

(બરકાતે હઝરત વલી એ અસ્ર અ.સ. પેજ.૧૭૨)

## ૪.ઇલ્મ હાંસિલ કરવાની નસીહત

એક શખ્સ જનાબ સય્યદ હાશિમના હવાલાથી નકલ કરે છે તેમણે ફરમાવ્યું:-

જે સમયમાં મારા પિતાનો ઇન્તેકાલ થઈ ગયો તો પુરા ઘરની જવાબદારી મારા પર આવી ગઈ,જયારે કે તે સમયે મારી આર્થિક હાલત બહુજ ખરાબ હતી,એક દિવસ સંજોગો એવા બન્યા કે મારા પિતાનો એક દોસ્ત કે જે "તબરેઝ" શહેરના રહેવાસી હતા,મને એક લાકડીઓનો ભારો આપ્યો,હું તે લાકડીઓને લઈને હાશમી કિલ્લે ગયો,રસ્તામાં મેં એક ખૂબસૂરત નુરાની સય્યદ શખ્સને જોયા,જે મારી તરફ આવી રહ્યા હતા,જયારે તેમની નઝદીક પહોંચ્યો તો મેં જોયું કે તેમના માથા પર કાળો અમામો અને કમર ઉપર લીલી ચાદર ઓઢેલી હતી,તેમના ચેહરા પરથી નુર જાહેર થતું હતું,જેનાથી મારી આંખો ફાટી ગઈ,હું ચોકી ગયો અને ડરી ગયો,તે સમયે તેઓએ મને કહ્યું:-

"સય્યદ હાશિમ દર્સ લીધા કરો,વાત શું છે કે તમે દર્સ નથી લેતા?તે એક સય્યદને એ શોભતું નથી કે તે અનપઢ રહે."

મેં જવાબ આપ્યો:-"જનાબ! હું ગરીબ માણસ છુ,મારી પાસે પઢવા લખવા માટે પૈસા નથી"

ફરમાવ્યું:-"તમે ઇલ્મ હાસિલ કરવા માટે મકતબ જવાનું શુરુ કરો અને રહી વાત પૈસાની તો હું મુલ્લા હાશિમને કહી દઉ છુ કે તે તમારા મકતબની ફી આપ્યા કરે અને તમે એ કિલ્લાવાસીઓને કહો કે તે મૌલાનાને તકલીફ શા માટે આપે છે?.

અમારી વચ્ચે વાતો થઈ રહી હતી કે તેમની આવાઝ આવતી બંધ થઈ ગઈ અને હજી તો મેં મારું સર ઉપાડીને જોયું કે તો તેઓ ત્યાં ન હતા તે પછી મારા ધ્યાન પર આવ્યું કે તેઓ કોઈ મામુલી આદમી ન હતા પરંતુ તે વક્તના ઈમામ હઝરતઈમામે ઝમાના અ.સ. હતા,મને તેઓના ગાયબ થવા પર ઘણોજ સદમો લાગ્યો અને દરેક બાજુ તેમને શોધ્યા પરંતુ તેમની ઝીયારતનો બીજી વખત શરફ ન મળ્યો.આખિરકાર આંખો નમાવી અને અફસોસ સાથે ઘરે આવ્યો અને એક ખૂણામાં બેસીને હઝરતને યાદ કરતા કરતા તેમની જુદાઈમાં રોવા લાગ્યો,મને ઘણો અફસોસ થયો કે મેં મારા મૌલા અને આકાને ઓળખી ન શક્યો,આ ગમની હાલતમાં બેઠો બેઠો રોતો હતો કે મારી માતા એ મને પૂછ્યું:-

શા માટે રડો છો?

મેં મારી માતાને પૂરો વાકેઓ બયાન કર્યો,હજી સમય પસાર નોહતો થયો કે અચાનક સકીના ખાતુન કે જે મુલ્લા હાશિમના ઘરે કામ કરતા હતા તેઓએ આવીને કહ્યુ:-“તમને મૌલાના બોલાવે છે”

આ સાંભળીને હું તરતજ ઉભો થયો અને મૌલાનાના ઘરની તરફ રવાના થયો,દરવાઝા પર પહોંચીને રજા માંગી અને અંદર દાખિલ થયો,સલામ બાદ તેઓએ ફરમાવ્યુ:-“સય્યદ હાશિમ કેમ છો? આજે તમે રસ્તા વચ્ચે કોની મુલાકાત કરી અને તેઓએ તમને શું કહ્યુ?’

આ સાંભળીને મને આશ્ચર્ય થયું કે આ વિષે તેઓને ક્યાંથી ખબર?જયારે કે આ વાત તો મેં કોઈને કહી ન હતી,અંતે મેં પૂરો બનાવ મૌલાનાને બયાન કર્યો.

આ સાંભળીને તેઓએ ફરમાવ્યું:-“મુબારક થાય તમને! તેઓ ઝમાના ઈમામ અ.સ. હતા,તેઓ હઝરતે મુજ ગરીબના ઘરે આવીને ઝીયારતનો શરફ બક્ષ્યો અને તમારા બારામાં મને વાત કરી,એટલે આજ પછી તમારો મકતબનો ખર્ચ હું ઉપાડીશ,તમે સુકુન સાથે મેહનતથી પઢો,પરંતુ એક વાત જરૂર યાદ રાખજો અને તે એ છે કે જ્યાંસુધી હું જીવતો રહું તમે આ રાઝને કોઈને નહી કહેતા,જ્યાં સુધી તેઓ જનાબ જીવતા રહ્યા મેં આ વાત કોઈને પણ બયાન ન કરી.”

(કરામાતે ઓલમાઅ પેજ.૧૭૮,ઇનાયતે હઝરત મહદી અ.ત.ફ.શ.
બે ઓલમાઅ વ તુલ્લાબમાંથી નકલ)

# ૫.દીદારનો શરફ

સય્યદ મોહમ્મદ તકી ક્તીફી કહે છે:-

એક દિવસ શબે જુમઆમાં મેં ઈરાદો કર્યો કે મસ્જીદે કુફામાં જાવ,ત્યાં સુધી કે તે ઝમાનામાં મસ્જીદે કુફાનો રસ્તો ઘણો ખતરનાક હતો, શાયદ આ કારણે જ તે રસ્તા પર લોકોની અવરજવર ઓછી હતી,આ રસ્તા પર ફક્ત તે લોકોનો જ ગુઝર રેહતો જે લોકો સમૂહમાં નીકળતા અને લુટારા અને ડાકુનો સામનો કરવાની તાકાત ધરાવતા હોય. હું તે રસ્તા પર નીકળી પડ્યો જયારે કે મારી સાથે ફક્ત એક તાલીબે ઇલ્મ હતા,જે સમયે અમે મસ્જીદમાં દાખિલ થયા તો ત્યાં ફક્ત એક મુત્તકી અને પરહેઝગાર આદમી હતા,અમે આમાલ વિગેરે શુરુ કર્યા ત્યાં સુધી મગરીબનો સમય થવા લાગ્યો,કારણકે હાલાત ખરાબ હતા માટે અમે ડરના કારણે દરવાઝો બંધ કરી અને તેની પાછળ પથ્થર અને ઇંટો વી. રાખી દીધું અને અમને સૌ એ સૌ ટકા યકીન અને ઇત્મેનાન થઈ ગયું હવે કોઈ દરવાઝો નહી ખોલી શકેઅમે ફરીથી અમારી જગ્યાએ પહોંચ્યા અને બાકીના આમાલ કરવા લાગ્યા,જયારે અમે આમાલ કરીને ફ્રી થયા તો હું અને મારો સાથી અમે "દ્ક્ક્તુલ કઝા"નામનાં મકામ (મસ્જીદે કુફાની એ જગ્યા હઝરત અમીરૂલ મોઅમેનીન અ.સ. ફેંસલો આપ્યા કરતા હતા),હું કિબલા તરફ ચેહરો કરીને બેઠી ગયો,તે સમયે તે માણસ મસ્જીદના ઓટલા પર બેઠા બેઠા ગીડગીડાવીને દુઆએ કુમૈલ પઢતા હતા,રાતમાં ચાંદ નીકળી રહ્યો હતો, અને વાતાવરણમાં રોશની નઝરે પડતી હતી,અચાનક મારા દિલમાં ખ્યાલ આવ્યો અને મેં આસમાન તરફ નિગાહ કરી જ હતી કે મને સરસ મજાની ખુશ્બુ મેહસૂસ થઈ,જેણે પુરા વાતાવરણને સુગંધિત બનાવ્યું હતું,તે ખુશ્બુ મુશક અને અંબર કરતા પણ વધારે સારી હતી,પછી મેં એક નુર જોયું જેની નુરાનીય્યતે ચાંદની રોશનીને પણ આવરી લીધી,હું આ જોઈજ રહ્યો હતો કે તે શખ્સની આવાઝ આવતી બંધ થઈ ગઈ જે દુઆ એ કુમૈલ પઢી રહ્યા હતા,(બસ હજી તો મેં પાછુ ફરીને જોયું),તો એક જલીલુલ કદ્ર શખ્સ દેખાણા જે દરવાઝા તરફથી આવી રહ્યા હતા તેઓએ હિજાજ શહેરનો લિબાસ પેહરેલો હતો,તેઓના ખભા પર મુસલ્લો હતો અને તેઓ રોઅબ અને દબદબા અને શાન અને શૌકત સાથે દરવાઝા તરફ ચાલવા લાગ્યા જે દરવાઝો જનાબે મુસ્લિમના હરમ પાસે ખૂલતો હતો,તે સમયે મારી હાલત ગંભીર થઈ ગઈ,તે હઝરતના નુરાની ચેહરાને જોઈ અમારી આંખો ચોટી ગઈ અને હોશ ખોઈ

બેઠા,જયારે તેઓ અમારી સામે આવ્યા તો સલામ કરી અને મારો સાથી એટલા પ્રમાણમાં હોશ ખોઈ બેઠો હતો કે સલામના જવાબ દેવાની તેનામાં તાકાત પણ ન હતી,ત્યાં સુધી કે હું પણ પ્રભાવિત હતો પરતું મેં પણ હિંમત અને કોશીશ કરીને સલામનો જવાબ આપ્યો.

જયારે તેઓ હઝરત મુસ્લિમના સેહનમાં પહોંચ્યા ત્યારે અચાનકથી અમે હોશમાં આવ્યા અને એકબીજાથી પૂછવા લાગ્યા:-"આ શખ્સ કોણ હતા અને તેઓ કેવી રીતે મસ્જીદમાં દાખિલ થયા જયારે કે મસ્જીદના દરવાઝા એ રીતે બંધ કર્યા હતા કે તેમનું ખુલવું શક્ય જ નથી,અમે આ રીતે વાતો કરતા કરતા એ શખ્સની પાસે પહોંચ્યા જે પેહલા દુઆ એ કુમૈલ પઢતા હતા,પરંતુ આ વખતે અમે જોયું કે એક મુશ્કેલીમાં ફસાયેલો માણસની જેમ રડતા હતા,અમે તેમને કહ્યું:-"વાત શું છે?તમે શા માટે રડી રહ્યા છો?"

તેમણે જવાબ આપ્યો કે:-"હું લગાતાર ચાલીશ શબ જુમઆ,હઝરત ઈમામે ઝમાના અ.સ.ની મુલાકાત માટે આ મસ્જીદે કુફામાં આવું છુ અને આ ચાલીશમી શબ છે પરંતુ મને અફસોસ થાય છે કે હજી સુધી મને ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારતનો શરફ હાસિલ નથી થયો,ચોક્કસ કે આજે હું દુઆ પઢવામાં મશગુલ હતો કે અચાનક મેં જોયું કે એક શખ્સ મારી નઝદીક ઉભા રહ્યા અને મને કહ્યું કે:-"શું પઢી રહ્યા છો?

મારા પર તેમનો રોઅબ અને દબદબાની અસર થઈ,જેના લીધી હું જવાબ ન આપી શક્યો અને તેઓ ચાલ્યા ગયા જે રીતે તમે લોકોએ જોયું.

તે સમયે અમે ત્રણેય મસ્જીદના દરવાઝા તરફ ગયા,પરંતુ મેં જોયું કે દરવાઝો એ જ રીતે બંધ છે અને તેની પાછળ ઇંટો અને પથ્થર વી. રાખેલા છે પછી એ સમયે મારા ધ્યાનમાં આવ્યું કે તેઓ હઝરત જ ઈમામે ઝમાના અ.સ. હતા પરંતુ અફસોસ કે અમે તેમને ઓળખી ન શક્યા.

(બરકાતે હઝરત વલીએ અસ્ર અ.સ. પેજ.૧૫૦)

## ૬.ઝીયારતે વારીસા અને ઈમામે ઝમાના અ.સ.નો ગીર્યા

જનાબ મૈનું બયાન કરે છે:-

હું ઘણી વખત ઝીયારત માટે કરબલા ગયો,એક વખત મેં વિચાર્યું કે આ વખતે ઈમામ હુસેન અ.સ.ના સીરહાને દુઆ કરીશ જ્યાં દુઆ તરતજ પૂરી

થાય છે જેથી ઈમામેં ઝમાના અ.સ.ની ઝીયારતનો શરફ મળી શકે અને ઇન્શાઅલ્લાહ ખુબજ ધ્યાન આપીને ઝીયારત પઢું.

સૌથી પેહલા હું નેહરે ફૂરાત પર પહોંચ્યો,ત્યાં મેં ગુસ્લ કર્યું અને કપડા પણ ધોયા પછી હું ઈમામ હુસૈન અ.સ.ના હરમે મુબારક તરફ રવાના થયો,રસ્તામાં બસ એજ વિચારી રહ્યો હતો કે આજે દુઆ કરીશ અને ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારતનો શરફ મળશે.અંતે હું ઈમામ હુસૈન અ.સ.ના હરમે મુબારકમાં પહોંચ્યો ત્યાં દિલમાંને દિલમાં જ કહી રહ્યો હતો.:-ખુદા કરે આજે કોઈ મુશ્કેલી ન આવે કારણકે અમુક અભણ અરબ આવતા અને કેહવા લાગતા કે થોડા અવાઝ સાથે ઝીયારત પઢો જેથી અમે પઢી શકીએ.

મેં પાક્કો નિર્ણય કર્યો કે ઇઝ્ને દુખુલ પઢયા પછી ઝીયારતે જામેઆ પઢીશ.પરંતુ હજી હરમમાં પહોંચીને ઇઝ્ને દુખુલ પઢવા હજી જઈ રહ્યો હતો કે એક અરબ આવ્યા અને કેહવા લાગ્યા:-જનાબ! થોડી ઉચી આવાઝે પઢો જેથી હું પણ તમારી સાથે ઝીયારત પઢી લવ.

આ સાંભળીને થોડોક ગુસ્સો આવ્યો કારણકે હું ચાહતો હતો કે એકલો ઝીયારત પઢું,પરંતુ મેં વિચાર્યું કે આ માણસ માટે નાની ઇઝ્ને દુખુલ પઢી દઉ,કારણકે આ ઈમામે હુસેન અ.સ.નો ઝાએર છે અને તેના પછી એક મોટી ઝીયારત પઢીશ,પછી મેં ઇઝ્ને દુખુલ પઢયુ અને હરમમાં દાખિલ થયા અને મુક્કદ્દસ ઝરીઅની સામે ઉભા રહીને તે શખ્સને પૂછ્યું:-"તમારા માટે કઈ ઝીયારત પઢું?"

તેઓએ કહ્યું:-ઝીયારતે વારીસા

મેં ઝીયારત પઢવાની શુરુ કરી દીધી,પરંતુ મારૂ પેહલુ વાક્ય

أسلام عليك يا وارث آدم صفوت الله

મારી ઝબાનથી નીકળ્યું કે તે શખ્સે રોવાનું શુરુ કરી દીધું,પછી જેમ જેમ હું ઝીયારત પઢતો ગયો તે શખ્સનું રૂદન ઘણુંજ વધી ગયું ત્યાં સુધી કે હું આ વાક્ય પર પહોંચ્યો:-

أسلام عليك يا ثأر الله وأبن ثأره

અને તેઓ એવી રીતે રડતા હતા કે તેમના રડવાના લીધે હું પણ અસરઅંદાઝ થયો કે રડતા રડતા મારી સ્થિતિ પણ ખરાબ થઈ ગઈ અને ખુબજ રડવાને લીધે હું ઝીયારતને ચાલુ ન રાખી શક્યો.

હું અટકી અટકીને એક એક વાક્ય પઢતો હતો અને ધ્રુસકે ધ્રુસકે રડતો હતો,હું દિલમાને દિલમાં વિચાર કરતો હતો અને કેહતો હતો કે કોઈ મુશ્કેલી ન મળે,પરંતુ આ શખ્સના લીધે મારા પર એક અજીબ અસરાત જાહેર થયા.ઝીયારત પઢતા પઢતા મેં અમુક નુરને જોયા જેણે હરમે મુબારકને ઘેરી લીધેલ હતા,આ જોઇને હું વિચારવા લાગ્યો કે મારી આંખોમાં આંસુ છે માટે મને એવું દેખાઈ રહ્યું છે.

અંતે મેં મહા મુશ્કેલીએ ઝીયારત પૂરી કરી અને અમે બન્નેએ ઈમામ હુસૈન અ.સ.ની ઝરીએ પાકની નઝદીક આવ્યા જેથી ઝીયારતની નમાઝ પઢીએ,મેં બે રકાત નમાઝ પઢયા પછી તે શખ્સ તરફ મોઢું ફેરવ્યું જેથી કરીને તેમને એ જણાવું કે નમાઝ પછી દુઆ પણ છે જેને જરૂર પઢવી જોવે.પરંતુ જેવુ મોઢું ફેરવ્યું તો જોયું કે ત્યાં તો કોઈ જ નથી,મને વિચાર આવ્યો કે ઝરીએ પાકનો તવાફ કરી રહ્યા હશે,પછી હું તરત જ ઉભો થયો અને તેઓને જોઈને મેં પણ એક તવાફ કર્યો પરંતુ તેઓ ન દેખાણા,મેં બીજી વખત ફરી તવાફ કર્યો કે શાયદ આ વખતે મળી જાય પરંતુ બીજીવાર પણ જોવા ન મળ્યા.

આ જોઇને હું ઘણો જ આશ્ચર્યમાં પડી ગયો કે હજી તો હમણાં જ મારી સાથે હતા અને થોડીક વારમાં ખબર નહી કે ક્યાં ચાલ્યા ગયા,પછી હું તેઓને શોધવા માટે હરમની બહાર આવ્યો પરંતુ ત્યાં પણ ન મળ્યા હું ઘણો જ પરેશાન થઈ ગયો અને ખાદીમ (ચપ્પલ ભેગી કરનાર)ની પાસે આવ્યો. અને તેમને પૂછ્યું:-હમણાં થોડીકવાર મારી સાથે ફલાણા ફલાણા (આવી લંબાઈ અને કદના) આવા એક અરબ માણસ હરમમાં આવ્યા હતા શું તમે તેમને જોયા?

ખાદીમે કહ્યું:-મેં તમારી સાથે ખરેખર કોઈ આદમીને નથી જોયા.

તે સમયે મારા મગજમાં આવ્યું કે તે મારા મેહબૂબ અને પ્રેમાળ હઝરત ઈમામે ઝમાના અ.સ. હતા.

ત્યાર પછી મારી પરેશાનીનું કોઈ ઠેકાણું ન રહ્યું અને મારા પર એક અજીબો ગરીબ અસર થઈ અને હું વિચારવા લાગ્યો કે અંતે હું તેમને ક્યાં તલાશ કરું,હું ફરીવાર હરમમાં અંદર દાખિલ થયો જેથી હું તેઓને શોધી શકું પરંતુ તેઓ ક્યાય ન દેખાણા,હું ઝડપથી દરેક બાજુ શોધતો રહ્યો પરંતુ કોઈ બાજુ ન મળ્યા,હું ઝરીએ પાકની નઝદીક ગયો અને રડી રડીને દુઆ કરતો હતો કે બીજી વખત ફરી ઝીયારતનો શરફ મળે.હું કેહતો હતો:-મૌલા!,હું આ રીતે

તમારી ઝીયારત કરવા નથી ચાહતો હું ઈચ્છું છુ કે એવી હાલતમાં તમારી ઝીયારત કરુ કે આપને ઓળખતો પણ હોઉ,મારા મૌલા અને આકા!હું એ સમય સુધી ઝરીઅ નહી છોડીશ જ્યાંસુધી બીજીવાર તમારી ઝીયારતનો શરફ હાંસિલ ન કરી લઉ.હજી હું દુઆ કરી રહ્યો હતો કે અચાનક એક હાથ બહાર આવ્યો અને મારી એ આંગળી કે જે દુઆ માટે ઉંચી કરેલી હતી તેને પકડી ને કહ્યુ :-إس‍ءلك ألدعاء હું તમારાથી દુઆનો સવાલ કરું છું. હજી તો પલટીને જોયું તો ખરેખર કોઇ શખ્સ મૌજુદ ન હતું પરંતુ આ વખતે મૌલાની ઝબાનથી અદા થનાર આ શબ્દોથી મારા દિલમાં સુકુન અને ઇત્મેનાન મળ્યું અને પછી મેં વિચાર્યું કે મારા આકા અને મૌલાને મળવા માટે આનાથી વધારે હું લાયકાત નથી ધરાવતો.

(મુલાકાત બા ઈમામે અસ્ર અ.સ. પેજ.૩૨૪)

## ૭.ઈમામે ઝમાના અ.સ.નો ગીર્યા

શૈખ અબ્દુઝ્ઝેહરા કઅબી પોતાના સમયના મશહુર અને પ્રખ્યાત ખતીબ હતા,માટે તેઓ બયાન કરે છે:-

એક દિવસ હું ઝોહર પછી હઝરત ઈમામ હુસૈન અ.સ.ના હરમે પાક ગયો.મેં જોયું કે એક શખ્સ હરમના સેહનમાં એક રૂમની નઝદીક દીની કિતાબો વેચી રહ્યા છે,ત્યાં સુધી કે હું તેમને પેહલેથી જ ઓળખતો હતો,જેવો તેમણે મને જોયો કે તરતજ કેહવા લાગ્યો:-

જનાબ! તમારા મતલબની એક કિતાબ છે,અગર તમે તેને ખરીદી લ્યો તો તમને ફાયદો થશે,તેની અંદર ઘણા સારા સારા અશઆર છે અને હું તમારાથી તેની કીમત પણ નહી લઉ,તમે ફક્ત મને એક વખત વાંચી સંભળાવો.

મેં કિતાબ લીધી,જેવી ખોલી તો જાણવા મળ્યું કે તેની અંદર ઇબ્ને અરન્દ્સ હિલ્લીનો કસીદો છે,જે થોડાક દિવસો પેહલા મારાથી ગુમ થઈ ગયો હતો અને હું ઘણા સમયથી તેને શોધતો હતો,મેં તરતજ તે કિતાબ લઈ લીધી અને કહ્યુ:-"સારુ! હું તમને પઢીને સંભળાવું છુ,જેવું મેં વાચવાનું શુરુ કર્યું તો મેં મેહસૂસ કર્યું કે મારી બાજુમાં કોઈ સય્યદ અરબ ઉભા છે જે અશઆર સાંભળીને રડી રહ્યા છે,હું વાચતા વાંચતા આ બે મિસરા સુધી

أيقتل ظمأنا حسين بكربل　　　　وفى كل عضو من أنامله بحر

**શું ઈમામ હુસૈન અ.સ.ને કરબલામાં પ્યાસા કત્લ કરી દેવામાં આવે છે. જ્યારેકે તેમની દરેક આંગળીની ટોચ એક સમંદર ધરાવે છે.**

પ્યાસા પહોંચ્યો હતો કે તે સય્યદ અરબ ખુબજ દર્દનાક રીતે રડવા લાગ્યા અને હઝરત ઈમામ હુસેન અ.સ.ની મુક્કદ્દસ ઝરીઅનું રુખ કરીને આ શેઅર દોહરાવતા,એ રીતે રડતા હતા કે જેવી રીતે એક ઔરતનો જવાન દીકરો મરી ગયો હોય,બસ પછી જેવા મેં અશઆર પુરા કર્યા અને તે સય્યદ અરબની તરફ જોયું તો તે ત્યાં હાજર ન હતા,આ જોઇને મને ઘણો અચંબો થયો કે હજી હમણાં તો મારી નઝરની સામે ઉભા ઉભા રડતા હતા હવે અચાનક ક્યાં ગાયબ થઈ ગયા? મેં તે દુકાનદારને પૂછ્યું એક શખ્સ જે મારી બાજુમાં ઉભા હતા અને રડતા હતા તેઓ ક્યાં ગયા?

તેણે કહ્યુ:-"મેં કોઈ આદમીને તમારી બાજુમાં રડતા નથી જોયા.

મને વિચાર આવ્યો કે બની શકે તેઓનું ધ્યાન તે તરફ ન હોય,માટે હું તેઓની તલાશ કરતા કરતા અંદરથી બહાર આવ્યો,પછી હરમની તરફ દરેક જગ્યાએ તેમને શોધ્યા પરંતુ ક્યાય ન દેખાણા,પછી મને યકીન થયું કે તેઓ જનાબ હઝરત ઈમામ મહદી અ.ત.ફ.શ. હતા.

(રેફ.શીફ્તગાને હઝરત મહદી અ.ત.ફ.શ. ભા.૩,પેજ ૧૭૩)

## ૮.મુલાકાતની શબ

મૌલાના સય્યદ મોહમ્મદ બાકીર મુસવી કહે છે:-

હી.૧૩૩૭ અથવા ૧૩૩૮માં મશહદે મુક્કદ્દસ હઝરતઈમામ રેઝા અ.સ.ની ઝરીએ પાકની નઝદીક મારી એક આલીમે દીન સાથે મુલાકાત થઈ,તેમની ઉમ્ર અંદાજે ૫૦ વર્સ હતી,સલામ બાદ અમે અંદરોઅંદર વાતો કરવા લાગ્યા,વાતચીત દરમ્યાન મેં મેહસૂસ કર્યું આ શખ્સ ખુબજ નેક છે,ત્યાં સુધી કે તેઓએ મને એક વાકેઓ બયાન કર્યો:-

"ખૈરાત ખાન" નામી સંસ્થામાં મારો એક દોસ્ત હતો,એક વખત તેને વતન જવાનું આયોજન થયું,તેણે મને કહ્યુ:-"હું અમુક દિવસો માટે મારા વતન જાવ છુ,તમે મારા રૂમમાં રાતવાસો કરજો.

મેં કહ્યુ:-"ઠીક છે,જયારે તે પોતાના વતન ચાલ્યો ગયો,તો એક દિવસ હું વેહલી રાત્રે હઝરત ઈમામ અલી રેઝા અ.સ.ની ઝીયારત માટે હરમ ગયો.ઝીયારત,દુઆ,કુરઆન વી.પઢવામાં હું મશગુલ હતો.જયારે મારે ઘણું મોડું થઈ ગયું,પછી હું બહાર આવ્યો પછી મને યાદ આવ્યું કે મેં વાયદો કર્યો હતો કે રૂમમાં સુતો રહીશ પરંતુ અત્યારે તો ઘણી રાત થઈ છે અને દરવાઝો

પણ બંધ થઈ ગયો હશે,હવે શું કરવું જોઈએ? આવા વિચારો મારા મગજમાં આવવા લાગ્યા ત્યાં સુધી કે હું અફસોસ સાથે હું મદ્રેસા તરફ ચાલવા લાગ્યો,મદ્રેસા પર પહોંચીને જેવો મેં દરવાઝો પર હાથ રાખ્યો તો તરતજ ખુલી ગયો,આ જોઇને મને ઘણી ખુશી મળી,મને વિચાર આવ્યો કે આજે ખાદીમ દરવાઝો બંધ કરવાનું ભૂલી ગયો લાગે છે.જયારે હું અંદર દાખિલ થયો તો મેં જોયું કે મદ્રેસામાં હ્વઝની પાસે બે આદમી ઉભા છે,તેમાં એક ઝઈફ અને બીજા જવાન હતા,એમને જોઈને હું વિચારવા લાગ્યો કે આ લોકો કોણ છે?જે રાતના સમયે અહિયાં ઉભા છે?તે સમયે મેં જોયું કે તેમના ચેહરા પરથી નુર પ્રસરી રહ્યું છે,જેનાથી મદ્રેસાનો અંધકાર અને વાતાવરણ રોશન છે,આ જોઇને મને ઘણું જ આશ્ચર્ય થયું એવામાં તે જવાને મને મારું નામ લઈને કહ્યું:-કેમ છો?

મેં જવાબ આપ્યો:-"અલ્હમ્દોલીલ્લાહ સારું છે"

ફરમાવ્યું:-"અગર કોઈ પરેશાની હોય તો કહો"

તે પછી તેઓ મુસ્કુરાહટ સાથે મારી સાથે વાતો કરવા લાગ્યા,હું તેમને જોઈને એટલો બધો ડરી ગયો કે મારી તમામ પરેશાની અને જરૂરતો ભૂલી ગયો.મેં કહ્યુ:-"મને કોઈ પરેશાની નથી,તમારો શુક્રિયા"

મેં તેમના તરફ મોઢું કરીને ઉભો હતોકે તેઓ મદ્રેસાના દરવાઝા તરફ ચાલ્યા,જયારે તેઓ મારી નઝદીકથી પસાર થયા તો તે ઝઈફ માણસે મને કહ્યું:-"તમે તેમને ઓળખ્યા કે તેઓ કોણ છે?"

મેં કહ્યુ:-"નહી"

ફરમાવ્યું:-"આ તમારા ઝ્માનાના ઈમામ અ.સ. છે,અગર કોઈ પણ જાતની જરૂરત હોય તો કહો,તે પછી પણ મારી અકલ કઈ કામ ન કરી,માટે કઈ ન બોલી શક્યો,જેવા તે મદ્રેસાથી બહાર નીકળ્યા તો એકદમથી મને હોશ આવ્યો અને હું દરવાઝા તરફ દોડ્યો બસ જેવો હું દરવાઝા તરફ પહોંચ્યો તો જોયું કે દરવાઝો બંધ છે અને અંદરથી લોક લાગેલો છે,આ જોઇને મારી પરેશાનીનો પાર ન રહ્યો કે કઈ રીતે તેઓ બહાર નીકળ્યા જયારે કે દરવાઝો તો બંધ છે,પછી મેં દરવાઝો ખોલ્યો અને બહાર નીકળીને તેમને જોવા લાગ્યો પરંતુ તેઓ ક્યાય ન દેખાણા ,પછી મારા મગજમાં આવ્યું કે યકીનન તેઓ ઈમામે ઝમાના અ.સ. હતા પરંતુ અફસોસ કે હું તેમને ઓળખી ન શક્યો.

(રેફ.શીફ્તગાને હઝરત મહદી અ.ત.ફ.શ. ભા.૨,પેજ ૩૨૮)

## ૯.ઈમામે ઝમાના અ.સ. અને મુશ્કિલ તવાફનો હલ

આયતુલ્લાહ સય્યદ મહદી મુર્તઝ્વી લંગોદરી નું બયાન છે:-

અમુક વર્ષો પેહલા જયારે હું પેહલી વખત હજ કરવા ગયો તો મેં ઘણી મેહનત અને કોશિશ કરી કે જાફરી મઝહબના પ્રમાણે તવાફ કરું,પરંતુ હું કામયાબ ન થયો કારણકે અમુક લોકો તવાફનો આદર કરતા ન હતા અને હાજીઓને પણ ક્યારેક એક તરફ તો ક્યારેક બીજી તરફ ધક્કામુક્કી કરતા હતા ત્યાં સુધી કે હું પણ પૂરી કોશિશ કરતો હોવા છતાં તવાફ કરી શકતો ન હતો. ઘણી વખત પાંચ ચક્કર લગાવવામાં કામયાબ થયો પરંતુ છઠ્ઠા ચક્કરમાં ફરી જતો,જયારે ઘણીવખત આવું થયું તો મેં આશા છોડીને મસ્જીદુલ હરામના એક ખૂણામાં બેઠીને રડવા લાગ્યો.હું ખુદાવંદે આલમથી તવસ્સુલ કરતા કરતા દુઆ કરી કે:-"ખુદાયા! હું તને અંબીયા અને અઈમ્માહ અ.મુ.સ.ની કસમ આપીને કહું છુ કે ઈમામે ઝમાના અ.સ.ને મારી મદદે મોકલ."

હજી થોડો સમય પસાર ન થયો કે મેં જોયું કે મારી નઝદીક એક શખ્સ આવ્યા અને મારું નામ લઈને કહ્યુ:-"શું તમે તવાફ કરવા માંગો છો?

મેં કહ્યુ :-"હા"

ફરમાવ્યું:-"ચાલો મારી સાથે તવાફ કરો"

તેમની સાથે કે બુઝુર્ગ શખ્સ હતા કે જેણે ખિઝાબ કરેલો હતો,મેં તેમને કહ્યું:-"જનાબ!તવાફ કરવો ખરેખર શક્ય નથી."

ફરમાવ્યું:-"શા માટે નહી?"આવો અમારી સાથે ચાલો"

મેં કહ્યુ:-"જનાબ!અગર તમારી રઝામંદી હોય તો તમારો એહરામ પકડી લવ,જેથી જે રીતે તમે તવાફ કરશો એ રીતે હું તમારી પાછળ પાછળ તવાફ કરતો રહીશ."

તેમણે કહ્યુ:-"કઈ વાંધો નહી,આવો"

મેં કહ્યુ:-"જનાબ!આ રીતે તો આ બુઝુર્ગ મારી પાછળ રહી જશે"

ફરમાવ્યું:-"કઈ વાંધો નથી,તમે પયગમ્બર સ.અ.વ.ની ઔલાદમાંથી છો, માટે તેઓ તેમાં રાઝી રેહશે અને પછી મેં સય્યદનો એહરામ પકડી લીધો અને પછી તવાફ કરવા લાગ્યો,આ રીતે હું વચ્ચે હતો કે તે જવાન આગળ અને પાછળ તે બુઝુર્ગ હતા.

તવાફની દરમ્યાન મેં જોયું કે અમારી આગળ અને આજુબાજુ કોઈ નથી અને એવું લાગી રહ્યું હતું કે જાણે કે અમારી માટે ખાલી કરી દેવામાં આવ્યું

હોય,પરંતુ હું પણ સમજી શકતો ન હતો કે આ બુઝુર્ગવાર કોણ છે?ત્યાં સુધી કે તેઓએ કહ્યં:-"સાત ચક્કર પુરા થઈ ગયા,હવે હજરે અસ્વદને ચૂમો.

મેં કહ્યુ:-"શાયદ છ ચક્કર થયા છે ન કે સાત.બસ એટલું કેહવું અને તેઓ તરફ ધ્યાન કર્યું તો તેઓ ત્યાં ન હતા એ સમયે મને એક ગૈબી આવાઝ સંભળાણી:-"તમે હઝરત ઈમામે ઝમાના અ.સ.ની સાથે તવાફ કર્યો છે શંકા ન કરો,પછી મને ઘણો અફસોસ થયો કે હું ઘણા સમય સુધી મારા આકા અને મૌલા સાથે રહ્યો પરંતુ હું તેમને ઓળખી ન શક્યો."

(રેફ.શીફ્તગાને હઝરત મહદી અ.ત.ફ.શ. ભા.૨,પેજ ૧૮૨)

# ત્રીજો ભાગ

# શિફા

## ૧.બિમારને શિફા

મરહુમ મૌલાના મીરજહા કોઈ બિમારીની અંદર સખ્ત રીતે ફસાયેલા હતા,ઘણીવખત ઇસ્ફેહાન,તેહરાન અને ખુરાસાન ઈલાજ માટે મુસાફરી કરી પરંતુ કોઈ ફાયદો ન થયો,તેઓ કહે છે:-

એક દિવસ અમુક દોસ્ત મારા ઘરે આવ્યા અને મને "શીરોન"(ઈરાનનું એક શહેર) લઈ ગયા અને વળતી વખતે "કૂચાન" (ઈરાનનું એક શહેર) માં ઉતર્યા,ત્યાં શહેરની બહાર એક ઈમામની ઔલાદમાં "ઈબ્રાહીમ"નો રોઝો હતો,અમે ઝિયારત માટે ત્યાં પહોંચ્યા.ત્યાંનું વાતાવરણ સરસ હતું,ધીમી ધીમી હવા ચાલતી હતી,દોસ્તોએ કહ્યું:-"બપોર સુધી અહીયાજ રોકાઈએ આ જગ્યા સરસ છે."

મેં કહ્યુ:-"સારું જેવું તમને ઠીક લાગે"

પછી તે લોકો જમવાનું બનાવવાની તૈયારીમાં લાગી ગયા.

મેં કહ્યુ તમે લોકો જમવાનું તૈયાર કરો ત્યાં સુધીમાં હું નહેર પર જઇને હાથ મોઢું ધોઈને આવું છુ.

તેઓએ કહ્યુ:-"નહેર ઘણી દુર છે તમારે ત્યાં પહોંચવામાં પરેશાની થશે."

મેં કહ્યુ:-"ધીમે ધીમે ચાલીશ ઇન્શાલ્લાહ વાંધો નહી આવે,પછી હું ધીમે ધીમે નહેર તરફ ચાલ્યો જેથી કરીને પગમાં દુખાવો ન થાય.નહેર પર પહોચ્યો,વુઝું કર્યું અને પછી નહેરના કિનારે કુદરતી નઝારો જોવા બેસી ગયો.અચાનક મેં જોયું કે એક શખ્સ મારી તરફ આવી રહ્યા છે,તેઓ મારી નઝદીક આવ્યા અને મને સલામ કરી અને કહ્યુ:-

મીર જહાં!તમે તો માશાલ્લાહ દુઆ અને દવા કરવાવાળા છો પરંતુ હજી સુધી તમારા પગનો ઈલાજ નથી કરી શકયા,શું તમે ઈચ્છો છો કે હું તમારા પગનો ઈલાજ કરી દઉં"

મેં કહ્યુ:-"એ તો ખુશીની વાત છે,તમારો ઘણો એહસાન થશે,તેઓ મારી નઝદીક આવી અને બેસી ગયા અને ખિસ્સામાંથી એક ચાકુ કાઢી મને જ્યાં દર્દ થતું હતું ત્યાં ફેરવ્યું અને પછી ઉપરથી નીચે તરફ ફેરવતા ગયા ત્યાં સુધી કે પગના નીચેના હિસ્સા સુધી લાવ્યા અને થોડુક દબાવ્યું જેનાથી મને ઘણો

દુખાવો થયો અને મેં દર્દનાક અવાઝ કરી,તે પછી તેમણે ચાકુને એક તરફ કરી અને કહ્યું:-"હવે તમને સારું થઈ ગયુ છે"

હું લાકડીના ટેકે ઉભો થવા ચાહતો હતો કે તેઓએ મારા હાથમાંથી લાકડીને લઈને નહેરમાં ફેંકી દીધી,પછી મેં જોયું કે મારો પગ એકદમ સારો થઈ ગયો,હું આસાનીથી ઉભો થયો અને મારા પગમાં જીણો એવો દુખાવો પણ ન હતા,મેં તેમને પૂછ્યું:-"તમે ક્યાંના રહેવાસી છો?"

તેમણે ચારેબાજુ ઈશારો કરીને કહ્યુ:-અહીજ રહું છુ"

મેં કીધુ:-"અગર હું તમને મળવા ઈચ્છું તો ક્યાં મળી શકું?"

જવાબ દીધો:-"મારું એડ્રેસ તમારી સમજમાં નહી આવે,પરંતુ મને તમારા એડ્રેસની ખબર છે,એમ કહીને મારું પૂરું એડ્રેસ તેમણે મને બતાવ્યું અને પછી કહ્યુ:-"જયારે પણ જરૂર પડશે હું ખુદ તમારી પાસે આવી જઈશ,આમ કહીને તેઓ હઝરત હજી અમુક પગલા ચાલ્યા જ હતા કે તેજ સમયે મારા દોસ્તો ત્યાં પહોંચી ગયા અને કેહવા લાગ્યા:-તમારી લાકડી ક્યાં છે?"

મેં કહ્યુ:-"તમે લોકોએ મારા આકા અને મૌલાને જોયા?"

જવાબ આપ્યો:-"નહી"

મેં કહ્યુ:-"તેઓ હજી હમણાં જ અહિયાં હતા,તેઓએ મને શિફા આપી છે અને હવે હું બિલકુલ ઠીક થઈ ગયો,આ સાંભળીને તેઓ આજુબાજુ ઘણી તલાશ કરી પરંતુ મારા મૌલા અને આકા ન મળ્યા.

(રેફ.શીફ્તગાને હઝરત મહદી અ.ત.ફ.શ. ભા.૧,પેજ ૨૪૦)

## ૨.કુરઆને કરીમની તિલાવતની તાકીદ

શૈખ મોહમ્મદ માંઝંદરાની (ર.અ.) હાએરી કહે છે:-"મારી શાદી થયાના અમુક દિવસ પછી શલની બીમારી માં મુબ્તેલા થઈ ગયો,જેના પરિણામે મને એટલી બધી અશક્તિ આવી ગઈ મારામાં ઘરથી બહાર નીકળવાની શક્તિ અને તાકાત ન હતી રહી,પરંતુ મારો રોજીંદો નિયમ હતો કે અસ્રના સમયે ઝીયારત માટે જરૂર જતો હતો,પરંતુ કમઝોરી એટલી આવી ગઈ હતી કે ત્યાં વધારે સમય હું રોકાઈ શકતો ન હતો પરંતુ ઘરે જલ્દી આવી જતો હતો,મારી આદત પ્રમાણે મારા ઘરવાળા ઘરની અગાસી પર બિસ્તર તૈયાર કરી રાખતા હતા,જયારે હું ઝીયારત કરીને પાછો આવતો તો તરતજ ઘરની અગાસી પર જઇને સુઈ જતો હતો,એક દિવસ એવું બન્યું કે હું ઝીયારત માટે ગયો અને

પાછો આવીને બિસ્તર પર સુતો હતો કે એક શખ્સ કે જે સય્યદ મહદી કઝ્વીની જેવી શકલના લાગતા હતા.કોઈને પણ કહ્યા વગર મારી પાસે છત ઉપર આવ્યા,આ જોઇને મને ઘણું આશ્ચર્ય થયું,મેં વિચાર કર્યો કે તેમનો અદબ અને એહ્તેરામમાં ઉભો થાવ અને લેડીઝને કહી દઉ કે તેઓ ઉપર ન આવે,પરંતુ તેઓએ હાથના ઈશારે કહ્યું ચુપ રહો,પોતાની જગ્યાએથી ઉભા ન થાવ,એમ કહીને તેઓએ મારા કપાળ પર હાથ રાખીને કહ્યુ:-

હવે તમને કેમ છે? અને પછી ફરમાવ્યું:-"કુરઆને કરીમની વધુને વધુ તિલાવત કરો"

મેં તે જ સમયે મેહસૂસ કર્યું કે મારી બીમારી બિલકુલ ચાલી ગઈ,પરંતુ અચાનક મારું ધ્યાન ગયુ કે તેઓ ત્યાં હાજર ન હતા,ચારે બાજુ જોયું ત્યાં સુધી કે ઘરના લોકોને પૂછ્યું દરેકે એજ કહ્યુ કે અમેં અહિયાં કોઈને આવતા કે જતા નથી જોયા,મારા મગજમાં આવ્યું કે આ મારા આકા અને મૌલા હઝરત ઈમામેં ઝમાના અ.સ. હતા,પછી દરેક બાજુ જોયું પણ ક્યાંય ન મળ્યા.

(રેફ.બરકાતે વલીએ અસ્ર અ.સ. પેજ.૨૩૬)

## ૩.લાઈલાજ નો ઈલાજ

આયતુલ્લાહ શૈખ કઝવીની મુજ્તબા જણાવે છે:-

મૌલાના સય્યદ મોહમ્મદ બાકીર દામગાની મશહદમાં રહેતા હતા અને તે મરહુમ આયતુલ્લાહ મિર્ઝા મહદી ગરવી ઇસ્ફેહાનીનાં સ્ટુડન્ટ હતા,તેઓ ઘણા વર્ષોથી સલની બીમારી (એવી બીમારી કે જેમાં ફેફસામાં ઝખ્મ લાગેલું હોય અને મોઢામાંથી ખૂન વેહ્તું હોય)માં સપડાયેલ હતા,જેના લીધે ઘણા કમઝોર અને અશક્ત થઈ ગયા હતા,તેઓએ તેનો ઘણો ઈલાજ કરાવ્યો પરંતુ ફાયદો ન થયો ત્યીસુધી કે હવે સારું થવાની ઉમ્મીદ છોડી દીધી,એક દિવસ અચાનક મેં જોયું એકદમ ઠીકઠાક અને તંદુરસ્ત થઈને મારી સામે ચાલીને આવી રહ્યા છે,જયારે કે તેમને સલની બીમારી હતી,પરંતુ હું તેઓની આ તંદરુસ્તી જોઇને ઘણો નવાઈ પામ્યો અને અમે તેમની આ તંદુરસ્તીનો રાઝ પૂછ્યો.

તેઓએ કહ્યુ કે:-એક દિવસ મારા ગળામાંથી ઘણું લોહી નીકળ્યું અને ડોક્ટરોએ મને બતાવ્યું કે તમારો કોઈ ઈલાજ નથી,આથી ડોકટરોના કેહવાથી હું ઘણો નાઉમ્મીદ થઈ ગયોકે હવે તેઓના હાથમાં પણ આનો ઈલાજ નથી,ઘણી પરેશાનીની અંદર એ વિચારતો હતો કે હવે શું કરુ?તેવામાં મારા

મગજમાં આવ્યું કે ઉસ્તાદ આયતુલ્લાહ ગરવીની પાસે જાવ અને કઈક રસ્તો કાઢું,ત્યાં સુધી કે તેમની પાસે પહોંચીને તમામ હાલાત જણાવ્યા.

તેઓએ કહ્યું:-"શું તમે સાદાત નથી?"તો શા માટે તમે તમારા બાપદાદાઓથી શિફા નથી માંગતા?શા કારણે ઈમામે ઝમાના અ.સ.થી તમારી હાજત નથી માંગતા?શું તમે નથી જાણતા કે અલ્લાહ ત.ત.ના શ્રેષ્ઠ નામોના માલિક છે?શું તમે દુઆએ કુમૈલમાં નથી પઢતા કે હઝરત અલી અ.સ. ફરમાવે છે:-

يامن اسمه دواء و ذكره شفا

(અય તે ઝાત કે જેના નામની અંદર દવા અને ઝીક્રની અંદર શિફા છે)

અગર તમે એક શીઆ મુસલમાન અને સાદાત છો તો આજે જ હઝરત બકીય્યતુલ્લાહ અ.સ.થી શિફા તલબ કરો.

આખિરકાર તેઓએ ઘણી નસીહત કરીને મારા ઝમીરને જગાડ્યું,તેમની વાતો અને નસીહત સાંભળીને મારી આંખો ઝુકી ગઈ,હું મારી જગ્યાએથી ઉભો થઈ ગયો અને ઈમામ અ.સ.ને સંબોધીને

ياحجة بن الحسن أدركنى

કહેતા કહેતા હઝરત ઈમામ અલીરેઝા અ.સ.ના હરમે મુબારક તરફ ચાલી પડ્યો,જયારે હું હરમના જૂના સેહનમાં પહોંચ્યો તો મેં તેમાં અમુક ફેરફાર મેહસૂસ કર્યા,સેહન લગભગ ખાલી હતો,ફક્ત અમુક લોકો જ દેખાતા હતા,જો કે તેઓ એક સાથે ચાલતા હતા અને તેઓની આગળ આગળ એક સય્યદ હતા,અચાનકથી મારા મગજમાં આવ્યું કે આ સય્યદ બુઝુર્ગવાર હઝરત ઈમામ મહદી અ.ત.ફ.શ. છે,જો કે તેઓ અને મારી વચ્ચે ઘણો ગેપ હતો માટે મેં વિચાર્યું કે એવું ન બને કે તેઓ ચાલ્યા જાય અને હું તેઓ સુધી ન પહોંચી શકું,માટે બેહતર એ છે કે હું તેઓને અવાઝ કરુ અને કહું કે મૌલા મને બીમારીમાંથી શિફા અતા કરો,આ વાત મારા મગજમાં આવી જ હતી કે તે હઝરત અ.સ.મેં મોઢું ફેરવ્યું અને મારી તરફ નઝર કરી,અચાનક મેં સેહનને રૂટીન હાલતમાં જોયો અને તેમાં અમુક લોકોની કોઈ ખબર ન હતી,લોકો રાબેતા મુજબ અવર જવર કરતા હતા,આ જોઇને મને અજીબો ગરીબ મારામાં ડર પૈદા થયો,અચાનક મેં મેહસૂસ કર્યું કે મારી અંદરથી સલની બીમારી બિલકુલ ચાલી ગઈ અને હવે હું એકદમ સારો થઈ ગયો હતો,પછી મેં તેમને દરેક જગ્યાએ શોધ્યા પરંતુ ક્યાય ન દેખાણા.

(રેફ.મુલાકાત બા ઈમામે ઝમાના અ.સ. ભા.૧,પેજ ૪૩)

## ૧૩.ઈમામે ઝમાના અ.સ.નું બીમારના ખબરઅંતર પુછવા

જનાબ સય્યદ અબ્દુલ્લાહ રફઈની પત્ની બયાન કરે છે કે અબ્દુલ્લાહ રફઈ બુઢાપામાં બીમાર થઈ ગયા અને એટલા બધા અશક્ત થઈ ગયા કે ઘરેથી બહાર નીકળવાની તાકાત અને શક્તિ બાકી ન હતી,તેમના બધા કામો હું કરતી હતી,એક દિવસ મેં તેમના માટે સાંજનું જમવાનું તૈયાર કર્યું અને સુવા માટે બિસ્તર તેયાર કરી દીધું,જયારે જમી લીધું તો મેં તેમને બિસ્તર પર સુવરાવી દીધા,હજી થોડો સમય પસાર ન થયો કે કોઈનો અવાઝ સંભળાણો. یااللہیااللہ

હું તરતજ ઘરના સહેનમાં આવી,મેં જોયું કે અંધારી રાતમાં એક મૌલાના છે,જેના માથા પર કાળો અમામો,શરીર પર સફેદ કપડા પેહરેલ અને પગમાં પીળા બુટ હતા,મેં તેમને જોઇને કહ્યુ:-

મૌલાના તશરીફ લાવો!તેઓ રૂમમાં દાખલ થયા અને જનાબ રફઈની નઝદીક બેઠા અને સલામ કરી અને પછી ખબરઅંતર પૂછવા લાગ્યા,અહિયાં હું તરતજ રસોડામાં ગઈ અને ચા બનાવતી બનાવતી તેમની વાતો ધ્યાન દઈને સાંભળવા લાગી,મેં ઘણી કોશિશ કરી તેમની વાતોને સમજુ પણ કઈ સમજમાં ન આવ્યું,તેઓ અરબી ભાષામાં વાતો કરતા હતા,જયારે ચા તૈયાર થઈ ગઈ તો મેં એક કપમાં ચા કાઢી અને તેઓને સામે હાજર કરી,તો કેહવા લાગ્યા:-અમે ચા નહી પીશું.

મેં કહ્યુ:-તમે કઈક દુઆ પઢી દયો જેથી તેમને શિફા મળે.

તેમણે ચાનો કપ ઉપાડ્યો અને તેના પર દુઆ પઢી અને પછી કપ તે જ જગ્યાએ રાખી દીધો અને ખુદા હાફીઝ કહીને ઉભા થયા,જયારે તેઓ દરવાઝા પર પહોંચ્યા તો ચેહરો મારી તરફ કર્યો અને પછી જનાબે રફઈ માટે અમુક નસીહત કરી.

મેં કહ્યુ:-“સારું,તે સમયે તેમણે એક એવી વાત કહી હતી જેની ખરેખર કોઈને ખબર ન હતી,પરંતુ મારું ધ્યાન તે તરફ ન ગયું પછી તેઓ ખુદા હાફીઝ કહીને રૂમમાંથી બહાર નીકળ્યા.

મેં દિલમાં ને દિલમાં કહ્યુ:-“બેહતર છે કે હું દરવાઝા સુધી તેમને રૂખસત કરી દઉ,આ વિચારીને હું તેમની તરફ ચાલવા લાગી,હજી તો ઘરમાંથી નીકળ્યા જ હતા કે અચાનક ગાએબ થઈ ગયા,આ જોઇને હું પરેશાન થઈ ગઈ અને તેમને જોવા માટે હું ઝડપથી ઘરની બહાર નીકળી,પરંતુ શેરીમાં અમારા પાડોશી ઔરતો સિવાય કોઈ ન હતું.

મેં તેણીને પૂછ્યું:-"આવી આવી સિફતના માણસ અમારા ઘરેથી નીકળ્યા શું તમે તેમને જોયા છે?"

તેમણે ઘણા આશ્ચર્ય સાથે કહ્યુ:-"અમે તો કોઈને તમારા ઘરેથી નીકળતા નથી જોયા,શાયદ તમે કોઈ સ્વપ્ન જોયું હશે,તે સમયે હું સમજી ગઈ કે તેઓ હઝરત ઈમામે ઝમાના અ.સ. હતા જે જનાબે રફઈના ખબર અંતર પૂછવા માટે આવ્યા હતા.

(મુલાકાત બા ઈમામે અસ્ર પેજ.૧૨૨)

## ૫.કુરઆનનો એહ્તેરામની તાકીદ

મૌલાના કંદહારી ર.અ. બયાન છે કે:-

એક વખત મને હઝરત અબુલ ફઝ્લીલ અબ્બાસ અ.સ.ની ઝીયારતનો શરફ મળ્યો,હું હરમના સહેન રવાકમાં અંદર જવાનો ઈરાદો કર્યો,જોયું કે રસ્તામાં કુરઆને મજીદ રાખેલું હતું અને એક અઝીમ મરતબાવાળા શખ્સ હતા કે જેમના ચેહરા પરથી અઝમત અને રોઅબ અને દબદબો જાહેર થતો હતો,એક ખૂણામાં બેસીને મને જોતા હતા,તેવામાં તેમણે મને કહ્યુ:-"હોશિઆર રહો અને કુરઆને કરીમનો એહ્તેરામ કરો."

હું નીચો નમ્યો અને કુરઆને કરીમને લઈ લીધું અને ચૂમીને કબાટમાં રાખી દીધું,જેમાં બીજા પણ કુરાન રાખેલા હતા,પરતું એક અજીબોગરીબ સંજોગોની અંદર પાછો ફર્યો અને તે બુઝુર્ગવારની નઝદીક જઈને બેસી ગયો,એકદમથી મારા મગજમાં વિચાર આવ્યો અને મેં તેમને જણાવ્યો:-"કેહવામાં આવ્યું કે જયારે હઝરત રસુલે ખુદા સ.અ.વ. મેઅરાજે રબની મુલાકાત માટે ગયા તો હઝરત સ.અ.વ. મેં બારગાહે રબમાં કહ્યુ:-"અય મારા પરવરદિગાર! મારા ફરઝંદ (મહદી અ.સ.)ની ઉમ્ર લાંબી અને તેઓ ગરીબ (વતનથી દુર) હશે,માટે તેમના માટે કોઈ મદદગાર બનાવ,તેમની આ દુઆ અને તેમની સિફારિશના કારણે ખુદાવંદે આલમે હઝરત મહદી અ.સ.ની ખિદમત માટે હર ઝમાનામાં ૩૦ આદમી રાખ્યા,શું આ વાત સાચી છે?

ફરમાવ્યું:-"હા,બિલકુલ સાચી છે."

તે પછી હું ઉભો થયો અને મારી જગ્યાએ રવાના થયો,હઝરત અબુલ ફઝ્લીલ અબ્બાસ અ.સ.ની ઝીયારત કર્યા પછી જયારે હું હરમમાંથી નીકળ્યો તો અચાનક મરહુમ કરાર હુસૈન હિન્દી સાથે મારી મુલાકાત થઈ,જે ખુદાની

નઝદીક મેહબૂબ બંદા હતા,જેવા તેમણે મને જોયો તરતજ કેહવા લાગ્યા:- "મુબારક તમને,મુબારક."

મેં કહ્યુ:-"કઈ ખુશીમાં મને તમે મુબારકબાદી આપો છો?

ફરમાવ્યું:-હઝરત ઈમામે ઝમાના અ.સ.ની મુલાકાત કરવાની ખુશીમાં.

મરહુમ મુલ્લા કિન્દહાદિ કહે છે:-આરીફ જલીલ અને વિશ્વાસપાત્ર અને આદીલ જનાબ કરાર હુસૈન ર.અ. ખુદાના વલીઓમાંથી એક અને હમેંશા બન્ને હરમ હઝરત ઈમામ હુસૈન અ.સ. અને હઝરત અબ્બાસ અ.સ.ના ખાદીમ રહ્યા,તેઓ છુપી રીતે અને શૌખથી બન્ને હરમના ઝાકીરની ખિદમત કરતા હતા,પણ તેઓ મને ઘણીજ મોહબ્બત કરતા હતા અને કહેતા હતા કે મને કેહવામાં આવ્યું છે,અમુક છુપી અને ભેદની વાતો તમને બયાન કરતો રહું.

(રેફ.મુલાકાત બા ઈમામે અસ્ર અ.સ. પેજ.૩૩)

## ૬.શિફા પામવી

કાશાનનો એક શખ્સ પોતાના શહેરનાં અમુક દોસ્તો સાથે મક્કા એ મોઅઝ્ઝમાની ઝીયારત માટે રવાના થયા,તેઓ પેહલા ઈરાક પહોંચ્યા અને પછી ત્યાં પહોંચી નજફ શહેરમાં અમુક દિવસો રહ્યા,ત્યાં તે શખ્સ ઘણો બીમાર પડી ગયો,ઘણો ઈલાજ કરાવ્યો પરંતુ કોઈ ખાસ ફાયદો ન થયો.

ડોકટરોએ કહ્યું:-"તેમને આરામની જરૂરત છે,વધારે ચાલવું ફરવું તેની માટે સારું નથી,ત્યાં સુધી કે જીવનું જોખમ છે,કારણકે તેના શરીરમાં ચાલવા ઉઠવાની તાકાત નથી,આ સાંભળીને તે બિચારો હેરાન પરેશાન થઈ ગયો અને મજબુર અને લાચારી સાથે તેને નજફે અશરફમાં રોકાવું પડ્યું.

કાફલાવાળાઓએ અમુક દિવસો રાહ જોઈ,જયારે તેઓ તેમની તંદુરસ્તીથી નાઉમ્મીદ થઈ ગયા,તો મક્કા તરફ જવા માટે સામાન તૈયાર કર્યો અને ઘણો અફસોસ સાથે હઝરત અમીરુલ મોઅમેનીન અ.સ.ના હરમમાં આવ્યા અને એક ખાદીમની મુલાકાત કરી અને તેને બધી વાત કરી.

તેમણે કહ્યું:-"ભાઈ!અમે ઈરાની છીએ અને કાશાનથી મક્કાની ઝીયારત માટે આવ્યા હતા,પરંતુ અફસોસ છે કે અમારા કાફલામાંથી એક વ્યક્તિ ઘણોજ બીમાર પડી ગયો,અમે ઘણા ડોકટરો પાસે ઈલાજ કરાવ્યો પરંતુ કોઈ ફાયદો ન થયો,અમે ઝીયારત માટે મક્કા એ મોઅઝ્ઝમા જઈ રહ્યા છીએ,ઇન્શાલ્લાહ જલ્દી પરત આવીશું,તમે અમારી પર એક મેહરબાની કરો કે

આ દરમિયાન અમારી તે વ્યક્તિની સારસંભાળ રાખો,તમને તેનું મહેનતાણું પણ આપી દઈશું અને કારણકે તબિયત ખરાબ છે અને દવાઓથી કોઈ ફાયદો પણ નથી થતો,અગર ખુદા ન ચાહે કે અગર તે મૃત્યુ પામે તો તમે ગુસ્લ કફન આપી દેજો,તેનો જે સામાન છે,તમે તે તમારી પાસે રાખજો,અમે પરત આવી ને લઈ લેશું અને વતન પહોંચી અને તેના વારીસોને આપી દઈશું અને તે તંદુરસ્ત થઈ ગયો,તો પછી ઇન્શાલ્લાહ આવતા વર્સ મક્કાની ઝીયારતો શરફ મેળવીશું.

અંતે તે લોકો એ બિચારાને ખાદીમને સોંપી અને નીકળી ગયા,આ માણસ ઘણો જ નિર્દય હતો,સવાર પડતા જ તે શખ્સ તેને રૂમમાં બંધ કરી અને નીકળી જતો અને બપોરે અસ્રના સમયે આવતો હતો,આ બિચારો બીમારીની હાલતમાં દુઃખ અને ગમમાં એક એકલો અને અંધારામાં રૂમમાં પડ્યો રેહતો,જયારે તે બિચારો બેબસ અને બેહાલ ભુખ અને પ્યાસમાં કેટલાક દિવસ પસાર થયા અને એક દિવસ ખાદીમ દરવાઝો બંધ કરી અને નીકળતો હતો તો તેણે કહ્યું:-"જનાબ!મારી અંદર એક પગલું ચાલવાની પણ તાકાત નથી,માટે તમે મારા પર દયા કરો અને મને વાદીઉસ્સ્લામ મૂકી જાવ,ત્યાં મકામે હઝરત મહદી અ.સ. છે,જ્યારે હું તંદુરસ્ત હતો ત્યારે મારા દોસ્તો સાથે ત્યાં ગયો હતો,જયારે તમે બપોર પછી પાછા આવો તો મને ત્યાંથી લઈ લેજો.

જયારે તે બીમારે ઘણી વિનંતી કરી અને સમજાવ્યો તો તે માની ગયો અને તેને વાદીઉસ્સ્લામ પોહંચાડી અને મકામે હઝરત ઈમામ મહદી અ.સ.ના એક ખૂણામાં તેને બેસાડી દીધો અને પોતાની કબાને ધોઈને ઝાડની ડાળી પર સૂકવવા માટે રાખી દીધું અને તે બીમારને કહ્યુ:-"જોજો આ કબા મેં ધોઈને સુકવવા રાખી છે તેને જોતા રેહજો કોઈ લઈ ન જાય,આમ કહીને તે ખાદીમ જતો રહ્યો.

બીમાર શખ્સ બયાન કરે છે કે:-જયારે તે ગયો પછી હજી થોડો સમય વીત્યો હતો તો મારા દિમાગમાં વિચાર આવ્યો કે આખિર ક્યાં કારણોસર આ જગ્યાને મકામે હઝરત ઈમામ મહદી અ.સ.ના નામથી યાદ કરવામાં આવે છે?શું આ જગ્યા પર હઝરતે કોઈના પર ખાસ નઝરે રેહમત કરી હતી?અથવા અહિયાં કોઈ માણસ હઝરતની ઝીયારતનો શરફ હાસિલ કર્યો હતો?આ રીતના વિચારો મારા મગજમાં આવતા હતા કે અચાનક મેં જોયું કે એક ખુબસુરત જવાન ત્યાં વાદીમાં આવ્યા અને મારી નઝદીકથી સલામ કરીને પસાર થયા અને ફરીને પછી મારી તરફ આવ્યા અને અરબી ભાષામાં કઈક

બોલ્યા પણ મને સમજમાં ન આવ્યું,મેં ફારસી ભાષામાં કહ્યું:-જનાબ!તમે જે કહ્યુ તે મારી સમજમાં ન આવ્યું.

આ સાંભળીને તે જનાબ ફારસી ભાષામાં બોલ્યા,તેઓએ પૂછ્યું:-"તમે ક્યાંના રહેવાસી છો?'

મેં કહ્યુ:-"જનાબે આલા!હું ઈરાની છુ."

ફરમાવ્યું:-"ઈરાનના ક્યાં શહેરમાં?"

મેં કહ્યુ:-"કાશાનનો વતની છુ."

ફરમાવ્યું:-"ક્યાં એરિયાના?"

મેં કીધુ:-"મીર સુલ્તાન એહમદનો એરિયો."

તેઓ ફારસી ભાષામાં અને એ પણ કાશાનના લેહ્જામાં વાત કરી રહ્યા હતા,હું દિલમાં ને દિલમાં વિચારી રહ્યો હતો કે આ શખ્સ કોઈ કાશાનના રહેવાસી લાગે છે,જે અહિયાં અરબી પોશાક પેહરેલો છે,તેઓએ પૂછ્યું:-"તમે અહિયાં શું કરી રહ્યા છો?"

મેં કહ્યુ:-"જનાબ! અમે અમુક જણા કાશાનથી મક્કા જવા માટે આવ્યા હતા,અહિયાં પહોંચીને બીમાર પડી ગયો અને તે લોકો મને છોડીને ઝીયારત માટે મક્કા એ મોઅઝ્ઝ્મા ચાલ્યા ગયા છે.

ફરમાવ્યું:-"ઇન્શાઅલ્લાહ તમે તંદુરસ્ત થઈ જશો,પરંતુ આ વર્ષે નહી પરંતુ આવતા વર્ષે મક્કાની ઝીયારતનો શરફ હાંસિલ કરશો,એમ કહીને તે રવાના થવા ઉભા થયા તો મેં કહ્યુ:-"જનાબ!મારો અહિયાં કોઈ દોસ્ત કે મદદગાર નથી અને દિલ સંકોચાયેલું છે,માટે દયા કરીને થોડોક સમય મારી પાસે બેઠો જેથી થોડીક મને દિલમાં સુકુન મળે.

આ સાંભળીને તેઓ બેસી ગયા,હજી થોડોક સમય વીત્યો હતો કે જવા માટે ફરી ઉભા થયા મેં કહ્યુ:-"જનાબ! અહિયાં કોઈ નથી. આ એકાંતમાં મારું દિલ ઘણું ગભરાય છે,મહેરબાની કરી અને થોડીવાર હજી બેઠો અને એ પછી ફરીવાર તેઓ બેઠયા અને જવા માટે ફરી ઉભા થયા,મેં રોકાવા માટે ફરી વિનંતી કરી તો તેમણે કહ્યું:-"મારે બીજી જગ્યાએ જવાનું છે,એમ કહીને તે જવાન ઉભા થયા અને ચાલ્યા ગયા."

હજી થોડીવાર ન હતી થઈ કે તેઝ હવા ફુકાણી અને તેની કબા ઝાડ પરથી ઉડી ગઈ,હું ઉભો થયો અને ફરીવાર ધોઈને તે જગ્યા પર રાખી દીધી અને પોતાની જગ્યાએ આરામ કરવા પાછો આવ્યો,તે સમયે એકદમ મારું ધ્યાન ગયું

કે મારી અંદર તો ઉભા થવાની તાકાત ન હતી અને હું આ રીતે ઉભો થયો અને કબાને મેં ધોઈ અને સુકાવા મૂકી,આ જોઇને હું ઘણો પરેશાન થયો અને યકીન હાંસિલ કરવા ફરીવાર ઉભો થયો એ જોવા માટે કે ખરેખર હું ઉભો થઈ શકું છુ અને પછી અમુક પગલા ચાલ્યો પણ દર્દનો એહસાસ પણ ન થયો,એ સમયે મારા દિમાગમાં વારંવાર એ વિચાર આવતો હતો કે હું કઈ રીતે તંદુરસ્ત થઈ ગયો,અચાનક મારા દિમાગમાં આવ્યું કે એવું તો નથી કે તે શખ્સ હઝરત ઈમામ મહદી અ.સ. હતા અને તેઓએ આવીને મને શિફા આપી અને હું તેમને ઓળખી ન શક્યો.

(બુલબુલે બોસ્તાને હઝરત મહદી અ.સ.ભા.૩,પેજ.૨૦૯)

## ૭.ઈમામે ઝમાના અ.સ.ની મદદ

જનાબ આયતુલ્લાહ ઝીયા ઈરાકી કહે છે:-

હિજાજના એક શહેર "ક્તીફ"થી એક શખ્સ હઝરત ઈમામ અલીરેઝા અ.સ.ની ઝીયારત કરવા માટે પોતાના ઘરેથી રવાના થયો,ચાલતા ચાલતા અંદાજીત અડધો રસ્તો પસાર કર્યો,તો જે પૈસા આવવા જવાના ખર્ચ માટે લાવ્યો હતો, તે પૈસા ખોવાઈ ગયા,હવે તેની પાસે એટલા પૈસા પણ ન હતા કે પોતાના વતન પાછો જઈ શકે અને ન તો એટલા પૈસા હતા કે પોતાનો સફર પૂરો કરી શકેઆ તંગદ્સ્તી જોઈને ઘણો હેરાન અને પરેશાન થઈ ગયો,મગજમાં એક જ વિચાર ફરતો હતો કે હવે શું કરવું?તેના મગજમાં વિચાર આવ્યો કે બેહતર છે કે પોતાના વક્તના ઈમામ ઈમામે ઝમાના અ.સ.થી તવસ્સુલ કરે,જેથી તેઓ આ મુશ્કિલને આસાન કરી દે,બસ તે વિચારીને હુજ્જતે ખુદા હઝરત ઈમામ મહદી અ.સ.થી તવસ્સુલ કરવા લાગ્યો,હજી થોડીવાર થઈ તો તેણે જોયું કે જ્લીલુલ કદ્ર સય્યદ તેની સાથે સાથે ચાલી રહ્યા છે.

તેઓએ ફરમાવ્યુ:-"ફલાણા માણસ!આ પૈસા લઈ લ્યો,જેથી સામર્રા પહોંચી જાવ,સામર્રા પહોંચી અને અમારા વકીલ સય્યદ મિર્ઝા શીરાઝીની પાસે જજો અને તેમને કેહ્જો કે મને સય્યદ મહદીએ તમારી પાસે મોકલ્યો છે,તેઓને કેહ્જો કે અમારી અમુક રકમ તમારી પાસે છે માટે તેમાંથી અમુક રકમ મને આપી દયો,જેથી હઝરત ઈમામે અલીએ રેઝા અ.સ.ની

ઝીયારત માટે પહોંચી શકું,તે માણસ બયાન કરે છે કે મને ખબર ન પડી કે તેઓ શખ્સ કોણ છે અને ક્યાંથી આવ્યા છે,અંતે મેં કહ્યુ:-

"જયારે હું આયતુલ્લાહ શીરાઝીને કહીશ તો તેઓ મને જરૂર સવાલ કરશે કે તેઓ કોણ છે? અને તેમની સિફત,ખુસુસીયાત અને નિશાનીઓ શું છે?તો હું શું જવાબ આપું? ફરમાવ્યું:-"શીરાઝી સાહેબ પૂછે તો તેમને કહેજો:- સય્યદ મહદીએ ફરમાવ્યું છે:-આ વર્ષે તમે ગરમીની સિઝનમાં મુલ્લા અલી કુની તેહરાની ની સાથે શામમાં મારી ફઈ હઝરત ઝયનબ સ.અ.ના હરમમાં હતા,તો કારણકે વધારે ઝ્વ્વારો અને પુષ્કળ ભીડના લીધે સહેનમાં કચરો ભેગો થઈ ગયો હતો,તો તમે તમારી અબાને ખભેથી ઉતારી અને પછી તે હરમની સફાઈ કરી અને તમામ ધૂળને એકતરફ કરી અને હાજી મુલ્લા અલી કુનીએ પોતાના હાથમાં ઉપાડી અને બહાર ફેંકી તો એ સમયે હું ત્યાં આવ્યો હતો.

"કતીફી"નું બયાન છે કે જયારે હું સામર્રામાં આયતુલ્લાહ શીરાઝી પાસે પહોંચ્યો અને તે બનાવ પેશ કર્યો તો એકદમથી પોતાની જગ્યાએથી ઉભા થઈ ગયા અને આગળ વધીને મને ગળે લગાડી લીધો અને ચૂમતા ચૂમતા મુબારકબાદી દેવા લાગ્યા અને પછી તેમણે મને અમુક પૈસા આપ્યા જેના લીધે હું આસાનીથી ઝીયારત કરી અને પોતાના વતન પાછો ફર્યો.

(રેફ.શીફ્તગાને હઝરત મહદી અ.સ. ભા.૩ પેજ.૧૪૨)

## ૮.રાઝની વાત

મર્હુમ સય્યદ અલી શુસ્તરી કહે છે:-

મારી અને શૈખ મુર્તુઝા અન્સારીની એ આદત હતી કે અમે લોકો મખ્સુસ દિવસોમાં નજફે અશરફથી કરબલા ઝીયારત માટે જતા હતા અને અમુક દિવસો ત્યાં રોકાતા હતા.એક વખત અમે નજફે અશરફથી કરબલા આવ્યા અને જયારે ત્રણ દિવસ થઈ ગયા તો છેલ્લી રાત્રે શૈખ મુર્તુઝા અન્સારીએ કહ્યું:-"કાલે ફરીવાર નજફે અશરફ જઈએ."

મેં કહ્યુ:-"ઠીક છે,ત્યાં સુધી કે અડધી રાત પસાર થઈ,અમે સુતેલા હતાકે અચાનક હું જાગી ગયો અને મેં જોયું કે શૈખ સાહેબે વુઝું કર્યું અને અમામો વી. પેહરીને ઘરેથી નીકળ્યા,મને અંદરોઅંદર વિચાર આવ્યો કે શાયદ ભૂલમાં વેહલી સવારનો સમય સમજી લીધો લાગે છે,જયારે કે હજી તો અડધી રાત થઈ હતી

અને નમાઝે શબનો સમય પણ હજી થયો ન હતો. હું હજી વિચાર કરતો હતો કે સહેનથી નીકળી ગયા,પછી અચાનક મારા દિલમાં ખ્યાલ આવ્યો કે આખરે અત્યારે તેઓ જાય છે ક્યાં?મારે પણ તેમની પાછળ પાછળ જવું જોવે,એટલે તરતજ મેં કપડા બદલ્યા અને ચુપચાપ ધીમે ધીમે તેમની પાછળ ચાલવા લાગ્યો જેથી કરીને તેમને ખબર ન પડે,તેઓ શેરી અને નાકાઓ પસાર કરતા કરતા ચાલતા જતા હતા ત્યાં સુધી કે એક દરવાઝાની નઝદીક પહોંચ્યા,જે “બગદાદ” નામથી મશહુર છે,ત્યાં એક નાનું એવું મકાન હતું,શૈખ મુર્તુઝા અન્સારી તે ઘરની સામે પહોંચી અને ઉભા રહી ગયા.તેમને જોઇને હું પણ દુર એક જગ્યાએ ઉભો રહી ગયો અને તેમને જોવા લાગ્યો.શૈખ મુર્તુઝા અન્સારી દરવાઝાની એકદમ સામે ઉભા રહીને સલામ કરી:-“ઘરની અંદરથી એકદમ સુંદર અવાઝમાં સલામનો જવાબ આવ્યો.”

તેમણે કહ્યું:-“પાછા ફરવાનો ઈરાદો છે શું તમારી ઈજાઝત છે?”

અંદરથી કોઈ શખ્સની અવાઝ આવી:-“શું તે કામ પૂરું કર્યું?”

તેમણે કહ્યું:-“ના”

જવાબ આવ્યો:-“અત્યારે નહી પરંતુ કાલે પણ અહિયાં જ રેહજો.”

તેમણે કહ્યું:-“તમારો હુકમ સર આંખો પર,એમ કહીને તેઓ ઘરે પરત ફરવા વળ્યા,આ જોઇને હું ઝડપથી ઘરે પહોંચ્યો અને તેમના આવવા પેહલા પથારી પર સુઇ ગયો જેથી તેમને ખબર ન પડે.”

સવાર પડી,એટલે અમે નમાઝ,દુઆ,કુરઆન વિગેરે પઢયા,પછી મેં કહ્યું:-આજે નજફ પાછુ જવાનું છે તમે તૈયાર થઈ જાવ.”

શૈખ અન્સારીએ કહ્યું:-“આજે નહી ઇન્શાલ્લાહ કાલે જઈશું.”

આ સાંભળીને હું ચુપ થઈ ગયો અને તેમને પાછુ ન જવાનું કારણ જાણી જોઇને ન પૂછ્યું,આ રીતે સવારથી સાંજ પડી ગઈ,પરંતુ મારા મગજમાં એ જ કશ્મકશ હતી આખરે આ રાઝ શું છે?એમણે આગળના દિવસે પાછુ ફરવાનું કહ્યુ હતુ અને અડધી રાત્રે એકલા વુઝુ કરીને ફલાણી જગ્યાએ ગયા અને સલામ કર્યા બાદ પાછા ફરવાની માંગણી કરી,આખરે તે કોણ શખ્સ હતા?જેનાથી ઈજાઝત માંગી રહ્યા હતા,આખરે મેં નક્કી કર્યું કે આજની રાત્રે હું નહી સૂવ અને જોઇશ કે તેઓ શું કરે છે અને ક્યાં જાય છે.જયારે સુવાનો સમય થયો તો હું પથારી પર સુઇ ગયો અને જાગતો રહ્યો ત્યાં સુધી કે રાત્રીનો તે જ સમય આવી પહોંચ્યો અને શૈખ અન્સારી ધીમેથી ઉભા થયા જેથી મને

ખબર ન પડે અને વુઝુ કરીને લિબાસ પેહર્યો અને ચુપ ચાપ ધીમેધીમે ઘરેથી બહાર નીકળી ગયા,બસ જેવા તેઓ બહાર નીકળ્યા એટલે તરતજ ઉભો થઈને કપડા વી. પેહરી,અમુક દુરથી ધીમેધીમે ચુપચાપ તેમની પાછળ ચાલવા લાગ્યો,ત્યાં સુધી કે મેં જોયું કે તેઓ એજ જગ્યાએ પહોંચીને ઉભા રહી ગયા અને એ ઘરની બરોબર સામે ઉભા રહીને સલામ કરી.

અંદરથી સલામનો જવાબ આવ્યો,તે પછી તેમણે કહ્યું:-શું તમે ઈજાઝ્ત આપો છો કે હું કાલે રવાના થઈ જાવ?.

જવાબ મળ્યો:-"તે કામ પૂરું થઈ ગયું?"

શૈખ અન્સારીએ કહ્યું:-"હા,જનાબ પૂરું થઈ ગયું."

જવાબમાં અંદરથી અવાઝ આવ્યો:-"તમને ઈજાઝત છે તમે જઈ શકો છો."

શૈખ અન્સારી ઘરે પરત ફરવા હજી પોતાનો મોઢું ફેરવ્યુ,તો તરતજ હું જેમતેમ કરીને તેમની પેહલા ઘરે પહોંચી ગયો અને ચુપચાપ પથારીમાં સુઈ ગયો જેથી બિલકુલ તેમને ખબર ન પડે.શૈખ અન્સારી આવ્યા અને નિરાંતે સુઈ ગયા.

આખરે સવાર પડી અને અમે નજફે અશરફ પાછા ફરવા નીકળી ગયા અને ચાલતા ચાલતા જંગલમાં પહોંચ્યા તો મેં કહ્યુ:-"તમને બે સવાલ કરવા છે?"

જવાબ દીધો:-"પૂછો"

મેં કહ્યુ:-"એવું શું કારણ છે કે તેઓ સેહન અને સારા ઘરમાં રહેવાને બદલે એક નાના એવા ઘરમાં રહે છે?"

તેમણે કહ્યું:-"તમેં કોની વાત કરો છો?'

મેં કહ્યુ:-"આપણા મૌલા અને આકાના બારામાં કે જેઓ ત્યાં રહે છે અને તમને એ પણ કહી દઉ કે હું બધું જાણું છુ,હું તમને બસ એ જ પૂછવા ચાહું છુ કે આખરે રાઝ શું છે?

આખરે જયારે તેમને સંપૂર્ણરીતે ખબર પડી ગઈ કે મને તમામ વાકેઆની ખબર છે તો તેમણે કહ્યુ:-ઘરને એહતેરામ ખાતર સહેનમાં ગણવામાં નથી આવ્યું કારણકે એ યોગ્ય નથી.

બીજો સવાલ એ કે તમે પહેલી રાત્રે ઈમામથી રૂખસત થવા ઈજાઝત માંગી અને ઈમામે પૂછ્યું કે ફલાણું કામ થઈ ગયું? અને તમેં નાં પાડી અને જયારે

બીજા દિવસે ગયા સલામ બાદ ફરીવાર રૂખસતી માંગી તો તેઓ હઝરત અ.સ.મેં ફરી તે જ સવાલ કર્યો તો તમે કહ્યુ કે હા તે કામ થઈ ગયું છે.તો તે કામ શું હતું?

શૈખ અન્સારીએ કહ્યુ:-“આ એક રાઝ છે”

હું ઘણો પાછળ પડ્યો પરંતુ મને ન કહ્યુ અને મારાથી વાયદો લીધો કે જ્યાંસુધી હું જીવતો રહું કોઈને આ વાકેઓ નહી કહેતા,બસ જ્યાંસુધી તેઓ હયાત રહ્યા મેં કોઈને આ વાત ન કરી.

(રેફ.શીફ્તગાને હઝરત મહદી અ.સ. ભા.૩ પેજ.૪૯)

## ૯.સલની બીમારીથી મુક્તિ

શૈખ મિર્ઝા અબ્દુલ જવાદ મહલ્લાતી કહે છે:-

શૈખ મોહમ્મદ તકી કઝવીની કે જે મદ્રેસાના મેનેજર હતા,તે ઇલ્મ અને અમલ અને તકવા અને ઝોહદમાં બેમિસાલ હતા.તેઓ હમેંશા કહેતા હતા કે ખુદાવંદે આલમથી બસ એક જ દુઆ છે અને એ કે હઝરત અમીરુલ મોઅમેનીન અ.સ.ના હરમમાં જઈ અને હમેશા દુઆ કરું છુ કે કોઈ પણ રીતે મને ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારત નસીબ થાય. અને હું એકદમ આજીજી સાથે આ દુઆ પઢયા કરતો કે

اللهم أرني الطلعة الرشيدة و الغرة الحميدة

એક વખત એવું બન્યું કે આ માણસ સલની બીમારીનો મરીઝ થઈ ગયો,જોકે તેઓ ઘણા ગરીબ પણ હતા એમ છતાં પોતે એટલા આત્મનિર્ભર અને સંતોષી હતા કે પોતાના આ હાલતની કોઈને ખબર પણ ન હતી.બીમારી ધીમે ધીમે વધતી ગઈ,તેઓને હમેંશા ઉધરસ આવતી હતી,જયારે ઉધરસ આવતી તો છાતીમાંથી લોહી નીકળતું,તેમને એક ખાસ નાના એવા રૂમમાં રાખવામાં આવ્યા,જેથી ઉધરસ ખાતી વખતે લોહીના કારણે બીજો રૂમ ખરાબ ન થાય,ઘણા સમય સુધી તે ઓરડામાં રહ્યા અને ઈલાજ થતો રહ્યો પરંતુ કોઈ ફાયદો ન થયો અને એ જ રીતે છાતીના ઝરીએ ખૂન નીકળતું રહ્યું ત્યાં સુધી કે દરેક તેની ઝીંદગીથી નાઉમ્મીદ થઈ ગયા અને કોઈ શક્યતા ન હતી કે આવી ખતરનાક બીમારીમાંથી તંદુરસ્ત થશે પરંતુ અમુક દિવસો પછી ખબર ફેલાણી કે તેઓ તંદુરસ્ત થઈ ગયા છે,આ જોઇને દરેક માણસ આશ્ચર્યમાં પડી ગયો,કારણકે બીમારી એટલી બધી ખતરનાક હતી કે દરેક માણસ નાઉમ્મીદ

થઈ ગયો હતો, માટે દરેક આદમીના મોઢામાંથી ફક્ત આ જ શબ્દ હતા આખરે કેવી રીતે તંદુરસ્ત થઈ ગયા?.આ કોઈ ગૈબી તાકાતનું જ કામ છે,નહિતર આ કોઈ આમ ઇન્સાનનું કામ જ નથી.લોકો એમની પાસે આવ્યા અને પૂછવા લાગ્યા કે તમે કઈ રીતે શિફા મેળવી?

શૈખ મોહમ્મદ તકીએ કહ્યુ:-"એક રાત્રીના મારી તબિયત વધારે ખરાબ થઈ ગઈ ત્યાં સુધી કે મારી ઇન્દ્રિયો અને શરીરની તાકાત પણ ન રહી અને મગજ પણ કામ કરતો બંધ થઈ ગયો.આવી રીતે ધીમે ધીમે રાત પસાર થતી રહી ત્યાં સુધી કે ફજની સફેદી નીકળવા લાગી,બસ આવા સમયે મેં જોયું કે છતમાં હોલ પડ્યું અને ખુરશી સાથે એક શખ્સ અંદર આવ્યા અને ખુરશી તેમણે મારી સામે રાખી દીધી,એ સમયે મને ખબર પડી કે આ હઝરત અમીરુલ મોઅમેનીન અ.સ. છે તે હઝરતે મારી સામે જોયું અને ખબરઅંતર પૂછતા મને પૂછ્યું:-"તમારી તબિયત કેમ છે?"

મેં કહ્યુ:-"મારા મૌલા અને આકા!હું ચાહું છુ કે આં બીમારીથી તંદુરસ્તી મેળવું અને ગરીબીમાંથી બહાર આવું"

તેઓ અ.સ.મેં ફરમાવ્યું:-"અગર બીમારીની વાત છે તો તમે તંદુરસ્ત થઈ ગયા છો,તમને હવે કોઈ બીમારી નથી."

મેં કહ્યુ:-"મારા મૌલા અને આકા!મારી તે આરઝુ કે જેના માટે હું હરમમાં દિવસ રાત દુઆ કરતો હતો?

જવાબ મળ્યો:-"તમે કાલે સવાર સવારમાં સુરજ નીકળવા પેહલા વાદીઉસ્સલામમાં ફલાણી ઉંચી જગ્યાએ જાજો,ત્યાં કરબલાના રસ્તા તરફ મોઢું કરીને બેસી જજો,તે સમયે મારા ફરઝંદ ઝમાનાના સાહેબ કરબલાથી આવશે અને તેમની સાથે બે સાથીઓ હશે,તેમને સલામ કરજો અને તે જયા પણ જાય તેમની સાથે સાથે જાજો,તે પછી હું હોશમાં આવ્યો અને જેવો મને હોશ આવ્યો અને મેં જોયું કે આજુબાજુ કોઈ નથી.

આ જોઇને દિલમાંને દિલમાં વિચારવા લાગ્યો કે આ બધો મારો વેહમ લાગે છે અને શાયદ હું સ્વપનું વી. જોવ છુ,પરંતુ ઘણો સમય થયો પણ ઉધરસ ન આવી અને મેં પોતાને તંદુરસ્ત જોયો આ જોઇને મને ઘણું આશ્ચર્ય થયું અને મને યકીન નોહતુ આવતુ કે હું તંદુરસ્ત થઈ ગયો ત્યાં સુધી કે પૂરો દિવસ પસાર થઈ ગયો પણ મને ઉધરસ ન આવી તો મેં વિચારતો રહ્યો:-હઝરત અલી અ.સ.મેં

જે ચીજનો વાયદો કર્યો છે તે ખરેખર થશે તો તો મારા મૌલા ઈમામે ઝમાના અ.સ.ની મુલાકાત થશે તો આતો મારા માટે ખુશનસીબીનું કારણ બનશે.

સવાર પડી અને હું સૂર્યોદયના સમયે તે જગ્યાએ પહોંચ્યો જેનો હુકમ મૌલાએ આપ્યો હતો અને કરબલા જવાના રસ્તા પર મોઢું ફેરવીને બેઠી ગયો,હું બેઠો બેઠો શીદ્દતથી મારા મૌલા અને આકાનો ઇન્તેઝાર કરતો હતો અચાનક ત્રણ આદમીઓ આવતા જોવા મળ્યા.જેમાંથી એક બુઝુર્ગવાર શાનો શૌકતથી આગળ આગળ ચાલતા હતા અને બાકીના બે આદમી પાછળ ચાલતા હતા.આ જોઇને મારામાં હ્દબાર રોઅબ અને દબદબો પૈદા થયો,જયારે તેઓ નઝદીક પહોંચ્યા તો હું સલામ વી. સિવાય કઈપણ બોલી ન શક્યો.આ ત્રણેય માણસ શહેરની દીવાર પાછળના રસ્તા પર ચાલવા લાગ્યા જે મકામે હઝરત ઈમામ મહદી અ.સ. સુધી જાય છે.ત્યાં પહોંચીને તેઓ અ.સ. રૂમમાં એક ખાસ મકામ પર બેઠી ગયા અને તે બન્ને આદમી દરવાઝા પાસે ચુપચાપ ઉભા રહી ગયા,હું પણ તેમની નઝદીક ઉભો રહી ગયો ત્યાં સુધી કે સુરજ રોશન થયો અને પછી મારાથી ન રહેવાયુ,હું દિલમાં ને દિલમાં કેહવા લાગ્યો:- “અંદર જઇને મારા મૌલા અને આકાના કદમ ચૂમી લઉ,એમ વિચારીને જેવો મેં રૂમમાં કદમ રાખ્યો ત્યાં ખરેખર કોઈ ન હતું,આ અજીબો ગરીબ મંઝર જોઇને મારા પગ નીચેથી ઝ્મીન સરકી ગઈ અને આંખોની સામે અંધારું છવાઈ ગયું,દરેક બાજુ જોયું પરંતુ દુર સુધી કોઈ ન દેખાણું.

(રેફ.બરકાતે વલીએ અસ્ર અ.સ. પેજ.૧૦૩)

# ચોથો ભાગ

## નજાત

### ૧.દાડમનો કિસ્સો

બેહરૈનમાં એક નાસેબી (દુશ્મને એહલેબૈત અ.મુ.સ.) બાદશાહ રેહતો હતો,તેનો એક વઝીર હતો જે એહલેબૈત અ.મુ.સ.થી દુશ્મની,બાદશાહ કરતા પણ વધારે રાખતો હતો,જોકે બેહરૈનના વાસીઓ એહલેબૈત અ.મુ.સ.ના ચાહવાવાળા હતા.માટે તે તેઓથી હ્દબાર અદાવત અને દુશ્મની રાખતો હતો અને હમેંશા શીઆઓનો કત્લેઆમ અને તકલીફ પહોંચવાડવાની ફિક્રમાં રેહતો.એક દિવસ વઝીર એક દાડમ લઈને બાદશાહ પાસે આવ્યો.જે ઘણુંજ અદબ અને એહ્તેરામ સાથે બાદશાહની સામે પેશ કર્યું,જયારે બાદશાહે તે દાડમને ઝીણવટપૂર્વક જોયું તો તેના પર આ લખાણ લખેલું જોવા મળ્યું:-

لا إله ألا الله محمد رسول الله وأبو بكر و عمر و عثمان و على خلفاء رسول الله

આ શબ્દો કુદરતી રીતે તે દાડમ પર લખેલા હતા,એવું ન હતું કે કોઈ માણસે હાથેથી લખી દીધું હોય,આ અજીબોગરીબ ચીજ જોઇને બાદશાહ આશ્ચર્યચક્તિ થઈ ગયો.તેણે કહ્યુ આ દાડમ શીઆ રાફઝીઓની બાતિલ (હક પર ન હોવા બાબતે) હોવાની મજબુત દલીલ છે,એ જણાવો કે બેહરૈનવાસીઓ માટે તમારો શું નઝરીયો છે?

વઝીરે કહ્યુ:-"આલી જનાબ!એ લોકો ઘણા પક્ષપાતી છે,માટે તેઓ ખુલ્લમ ખુલ્લી દલીલોનો પણ ઇન્કાર કરી દે છે.બેહતર છે કે તમે તેમને દરબારમાં બોલાવો અને આ દાડમ દેખાડો,અગર આ લોકો આને સ્પષ્ટ દલીલ તરીકે માની લે અને હકને કબુલ કરી લે તો તમને ખુદા મોટો બદલો આપશે અને અગર પોતાના ગુમરાહ અકીદા પર બાકી રેહ્શે અને આ સ્પષ્ટ અને રોશન દલીલને કબુલ ન કરે તો ત્રણ કામોમાંથી એક કામ તેમની સાથે કરજો:-આ લોકો ઝલીલ અને બેઈઝ્ઝ્ત થઈને ટેક્સ આપે,અથવા આનો કઈક અકલી જવાબ લાવે,જયારે કે આનો જવાબ દેવો શક્ય નથી,અથવા તેઓના મર્દોને કત્લ કરો અને ઔરતો અને બચ્ચાઓને કૈદી બનાવીને તમામ માલ,માલે ગનીમત તરીકે લઈ લ્યો.

બાદશાહે કહ્યું:-"તમારી આ સલાહ ઘણી સારી છે,તમે રાફઝીઓના ઓલમાઅ અને વડીલો પાસે જાવ અને તેમને દરબારમાં લઈ આવો,હું અહી તેમની રાહ જોવ છુ.

વઝીરે કહ્યુ:-"તમારો હુકમ સર આંખો પર"

આમ કહીને વઝીર શીઆઓ પાસે પહોંચ્યો અને તેમના ઓલમાઅ અને વડીલોને કહ્યુ:-બાદશાહ સલામતે તમો લોકોને દરબારમાં બોલાવ્યા છે,ઘણું મહત્વનું કામ છે,જલ્દી ચાલો,અમુક વડીલો અને વિશ્વાસપાત્ર લોકો દરબારમાં હાઝીર થયા અને અદબ અને એહ્તેરામ સાથે બાદશાહને સલામ કરી.

બાદશાહે સલામનો જવાબ આપ્યો અને દાડમ દેખાડ્યું અને કહ્યુ:-:જુવો આ હકીકત છે,જે ખુદા તરફથી જાહેર થઈ,હવે કહો કે તમારો આ બારામાં શું ખ્યાલ છે? અગર તમે આનો અકલી અને મજબુત જવાબ ન આપ્યો તો તમારા મર્દોને કત્લ અને તમારી ઔરતો અને બચ્ચાઓને કૈદમાં નાખી અને તમારો માલને માલે ગનીમત તરીકે લઈ લેશું,અથવા તમારે ટેક્સ દેવો પડશે.

શીઆ ઓલમાઅ આ દાડમ જોઇને અને બાદશાહની વાત સાંભળીને આશ્ચર્યથી ચુપચાપ એક બીજાનો ચેહરો જોવા લાગ્યા,કારણકે દાડમ પર કુદરતી રીતે લખાણ લખેલું હતું,બસ તેઓનો ચેહરો પરથી હવા ઉડી ગઈ અને ચેહરાનો રંગ બદલાઈ ગયો અને શરીરમાં કમકમાટી પૈદા થઈ ગઈ,આખરે તેઓએ મોઢું નીચું કરીને કહ્યુ:-"અય બાદશાહ!અમોને ત્રણ દિવસની રજા આપો,ઇન્શાઅલ્લાહ અગર બની શકે તો જવાબ આપીશું અને નહિતર તમને છૂટ છે જે ચાહો તે કરો.

હાકીમે કહ્યુ ઠીક છે તમને ત્રણ દિવસની રજા આપું છુ.આ લોકો ગભરાતા ગભરાતા દરબારમાંથી નીકળી ગયા અને તમામ શીઆ લોકોને બોલાવીને પૂરી વાત કરી.

આ સાંભળીને લોકોની હેરાનીનો પાર ન રહ્યો અને દરેક જણ ડરી ગયો,દરેક લોકો ઊંડા વિચારમાં પોરવાઈ ગયા કે હવે શું કરીશું? અને અંદરોઅંદર મશવેરો કરવા લાગ્યા.

અંતે દસ લોકોની પસંદગી કરવામાં આવી જે મુત્તકી અને પરહેઝગારીમાં સૌથી શ્રેષ્ઠ હતા. અને એ પછી દસમાંથી ત્રણ આદમીને પસંદ કરવામાં આવ્યા અને પછી એ ત્રણમાંથી એકને કહ્યુ:-

આજની રાત્રે રણમાં જઇને ખુદાની ઈબાદત કરો અને ઈમામે ઝમાના અ.સ.થી મદદ માંગો કારણકે તેઓ હુજ્જતે ખુદા અને આપણા ઈમામ અ.સ. છે.ઇન્શાલ્લાહ ઈમામ કોઈ રસ્તો કાઢશે.

તે માણસ અંધારું થતા જ રણમાં નીકળી ગયો અને પૂરી રાત નમાઝ અને દુઆઓ પઢતા પઢતા ઈમામે ઝમાના અ.સ.થી ઇસ્તેગાસા કરતો રહ્યો,પરંતુ કોઈ ફાયદો ન થયો ત્યાં સુધી કે સવાર પડી ગઈ અને નાઉમ્મીદ થઈને પરત આવ્યો અને કહ્યુ કે મને કોઈ ન મળ્યું.બીજા દિવસે બીજા માણસને મોકલ્યો તે ગયો અને પૂરી રાત નમાઝ અને દુઆઓ પઢતા પઢતા ઈમામે ઝમાના અ.સ.થી ઇસ્તેગાસા કરતો રહ્યો,પરંતુ કોઈ ફાયદો ન થયો ત્યાં સુધી કે સવાર પડી ગઈ અને નાઉમ્મીદ થઈને પરેશાન હાલતમાં શહેરમાં પરત આવ્યો.

લોકો કે જે બેચેનીથી તેનો ઇન્તેઝાર કરતા હતા તેઓને આવતાની સાથે જ સવાલ કરવા લાગ્યા.

તેમણે જવાબ આપ્યો:-“મને કોઈ ન મળ્યું.”

આ સાંભળીને લોકો હેરાન પરેશાન થવા લાગ્યા અને કોઈના સમજમાં ન હતું આવતું કે હવે શું કરવું?આખરે જેમતેમ કરીને દિવસ પસાર કર્યો અને રાત પડી,હવે ત્રીજો માણસ “મોહમ્મદ ઇબ્ને ઈસા”જે છેલ્લો હતા તે રણ તરફ રવાના થયા,દરેક બાજુ કાળુ અંધારું હતું,અમુક ડગલા પછી શું છે તે પણ ન હતું દેખાતું,તે અંધારા જંગલમાં ચાલતા ચાલતા એક જગ્યાએ પોહંચ્યા અને ઉભા રહી ગયા અને ઉભા રહીને નમાઝ અને દુઆઓ પઢવા લાગ્યા-પરવરદિગાર!અમો ગરીબોના ઉપરથી આ મુસીબતને દુર કરી દે અને પછી ઈમામે ઝમાના અ.સ.થી ઇસ્તેગાસા કરતા કરતા કહ્યું:-“મૌલા અમે ઘણી મોટી મુસીબતમાં ફસાયા છે અમારી મદદ કરો,આ રીતે દિલની ગેહરાઈથી વાતો કરતા હતા અને ધીમેધીમે સમય પસાર થતો હતો,જેમ જેમ સમય પસાર થતો હતો દિલની ધડકન તેઝ થતી જાતી હતી,ત્યાં સુધી કે રાતનો છેલ્લો ભાગ હતો અને મોહમ્મદ ઇબ્ને ઇસાના રડવામાં ઔર વધારો થયો અને આજીજી સાથે દુઆ કરતા હતા કે અચાનક એક માણસની અવાઝ આવી:-“અય મોહમ્મદ ઇબ્ને ઇસા શા માટે એટલા પરેશાન છો?શા માટે અહિયાં આવ્યા?

મોહમ્મદ ઇબ્ને ઈસાએ કહ્યું:-“તમે મને મારી હાલત પર રહેવા દયો,હું અહિયાં એક ખાસ કામ માટે આવ્યો છુ અને મારા ઈમામે ઝમાના અ.સ. સિવાય બીજા કોઈને નથી કહી શકતોકે જે આ મોટી મુસીબતને દુર કરવાની તાકાત નો રાખતા હોય અને ન તો બીજાને મારી શિકાયત કરી શકું.

અય મોહમ્મદ! હું જ સાહેબુઝઝમાન છુ કઈ મુસીબતમાં પડેલા છો બયાન કરો?

મોહમ્મદ ઇબ્ને ઈસાએ કહ્યું:-"અગર તમે ઝમાનાના ઈમામ અ.સ. છો તો મારે કેહવાની જરૂરત નથી."

હા,તમે સાચું કહો છો,તમે અહિયાં દાડમવાળી મુસીબત અને હાકીમેં જે ધમકી આપી છે એના કારણે આવ્યા છો.

મોહમ્મદ ઇબ્ને ઈસા કહે છે કે:-આ સાંભળીને એ તરફ મેં મારું ધ્યાન કર્યું જ્યાંથી અવાઝ આવતી હતી અને એકદમ અદબ અને એહ્તેરામથી કહ્યુ:-"હા મારા મૌલા!તમે સારી રીતે જાણો છોકે અમે કેવી મુસીબતમાં ફસાયેલા છીએ તમે જ આ બલાથી બચાવી શકો છો."

ઈમામ અ.સ.મેં ફરમાવ્યું :-"અય મોહમ્મદ ઇબ્ને ઈસા!વઝીરના ઘરે એક દાડમનું ઝાડ છે,જયારે ઝાડ પર ફળ આવ્યું ત્યારે દાડમનું એક બીબું બનાવ્યું અને તેને બે ભાગમાં વહેંચ્યું અને પછી તેના ભાગ પર એ શબ્દો લખ્યા જે દાડમ પર લખેલા છે,દાડમ તે સમયે નાનું હતું,માટે તેણે લખીને તેના બન્ને ભાગોને દાડમ પર કવરની જેમ ચિપકાવી દીધું,એ માટીના બીબામાં જેમ જેમ દાડમ મોટું થતું ગયું તેમ તેમ તે લખાણ તેના પર નક્શ થઈ ગયું,જેના પરિણામ સ્વરૂપે આમ બન્યું છે,બસ તમે સવારમાં જ હાકીમ પાસે જાજો અને કેહ્જો કે હું જવાબ લઈને આવ્યો છુ,પરંતુ અહિયાં નહી,વઝીરના ઘરે જઈને જવાબ આપીશું અને જયારે તમે વઝીરના ઘરે દાખિલ થશો તો જમણી બાજુ એક રૂમ દેખાશે ત્યાં પહોંચીને હાકીમને કેહ્જો કે આ રૂમમાં હું જવાબ આપીશ,તે સમય વઝીર કોશિશ કરશે કે તમને અંદર દાખિલ ન થવા દે,પરંતુ તમે અંદર જવા પર મક્કમ રેહજો અને એ યાદ રાખજો કે વઝીર તમારી પેહલા અંદર જવાની ઘણી કોશીશ કરશે પરંતુ તમે તમારાથી પેહલા જવા ન દેતા અને પેહલા તમે અંદર જજો,જયારે રૂમમાં દાખિલ થશો તો એક ટેબલ દેખાશે જેના પર સફેદ થેલો હશે,તમે તેને ખોલજો,તેમાં માટીમાંથી બનાવેલું દાડમનું બીબું મળશે,જે ખુદ વઝીરે તેના હાથે બનાવેલ છે,તમે તેને થેલામાંથી કાઢી અને બાદશાહને દેખાડજો જેથી વઝીરની મક્કારી જાહેર થઈ જાય.

અય મોહમ્મદ ઇબ્ને ઈસા!બીજી નિશાની એ છે કે તમે હાકીમને કેહ્જો કે અમારો બીજો મોઅજીઝો એ છે કે જયારે તમે તે દાડમને તોડશો તો તેમાં ધુમાંડો અને માટી સિવાય બીજું કઈ નહી નીકળે અને બાદશાહને કેહ્જો અગર તમે એ વાતની ખાતરી કરવા માંગતા હો તો તમે વઝીરને કહો કે દાડમને

લોકોની સામે તોડે,બસ જયારે તે દાડમને તોડશે તો તેની માટી અને ધુમાડો વઝીરની દાઢીમાં જશે.

આ સાંભળીને મોહમ્મદ ઇબ્ને ઈસા ઘણા ખુશ થઈ ગયા અને તેમણે નારાઝગીના સ્વરમાં કહ્યું:-"મૌલા!શા માટે તમે ત્રીજા દિવસે જવાબ આપ્યો,અગર તમે પેહલા જ દિવસે જવાબ દઈ દીધો હોત તો અત્યાર સુધીમાં તમામ પરેશાની દુર થઈ ગઈ હોત."

અય મોહમ્મદ ઇબ્ને ઈસા!એમાં તમારી ભૂલ છે,કારણકે તમે ત્રણ દિવસની મોહલત માંગી,અગર તમે એક દિવસની પણ મંજુરી લેત તો હું પેહલી રાત્રે જ જવાબ આપી દેત.

આખરે અમુક પળોમાં ઈમામે ઝમાના અ.સ. ગાયબ થઈ ગયા અને મોહમ્મદ ઇબ્ને ઈસા ખુશીની હાલતમાં શીઆઓ તરફ પરત આવ્યા,તેમને ખુશી ખુશી આવતા જોઇને લોકોને ઉમ્મીદની એક કિરણ દેખાણી અને પછી મોહમ્મદ ઇબ્ને ઈસાએ પૂરી વાત બયાન કરી.

સવાર સવારમાં અમુક શીઆઓ હાકીમ પાસે પહોંચ્યા અને ઘણા અદબ અને એહ્તેરામ સાથે સલામ કરી.

મોહમ્મદ ઇબ્ને ઈસા કે કહ્યું:-"અમે જવાબ લઈને આવ્યા છીએ,પરંતુ અહિયાં નહી બલ્કે વઝીરના ઘરે આપીશું.

આ સાંભળીને વઝીરના હોશ ઉડી ગયા અને તેના ચેહરા પરથી હવા ઉડી ગઈ,તેણે ઘણા બહાના બનાવ્યા અને ટાળમટોળ કર્યું જેથી આ રાઝ કોઈને ખબર ન પડે ત્યાં સુધી કે તેણે કહ્યુ:-"તમે વક્તના બાદશાહ છો અને મારા ગરીબના ઘરે તશરીફ લાવો છો માટે અમુક સમયની મને ઈજાઝત આપો જેથી હું તમારી પેહલા જઇને ઘરમાં સફાઈ કરાવી લઉ.બાદશાહની મર્ઝી હતી પરંતુ મોહમ્મદ ઇબ્ને ઈસાએ કહ્યું:-બાદશાહ સલામત!આવુ ક્યારેય નહી થઈ શકેઅગર તમે જવાબ સાંભળવા ઈચ્છતા હોય તો વઝીર પેહલા ઘરે નહી જાય પરંતુ આપણે સાથે જઈશું.

અંતે મોહમ્મદ ઇબ્ને ઈસાની વાત બાદશાહે માન્ય રાખી અને વઝીરની તમામ કોશિશો નાકામ રહી ગઈ,પછી દરેક વઝીરના ઘરે નીકળી પડ્યા એ સમયે વઝીરનો ચેહરાનો રંગ બદલતો જતો હતો અને અંદરથી પણ ઘણો બધો ડરેલો દેખાતો હતો,ત્યાં સુધી કે ઘરે પહોંચ્યા અને તે રૂમમાં દાખિલ થયા જેના બારામાં ઈમામે ઝમાના અ.સ.મેં બતાવ્યું હતું.

બસ જેવા દાખિલ થયા તો મોહમ્મદ ઇબ્ને ઈસાએ દુરથી જોયું કે જે જગ્યાએ ઈમામ અ.સ.મેં કહ્યુ હતું એ જ જગ્યા પર એક ટેબલ હતું અને તેના પર એક સફેદ થેલી રાખેલી હતી.મોહમ્મદ ઇબ્ને ઈસા તરતજ આગળ વધ્યા અને થેલામાંથી દાડમનું બીબું બહાર કાઢી અને બાદશાહને આપી દીધું,આ જોઇને બાદશાહની હેરાનીનો પાર ન રહ્યો,આ બાજુ વઝીરના પગ નીચેથી ઝમીન નીકળી ગઈ,તેના ચેહરા પરથી હોંશ ઉડી ગયા અને શરમીંદગીના આસાર નઝરે પડતા હતા.

આ જોઇને મોહમ્મદ ઇબ્ને ઈસા અને બીજા શીઆઓ કે જે સાથે હતા તે બધા એ રાહતનો શ્વાસ લીધો અને દિલમાં ને દિલમાં ખુદા અને ઈમામે ઝમાના અ.સ.નો શુક્ર અદા કર્યો.

આ મંઝર જોઇને હાકીમે મોહમ્મદ ઇબ્ને ઈસાની તરફ ચેહરો કરી અને કહ્યું:-"તમને આ બધું કોણે દેખાડ્યું?"

મોહમ્મદ ઇબ્ને ઈસાએ જવાબમાં કહ્યું:-અમારા મૌલા અને આકા ઈમામે ઝમાના અ.સ.મેં આ રાઝની ખબર આપી.

તમારા ઈમામ કોણ છે?

જવાબમાં મોહમ્મદ ઇબ્ને ઈસાએ શુરુઆતથી લઈને તમામ અઈમ્માહ અ.મુ.સ.ના નામ ગણાવવા લાગ્યા ત્યાં સુધી કે આખરી ઈમામનું નામ સુધી પહોંચ્યા.

આ હકીકતો જોઇને હાકીમે શીઆ મઝહબ કબુલ કરી લીધો અને તેની ઝબાન પર કલમો જરી કર્યો:-

أشهد أن لا إله الله. أشهد أن محمد عبده ورسوله وأشهد أن عليا أمير المومين على بن أبي طالب خليفته بلا فصل

તે પછી દરેક ઈમામ અ.સ.ની ઈમામતનો ઈકરાર કર્યો અને વઝીરને કત્લ કરવાનો હુકમ આપ્યો અને બેહરૈનવાસીઓથી માફી માંગી.

આ વાકેઓ બેહરૈનમાં આજે પણ મશહુર છે અને આજે પણ મોહમ્મદ ઇબ્ને ઈસાની કબ્રની ઝીયારત દરેક માટે ઝીયારતગાહ બનેલી છે,તેમની ઝીયારત માટે દુર દુરથી લોકો આવે છે.

(રેફ.નજ્મુંસ્સાકીબ પેજ.૫૫૬)

## ૨.ઈમામતનો કરિશ્મો

શહીદે સાલીસ (આપનું નામ શરીફ સય્યદ કાઝી નુરુલ્લાહ શુસ્તરી છે,આપની કબ્ર મુબારક આગ્રામાં છે,તેઓ ઔરંગઝૈબના ઝમાનામાં ચાર મઝહબના મુફ્તી હતા,જેઓ એમના મઝહબ મુજબ ફતવા આપતા હતા અને તેમના મસઅલાનો હલ કરતા હતા,જયારે ઔરંગઝૈબને ખબર પડી કે તે શીઆ છે,તો તેમણે તેમના પર ખુબજ ઝુલ્મો સિતમ કર્યા અને સાથે શહીદ પણ કર્યા,આપની કબ્ર મુબારક આજે પણ આગ્રામાં ઝિયારતગાહ તરીકે મશહુર છે.) બયાન કરે છે:-

એહલેસુન્ન વલ જમાઅતના એક આલીમ અલ્લામાં હિલ્લીના ઉસ્તાદ હતા.તેમણે શીઆ મઝહબ વિરુદ્ધ એક કિતાબ લખી,તે કિતાબને મજ્લીસો અને મેહ્ફીલોમાં લોકોને સંભળાવતા હતા,જેના લીધે તે ધીમે ધીમે ઘણા લોકોને ગુમરાહ કરી ચુક્યા હતા. અને એ ડરના લીધે કે કોઈ શીઆ આનો જવાબ ન લખી દે માટે આ કિતાબને કોઈને આપતા ન હતા,અલ્લામાં હિલ્લી એક લાંબા સમય સુધી એ ચિંતામાં હતા કે કોઈ પણ રીતે આ કિતાબ મળી જાય જેથી તેનો જવાબ આપી શકાય,જો કે ઉસ્તાદ અને શાગિર્દનો સંબંધ હતો,માટે અલ્લામાં હિલ્લીએ મોકો જોઇને ઉસ્તાદની નઝદીકી મેળવીને કહ્યુ:- “તમે મને આ કિતાબને અમાનત તરીકે આપો જેથી થોડા સમયમાં જ પાછી આપી દઉ.

તેઓ ઈચ્છતા જ ન હતા કે અલ્લામાં હિલ્લીને આ કિતાબ મળે,કારણકે તેમને ડર હતો કે આ કિતાબની વિરુદ્ધમાં તેઓ લખશે.માટે પેહલા તો બહાના બનાવતા રહ્યા,પરંતુ અલ્લામાંની જીદ વધતી ગઈ તો એક દિવસ તેમણે કહ્યું:- “મેં કસમ ખાધી છે કે આ કિતાબને એક દિવસ કરતા વધારે કોઈને નહી આપું.”

અલ્લામાં હિલ્લી એ મૌકો જોઇને કહ્યુ:-“સારું તમે મને એક રાત પુરતી આપો,સવારે તમને પછી આપી દઈશ,એમ કહીને કિતાબ લીધી અને તરતજ ઘરે આવ્યા અને લખવાનું શુરુ કરી દીધું,લખતા લખતા જયારે અડધી રાત પૂરી થઈ તો તેમને પર ઊંઘ આવવા લાગી અને સુઈ ગયા અને તે સમયે હઝરત સાહેબુઝઝમાન અ.સ. આવ્યા અને તેમના હાથમાંથી કિતાબ લઈ લીધી જયારે અલ્લામા હિલ્લી વેહલી સવારે ઊંઘમાંથી ઉઠ્યા તો ઘણો જ અફસોસ કરતા કેહવા લાગ્યા હું સુઈ ગયો,જયારે કે મારે કિતાબ લખવાની

હતી,હવે શું કરું,કારણકે આજે સવારે કિતાબ પાછી દેવાની છે,અફસોસ સાથે જેવી કિતાબ તરફ નઝર કરી કે તો જોયું કે કિતાબ લખાયેલી હતી.

(રેફ.નજ્મુસ્સાકીબ પેજ.૩૫૨)

## ૩.કત્લથી નજાત

મોહંમદ બીન હારૂને અબુલ હુસૈન બીલ બગ્લથી રીવાયત કરી છે કે તેઓ કહે છે કે : મેં થોડા સમય સુધી વઝીર અબુ મન્સુર બીન સાલેહાન પાસે નોકરી કરી. પછી અમારા વચ્ચે મતભેદ થતા, વઝીર મારી જાનનો દુશ્મન બની ગયો. જેના કારણે મજબુરીથી મેં એકાંતવાસ ઈખ્તિયાર કર્યો.

એક વખત શબે જુમ્આ મેં ઈમામ મુસા કાઝીમ(અલય્હિસ્સલામ) અને ઈમામ મોહંમદ તકી (અલય્હિસ્સલામ)ના રૌઝએ અત્હર જવાનો ઈરાદો કર્યો. મેં વીચાર્યુ કે આખી રાત હરમે મુતહહરમાં વીતાવીશ. અને રડી રડીને ખુદાવંદે કરીમને તેના બુઝુર્ગોનો વાસ્તો આપીશ જેથી મારી આ મુસીબત દુર થઈ જાય.

શબે જુમ્આ આવી. તે રાત્રે મુશળધાર વરસાદ વરસી રહ્યો હતો. હું કાઝમૈન આવ્યો અને હરમમાં દાખલ થયો. થોડીવાર પછી હરમ મુબારકમાંથી ઝવ્વારો એક પછી એક વીદાય થવા લાગ્યા. અંતે હું એકલો બાકી રહ્યો. મેં હરમના ખાદીમ અબુ જાફરને હરમ બંધ કરી દેવાની અને મને આખી રાત હરમ મુબારકમાં ઈબાદત કરવા માટે પરવાનગી આપવાની વીનંતી કરી.

ખાદીમે મને રજા આપી. તે હરમના બધા દરવાજાઓ બંધ કરીને ચાલ્યો ગયો. તે રાત્રે ભારે વરસાદ અને તોફાની પવન ફૂંકાઈ રહ્યો હતો. લોકોની અવર જવર બીલ્કુલ બંધ થઈ ગઈ હતી. અડધી રાત પસાર થવા પછી મેં એક નવજવાનને જોયા જેઓ ઈમામે મુસા કાઝીમ (અલય્હિસ્સલામ)ની કબ્ર મુબારક પાસે ઉભા રહીને ઝીયારત પડી રહ્યા હતા.

તે નવજવાનના ઝીયારત પડવાના લહેજામાં એટલી બધી મીઠાશ હતી કે હું મારી મુનાજાત કરવાનું ભૂલી ગયો અને તેઓની ઝીયારતના શબ્દો સાંભળવામાં તલ્લીન થઈ ગયો. તેઓએ હઝરત આદમ(અલય્હિસ્સલામ) અને ઉલૂલ અઝમ નબીઓ પર સલામ મોકલી. ત્યારપછી અઈમ્મએ તાહેરીન (અલય્હિસ્સલામ) પર એક પછી એક નામ લઈને સલામ મોકલી. પરંતુ તેઓનો સલામ મોકલવાનો સીલસીલો ફકત અગિયારમાં ઈમામ (અલય્હિસ્સલામ) સુધી જ રહ્યો.

મને ઘણુંજ આશ્ચર્ય થયું કે તેણે બારમાં ઈમામ (અલય્હિસ્સલામ) ઉપર દુરૂદ નથી મોકલ્યા. મેં વિચાર્યુ કે કદાચ તેઓ ભુલી ગયા હશે અને એ પણ શક્ય છે કે તેનો મઝહબ અને અકીદો આ જ હોય.

યુવાને ઝિયારત પુરી કરી પછી તેમણે બે રકઅત નમાઝ પઢી.

પછી તે યુવાન હઝરત ઈમામ મોહમ્મદ તકી (અલય્હિસ્સલામ)ની પવિત્ર લહદ ઉપર આવ્યા અને અહિંયા પણ એજ ઝિયારત પઢ્યા જે અગાઉ પઢી ચુક્યા હતા. તેમણે બે રકઅત નમાઝ પઢી.

આ અગાઉ ક્યારેય મેં આ યુવાનને જોયા ન હતા. એટલા માટે મનમાં ગભરાવા લાગ્યો. ત્યારપછી હું તેમને નિરખી નિરખીને જોવા લાગ્યો. તો મેં યુવાનને સફેદ પોષાકમા જોયા. તેમણે અમામો બાંધેલો હતો અને 'તહેતુલ હનક' પણ મૌજુદ હતી એમના ખભા ઉપર ચાદર પણ હતી.

જ્યારે તે નમાઝ અને ઝિયારત પઢી ચુક્યા તો મને સંબોધીને કહ્યું "અબુલ હુસૈન બિન અબિલ ફલ! જો પરેશાન છો તો તમે દોઆએ ફરજ કેમ નથી પઢતા?"

મેં પૂછ્યું તે કઈ દોઆ છે?

તેઓએ ફરમાવ્યું : "પહેલા બે રકઅત નમાઝ પઢો ત્યાર બાદ આ દોઆ પઢો.

**યા મન અઝહરલ જમીલ વ સતરલ કબીહ યા મન લમ યોઆખીઝ બિલ જરીરતે વ લમ યહતેકિસ્સિતરે, યા અઝીમલ મન્ને, યા કરીમસ્સફહે, યા મુબતદે અન નેઅમે કબ્લ ઈસ તેહકાકેહા, યા હસનત્તાજાવોઝે, યા વાસેઅલ મગફેરતે, યા બાસેતલ યદયને બિર રહમતે, યા મુન્તહા કુલ્લે નજવા, વ યા ગાયત કુલ્લે શકવા, વયા અવન કુલ્લે મુસ્તઈનિન, યા મુબતદેઅન બિન્નેઅમે કબ્લસ તેહકાકેહા (ત્યારપછી બે વખત) યા રબ્બાહો, (બે વખત) યા સય્યદાહો, (બે વખત) યા મવલાહો, (બે વખત) યા ગાયતાહો, (બે વખત) યા મુન્તહા રગબતાહો, (બે વખત) અસ અલોકા બે હક્કે હાઝેહિલ અસ્માએ વ બે હક્કે મોહમ્મદિન વ આલેહિત્તાહેરિન અલયહેમુસ્સલામો ઈલ્લા મા કશફતા કરબી, વ નફફસતા હમ્મી, વ ફર્રજતા અન્ની વ અસલહતા હાલી**

ત્યારપછી સજદામાં જઈને એકસો (૧૦૦) વખત કહે :

**યા મોહમ્મદો યા અલીય્યો, યા અલીય્યો યા મોહમ્મદ, ઈકફેયાની ફઈન્નકોમા કાફેયાન, વન્સોરાની ફઈન્નકોમા નાસેરાન**

ત્યારપછી ૧૦૦ વખત **અદરિકની** અને ત્યારપછી એક જ શ્વાસમાં **અલ ગવસ, અલ ગવસ, અલ ગવસ** પછી પોતાની હાજત માંગે.

**યા રબ્બાહ** - દસ વખત

**અસઅલોક બેહક્કે હાઝેહી અસ્માઅ વ બે હક્કે મોહંમદ વ આલેહિત્તાહેરીનલ માકશકફી કરબી વ નફસત હમ્મી વ ફરજત ગમ્મી વ અસ્લહત હાલી.**

ત્યારપછી અલ્લાહની બારગાહમાં તમારી હાજત માંગો અને પછી તમારા જમણા ગાલને જમીન ઉપર મૂકીને એકસો વખત આ પ્રમાણે કહો: **"યા મોહમ્મદ યા અલી યા મોહમ્મદ ઈકફેયાની ફઈન્નકોમા કાફેયાન વનસોરાની ફઈન્નકોમા નાસેરાન."**

પછી પોતાના ડાબા ગાલને જમીન ઉપર મૂકીને એકસો વખત કહો: **"અદરીકની"**

પછી કહો : **"અલ ગવ્સ, અલ ગવ્સ, અલ ગવ્સ.."** ઉપરોક્ત શબ્દોને વારંવાર શ્વાસ તૂટી જાય ત્યાં સુધી દોહરાવતા રહો. ત્યાર બાદ જમીન ઉપરથી માથું ઉપાડો. ઈન્શાઅલ્લાહ તમારી હાજત પુરી થશે.

મેં યુવાનની સૂચના મુજબ અમલ કર્યો નમાઝે શબનો સમય થયો. હરમના ખાદિમ અબુજાફરે બારણું ખોલ્યું : મેં તેને પ્રશ્ન કર્યો : "હે અલ્લાહના બંદા! શું તમે ખાત્રીપૂર્વક કહી શકો છો કે આખી રાત બારણાં બંધ હતા?"

તેણે હકારમાં જવાબ આપ્યો.

મેં કહ્યું : "અહિંયા કોઈ ગુપ્ત બારણું નથી?"

તેણે નકારમાં જવાબ આપ્યો.

મેં કહ્યું : "તો પછી મેં જોયું કે એક યુવાન અંદર કઈ રીતે આવી ગયા? તમારા કહેવા પ્રમાણે બારણાં તો બધાંજ બંધ છે."

અબુજાફરે કહ્યું : "તેઓ ઈમામે અસ્ર સાહેબુઝઝમાન (અલય્હિસ્સલામ) હતા. આ અગાઉ કેટલીયેવાર આ પવિત્ર હરમમાં મેં તેમની ઝિયારત કરી છે."

આ સાંભળીને મને ઘણુંજ દુ:ખ થયું કે હું ઈમામે ઝમાના (અલય્હિસ્સલામ)ને ઓળખી ન શકયો અને તેમની સોહબતનો લાભ ન મેળવી શકયો. હું હરમમાંથી બહાર આવ્યો. સુબ્હ સાદીકનો સમય થઈ રહ્યો

હતો. અને હું લપાતો - છુપાતો કરખના મોહલ્લા સુધી પહોંચ્યો. જ્યાં હું ઘણાં સમયથી ગુપ્તવાસમાં હતો.

થોડા સમય પછી મારા ઘરનું બારણું કોઈએ ખટખટાવ્યું મેં બારણું ખોલીને જોયું તો વઝીરના કેટલાક મિત્રો ઉભા હતા. હું પરેશાનીમાં ડુબી ગયો.

તેઓએ કહ્યું : "ગભરાવાનું કોઈ કારણ નથી. વઝીરે તમારા માટે અમાનનામું લખી મોકલ્યું છે."

મેં અમાનનામાનું લખાણ વાંચ્યું તે સાથેજ વઝીરનું લખાણ હતું. પછી તેઓએ કહ્યું : હવે ગુપ્તવાસમાંથી બાહર આવ્યો. વઝીરે તમને બોલાવ્યા છે અને તેઓ તમારી આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. હું તેમની સાથે રવાના થયો. જ્યારે હું વઝીરના ઘરે પહોંચ્યો તો મને જોઈને વઝીર દોડતો આવ્યો અને મને ગળે લગાડીને કહેવા લાગ્યો : "મિત્ર! તમે એટલા બધા મુંઝાઈ ગયા હતા કે મારી શિકાયત ઈમામે ઝમાના (અલય્હિસ્સલામ)ને કરી દીધી. ઈમામે ઝમાના (અલય્હિસ્સલામ)એ મને તમારી સાથે સદવર્તન દાખવવાનો હુકમ આપ્યો છે." હવે મને વિસ્તારપૂર્વક કહો કે તમારી ઈમામ (અલય્હિસ્સલામ) સાથે મુલાકાત કેવી રીતે થઈ? અને તમોએ આ તવસ્સુલ કઈ રીતે મેળવ્યો?

મેં વિગતે વઝીરને વાત કરી તો વઝીરે કહ્યું : "હું ગવાહી આપું છું કે બેશક તેઓ આખી કાએનાતના ઈમામે હક અને હઝરત રસૂલેખુદા (સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમ)ના જાનશીન છે."

વઝીરે મને ઘણી બધી ભેટ સોગાદ આપી. આ બધું જ ઈમામે ઝમાના (અલય્હિસ્સલામ)ના લીધે થયું.

(ફરજલમહમુમ સૈયદ ઈબ્ને તાઉસ દર તારીખે ઓલમાએ નજુમ, પાના નં. ૨૪૭)

## ૪.ઈમામે ઝમાના અ.સ.ની મદદ

શૈખ મિસ્બાહઝાદા કહે છે:-

મસ્જીદ એટલી બધી લોકોની ભીડથી ભરેલી હતી કે પગ રાખવાની જગ્યા નથી,માણસ નમાઝ,દુઆ અને ઝીયારતમાં મશગુલ હતા અને એક વહાબી આલીમ તકરીર કરી રહ્યો હતો,જે શીઆઓ અને ખાસ કરીને ઈરાનીઓની વિરુદ્ધ બોલતો હતો,તે પોતાની તકરીરમાં જાહેર રીતે કેહતો હતો કે ઈરાની શીઆઓ મુશ્રીક છે અને તેઓ હકથી ફરી ગયા છે,એ ફક્ત પયગમ્બર સ.અ.વ.ની ઝરીઅ જે ચાંદીની બનેલી હતી,તેનો એહતેરામ કરે છે અને તેને

ચૂમે છે,જયારે કે ખુદાએ તઆલા પયગમ્બર સ.અ.વ.ના સંબંધમાં ફરમાવે છે:- "તમે અને તેઓ મુર્દા છો"માટે આ આયતની રોશનીમાં સ્પષટ અને સાફ થઈ જાય છે કે મુર્દોથી તવસ્સુલ કરવું શિર્ક છે,તે આવી રીતે અયોગ્ય અને તૌહીનવાળી બકવાસ કરતો હતો,જેના લીધે લોકો ધીરે ધીરે શીઆઓથી નફરત કરવા લાગ્યા,તે દરમ્યાન એક એંસી વર્ષનો બુઢો માણસ જેના માથા પર સફેદ અમામો હતો તેણે આગળ વધીને કહ્યુ:-"અય ઉસ્તાદ અગર તમારી રજા હોય તો એક સવાલ પુછુ?"

જવાબ આપ્યો:-"પૂછો"

શું પયગમ્બર સ.અ.વ.મેં પોતાની હદીસમાં નથી ફરમાવ્યું કે:-"જે સમયે હઝરત આદમ પાણી અને માટીની વચ્ચે હતા,હું એ સમયે પણ નબી હતો." હુ ચાહતો હતો કે વખાણ સાથે તેઓને જવાબ આપે,પરતું તે બિચારાને બોલવાનો મૌકો ન દીધો,તે ઝાકીર મીમ્બરથી નીચે ઉતર્યો અને વૃદ્ધ માણસનો હાથ પકડીને લોકોની સામે દેખાડીને કેહવા લાગ્યો:-"તમે લોકોએ સાંભળ્યું આ એ શું વાત કરી?"બસ જે કઈ તેણે કહ્યું હતું લોકોએ તેનો સ્વીકાર કર્યો.તે પછી ઝાકીરે કહ્યુ:-"તમે બધા મળીને કાઝી પાસે આવીને ગવાહી આપો જેથી તેના પર શરઈ હદ જારી કરી શકાય.

આ સાંભળીને અમુક કર્મચારીઓ અને પોલીસના માણસો આવી ગયા અને તે વૃદ્ધનો હાથ પકડી મસ્જીદના પશ્ચિમી દરવાઝા તરફ લઈ જવા લાગ્યા.બસ બધા લોકો તેની સાથે મળી ગયા. લોકોનું ટોળું દરવાઝા તરફ હતું,આટલી ભીડમાં ખરેખર કોઈ વિચારી શકતું ન હતું કે કોઈ બહારથી અંદર પણ આવી શકે કારણકે દરેક માણસ બહાર તરફ આગળ વધતો હતો મેં જોયું કે ગુમાનમાં ન આવે તેમ એક શખ્સ જેના સર પર કાળો અમામો હતો અને જમણા ગાલ પર કાળો તલનું નિશાન હતું,બસ જોત જોતામાં આ દરવાઝાથી આસાનીથી અંદર દાખિલ થયા અને તે વૃદ્ધ મૌલાનાનો હાથ પકડીને લોકોની વચ્ચેથી એક બાજુ લઈ ગયા અને તેના ખભા પર હાથ રાખી કહ્યુ:-"જાવ તમારું કામ કરો,આ સાંભળીને તે મૌલાના ચાલ્યા ગયા,ત્યાં સુધી કે મારો સૌ એ સૌ ટકા ઈરાદો હતો કે તેમની મુલાકાત કરું,માટે હું તેમની શોધમાં આગળ વધ્યો પરંતુ મેં ઘણી કોશિશ કરી અને દરેક જગ્યાએ તેમને શોધ્યા પરંતુ દેખાણા નહી,નાઉમ્મીદ થઈને તે શખ્સની પાસે આવ્યો કે જેમની પાસે

ઝીયારત કરનારના શુઝ ચપ્પલ રાખેલા હોય છે અને તેમને પૂછ્યું:-“શું આવા આવા કોઈ આદમીને હરમની બહાર નીકળતા જોયા?”

તેણે કહ્યુ:-“નહી,મેં આવો કોઈ માણસને નથી જોયો,તે પછી હું બહાર નીકળ્યો અને રસ્તા તરફ ગયો ત્યાપણ દરેક બાજુ જોયું પરંતુ ન મળ્યા,આખરે નાઉમ્મીદ થઈને મસ્જીદમાં પાછો આવ્યો.લોકોનું ટોળું હતું પરંતુ દરેક જણ ડરેલા દેખાતા હતા,બીજા દિવસે મેં તે મૌલાનાને મસ્જીદે નબી સ.અ.વ.ના એક ખૂણામાં બેઠેલા જોયા કે જે લોકોની હજના હુકમો બયાન કરતા હતા,હું તેમની નઝદીક પહોંચ્યો અને કહ્યુ:-“ઉસ્તાદ હું ચાહું છુ કે તમને હમ્દ અને સુરા પઢીને સંભળાવું અગર કઈ ભૂલ હોય તો સુધારો કરાવજો.

તેમણે કહ્યુ:-પઢો

બસ પછી મેં હમ્દ અને સુરા પઢયો.

તેમણે કહ્યું:-બરોબર છે.

મેં કહ્યુ:-“શું તમે એ જ માણસ નથી કે જે કાલે ફલાણા વહાબી સામે હ્દીસે પયગંબર પઢી હતી અને તે ચાહતો હતો કે તમને કાઝી પાસે લઈ જાય?

જવાબ દીધો:-“કે હા હું જ તે છુ”

મેં કહ્યુ:-“તમારી મેહરબાની થશે કે તમે બતાવો કે તે સાહેબ જેણે તમારો હાથ પકડીને લોકોથી તમને બચાવ્યા તે કોણ હતું?મૌલાનાએ દબાયેલા અવાઝમાં કહ્યુ:- અય શૈખ أطفا السراج طلع الشمس

એટલે કે ચિરાગ બુજાવી દયો સુરજ ચમકવા લાગ્યો છે,આ શબ્દો કહીને પછી કોઈ જવાબ ન આપ્યો.

(રેફ.મુલાકાત બઈમાંમે અસ્ર પેજ.૨૬૪)

## ૫.ઈમામે ઝમાના અ.સ અને એક તરસ્યો મુસાફર

જનાબે અમીર ઇસહાક ઈસ્ત્રાબાદી અલ્લામાં મજ્લીસીના મોહતરમ પિતા બયાન કરે છે:-

હું એક વખત અમુક હાજીઓ સાથે હજ કરવા માટે મક્કા તરફ રવાના થયો,ચાલતા ચાલતા અમે એક જગ્યાએ પહોંચ્યા જયાંથી મક્કા સુધી પહોંચવા ફક્ત ૭ મંઝીલની દુરી હતી,બન્યું એવું કે હું કાફલાથી પાછળ રહી ગયો ત્યાં સુધી કે કાફલો દેખાતો બંધ થઈ ગયો અને હું જંગલમાં અહી તહી દોડતો રહ્યો,ત્યાં સુધી કે મને તરસ લાગી પરંતુ ત્યાં દુરદુર સુધી પાણીનો કોઈ ઝરીયો

ન હતા,પ્યાસની શિદ્દત એટલી બધી હતી કે મારા હોઠો પણ સુકાઈ ગયા અને અમુક ડગલા ચાલવા ફરવાની તાકાત પણ ન હતી અને હું ઝીંદગીથી નાઉમ્મીદ થઈને એક બાજુ બેઠી ગયો.

જયારે કોઈ રસ્તો ન મળ્યો તો મેં મજબુર થઈને મદદ માટે આવાઝ કરી કે

يا أبا صالح رحمك الله أدركني وأغثني

હું મારા આકા અને મૌલાને બોલાવી રહ્યો હતો કે અચાનક જંગલમાં મને એક શખ્સ દેખાણા જે ખુબજ ઝડપથી મારી તરફ આવતા હતા,તે અમુક ક્ષણોમાં મારી પાસે આવી ગયા,તે મારી નઝદીક પહોંચ્યા જ હતા કે મેં સલામ કરી,તેમણે એકદમ નરમ અને નાજુક અને મીઠા અંદાજમાં સલામનો જવાબ આપ્યો અને કેહવા લાગ્યા:- શું તમેં પ્યાસા છો?

મેં કહ્યુ:-“જીહા,ખુબજ તરસ લાગેલી છે,તેમણે તરતજ પાણીથી ભરેલો પ્યાલો આપ્યો અને કહ્યુ:-“આ પાણી પી લ્યો.

પાણી જોઇને હું ખુબજ ખુશ થઈ ગયો અને પાણી પી ને મારી જાનની અંદર જાન આવી અને મેં તેમનો ઘણો આભાર માન્યો.

તેમણે કહ્યુ:-“શું તમે તમારા કાફલા સુધી પહોંચવા ચાહો છો?”

મેં કહ્યુ;-“હા”

ફરમાવ્યું:-“આવો મારી સવારી ઉપર સવાર થઈ જાવ”

હું તરતજ તેમના ઊંટ પર સવાર થઈ ગયો,પછી અમે મક્કા તરફ રવાના થયા,સામાન્ય રીતે મારી આદત હતી કે હું રોઝ હીર્ઝે યમાની પઢતો હતો,પછી જયારે મેં થોડો આરામનો શ્વાસ લીધો તો હીર્ઝ યમાની પઢવાનું શુરુ કર્યું,તેમણે ઘણી જગ્યાએ મારી સુધારણા કરી,જયારે પણ હું ખોટું પઢતો તો તરત જ કહેતા કે આ ખોટું છે,આ રીતે પઢો,અમને ચાલતા ચાલતા થોડો જ સમય થયો હતો ત્યાં તેમણે કહ્યું:-“જુવો આપણે ક્યાં પહોંચ્યા છીએ,શું તમે આ જગ્યાને ઓળખો છો?”

જયારે મેં આજુબાજુ ધ્યાન કરીને જોયું તો ખબર પડી કે અમે أبطه નામની જગ્યા કે જે મક્કા શહેરની બહાર છે.

મેં કહ્યુ:-“આપણે મક્કાની નઝદીક મકામે “અબતહે” પહોંચી ગયા છીએ.”

તેમણે કહ્યુ:-“ઉતરી જાવ”

હું તરત જ ઉતરી ગયો, હજી જેવો ઉતરીને તેઓ તરફ માથું ઊંચું કરીને જોયું તેઓ હાજર ન હતા.આજુબાજુ અને જ્યાં પણ નઝર દોડાવતો ક્યાય દેખાતા ન હતા,તે સમયે મારા મગજમાં આવ્યું કે તેઓ હઝરત ઈમામ મહદી અ.સ. હતા પરંતુ અફસોસ કે હું એટલા સમયથી તેમની સાથે હતો પરંતુ તેમને ઓળખી ન શક્યો.

(રેફ.નજ્મુસ્સાકીબ પેજ.૪૭૭)

## ૬.બીજીવાર મુલાકાત

મરહુમ આયતુલ્લાહ શૈખ મોહમ્મદ તકી બાફ્કીનું બયાન છે કે:-એક વખત મેં નક્કી કર્યું કે નજફે અશરફથી ચાલીને હઝરત ઈમામ અલીરેઝા અ.સ.ના રોઝાની ઝીયારત માટે મશહદે મુકદ્દસ જાવ,ઠંડીનો સમય હતો અને હું મશહદે મુકદ્દસ તરફ રવાના થયો,ત્યાં સુધી કે આ લાંબી મુસાફરી પસાર કરતા કરતા ઈરાન પહોંચ્યો. રસ્તા અને પહાડીઓ પર બરફ પડેલો હતો અને ખુબજ ઠંડી પડતી હતી,એક દિવસ સુર્યાસ્ત સમયે ઠંડી ઠંડી હવા ચાલતી હતી અને આસમાનમાંથી બરફ પડતો હતો,હું એક ચાની દુકાને પહોંચ્યો અને હવામાન ઘણું ઠંડું જોઇને વિચાર્યું કે આજની રાત અહીયાજ પસાર કરી દઉ અને પછી સવાર પડતા મારી મંઝીલ તરફ રવાના થઈ જાવ,એમ વિચારીને હું ચાની દુકાને પહોંચ્યો,ત્યાં મેં જોયું કે અમુક લોકો નકામાં અને વ્યર્થ કામોમાં મશગુલ છે,તેમને જોઇને મને ઘણી તકલીફ થઈ અને મેં મનોમન કહ્યુ:- ખુદાયા!હું શું કરું?તેમને નહી અનીલ મુન્કર કરવું પણ યોગ્ય નથી અને તેમની સાથે રાત પસાર કરવી પણ યોગ્ય નથી અને બહાર ઘણી ઠંડી છે,માટે બહાર રેહવું પણ મુશ્કિલ છે,હું ચા ની દુકાને બહાર ઉભો હતો અને આવા વિચારો મારા મગજમાં દોડતા હતા અને કઈ સમજમાં આવતું ન હતું કે શું કરું,ધીમે ધીમેં દરેક બાજુ કાળું અંધારું થવા લાગ્યું અને હું આવા વિચારોમાં મગ્ન હતો કે અચાનક એક અવાઝ સંભળાણી:-"મોહમ્મદ સાહેબ અહિયાં આવી જાવ"

આ સાંભળીને હું તે અવાઝ તરફ ચાલ્યો,હજી અમુક પગલા ચાલ્યો હતો કે મેં જોયું કે શખ્સ કે જેના ચેહરા પરથી નુર જાહેર થતું હતું,એક લીલાછમ વૃક્ષની નીચે બેઠા બેઠા મને તેમની તરફ બોલાવતા હતા,હું તેમની નઝદીક ગયો,સલામ બાદ તેમણે મને કહ્યુ:-"મોહમ્મદ તકી એ જગ્યા તમારા માટે યોગ્ય નથી."

જયારે હું તે ઝાડની નીચે પહોંચ્યો તો જોયું કે ત્યાં ધીમી ધીમી હવા ચાલતી હતી,જયારે કે ઝાડની દુર નીકળતા ખુબજ ઠંડી હવા ચાલતી હતી અને તે ઝાડની નીચે સંતોષકારક આરામ કરી શકાય તેમ હતો.અજીબો ગરીબ વાત તો એ હતી કે તે ઝાડની નીચેની ઝમીન કોરી હતી અને તેના પર ઠંડીનો એહસાસ થતો નોહતો થતો,જયારે કે ઝાડની આજુબાજુ ખુબ બરફ પડતો હતો અને સહન ન થાય એવી ઠંડી હતી,ટૂંકમાં એ કે મેં તે રાત હઝરત ઈમામે ઝમાના અ.સ. સાથે પસાર કરી અને બની શકે તેટલો હઝરતથી ફાયદો હાંસિલ કર્યો,ત્યાં સુધી કે સવાર પડી અને તે હઝરતની પાછળ મેં નમાઝ અદા કરી જ્યારે સવારની સફેદી દરેક બાજુએ ફેલાય ગઈ તો ઈમામ અ.સ.મેં ફરમાવ્યું:- હવે દિવસ નીકળ્યો છે હું જાવ છુ.

મૌલા!તમે મને ઈજાઝત આપો કે હમેશા તમારી ખિદમતમાં રહી શકું.

આપે ફરમાવ્યું:-“એવું ન થઈ શકે”

મેં કહ્યુ:-“હવે હું તમારાથી ફરી કઈ રીતે મુલાકાત કરી શકું?

હું આ સફરમાં તમારાથી ફરી મુલાકાત કરીશ,પેહલી વખત કુમમાં અને બીજીવાર “સબ્ઝવાર”ની આજુબાજુ,આપે હજુ આટલું બોલ્યા અને મેં તેમની તરફ તવજ્જોહ કરી પણ તેઓ હાજર ન હતા,હું હઝરત ઈમામ મહદી અ.સ.ની ઝીયારત અને મુલાકાતના શૌખમાં ઝડપથી ચાલતા ચાલતા અમુક દિવસોમાં કુમ પહોંચ્યો,હઝરત માસૂમા સ.અ. અને ઈમામ અ.સ.ની મુલાકાતના શૌખમાં ત્રણ દિવસ ત્યાં રોકાયો પરંતુ ઈમામ અ.સ.ની ઝીયારતનો શરફ હાંસિલ ન થયો,આ જોઇને મારી અજીબો ગરીબ હાલત થઈ,હું ઘડી ઘડીએ વિચારતો હતો કે આપે ફરમાવ્યું હતું કે કુમમાં મુલાકાત થશે પરંતુ ન થઈ,અંતે ત્યાંથી નાઉમ્મીદ થઈને “સબ્ઝવાર”ની તરફ રવાના થઈ ગયો અને એક મહિનાની લાંબી મુસાફરી બાદ “સબ્ઝવાર” પહોંચ્યો,મેં દિલમાં ને દિલમાં જ કહ્યું:-“આખરે શા કારણે અપેક્ષા વિરુદ્ધ વાત બની કે ઈમામ અ.સ. વાયદાના સાચા છે અને તેમણે “કુમ” માટે કહ્યુ હતું પરંતુ ત્યાં તેમની ઝીયારત ન થઈ અને આ “સબ્ઝવાર” શહેર છે,પરંતુ અહિયાં પણ ઈમામ અ.સ.ની ઝીયારત નસીબ ન થઈ,આવા વિચારો મારા મગજમાં દોડતા હતા,અચાનક મેં મેહસૂસ કર્યું કે કોઈ ઘોડેસવાર મારી નઝદીક આવી રહ્યા છે,બસ જેવુ ફરીને જોયું તો ઈમામ અ.સ. છે અને મારી તરફ આવી રહ્યા છે,જ્યારે નઝદીક

આવ્યા તો ઈમામ અ.સ.મેં સલામ કરી અને મેં સલામનો જવાબ આપ્યો અને તેમનો અદબ અને એહ્તરામ કર્યો,તે સમયે મેં કહ્યુ.

મૌલા!આપે વાયદો કર્યો હતો કે કુમ શહેરમા મુલાકાત કરશો,ત્યાં આપના દીદારનું સૌભાગ્ય નસીબ ન થયું.

ફરમાવ્યું:-“મોહમ્મદ!હું ફલાણા સમયે અને ફલાણી રાત્રે તમારી પાસે આવ્યો હતો,તમે એ સમયે કુઈ હઝરત માસૂમા સ.અ.ના હરમની બહાર નીકળ્યા હતા કે એક તેહરાની ઔરતે તમને સવાલ કર્યો અને તમે માથુ નમાવીને તેનો જવાબ આપ્યો,હું તે સમયે તમારી બાજુમાં ઉભેલો હતો,પરંતુ તમારું ધ્યાન ન ગયું.

(રેફ.મુલાકાત બા ઈમામે ઝમાના અ.સ. ભા.૧,પેજ.૧૬૬)

## ૭.મજલીસે અઝા

જનાબ મુક્દ્દસે અર્દબેલીનું બયાન છે:-

હું અમુક તાલીબે ઇલ્મ સાથે પગપાળા કરબલા જવા રવાના થયો અને અમારી સાથે એક ખુબજ નેક અને પાક તાલીબે ઇલ્મ હતો,તેમણે રસ્તામાં મજલીસ પણ પઢી,જયારે અમે કરબલા ઝીયારતે અરબઈન માટે પહોંચ્યા તો ત્યાં એટલી બધી ભીડ હતી કે પગ મુકવાની જગ્યા પણ ન હતી,અમે આટલી બધી પબ્લિકને જોઈને વિચાર્યું કે અમે હરમમાં દાખિલ નહી થઈ શકીશું,મેં એક તાલીબે ઈલ્મને કહ્યુ:-“બેહતર છે કે આપણે એક ખૂણામાં ઉભા રહીને ઝીયારત પઢી લઈએ,જેથી બીજાઓ માટે અડચણ ન પૈદા થાય,પછી અમે એક તરફ ઉભા રહી ગયા અને મેં તાલીબે ઇલ્મ માટે ઝીયારતે અરબઇન પઢવાનો ઈરાદો કર્યો,પરંતુ શરૂ કરવા પેહલા મેં પૂછ્યું:-જેણે મુસાફરીમાં ઘણીવાર મજલીસ પઢી તે ક્યાં છે?

મૌલાના!ખબર નથી કે તેઓ આ ભીડમાં ક્યાં ખોવાઈ ગયા.

હું ઝીયારત પઢવાનું શુરુ કરતો જ હતો કે જોયું કે એક સય્યદ અરબ લોકોને એક તરફ કરતા કરતા અમારી તરફ આવી રહ્યા છે,નજદીક પહોંચી અને તેમણે મને કહ્યુ:-જનાબે અર્દબેલી!શું ઈરાદો છે?

મેં કહ્યુ:-જનાબ!ઝીયારતે અરબઈન પઢવાનો ઈરાદો કર્યો છે.

ફરમાવ્યું:-“ઊંચા અવાઝે પઢો જેથી હું પણ સાંભળી શકું.

મેં કહ્યુ:-"સારું!એમ કહીને ઝીયારતે અરબઈન પઢવાની શુરુ કરી,જયારે હું ઝીયારત પૂરી કરીને ફ્રી થયો તો મેં ફરી વખત તે તાલીબે ઈલ્મના વિષે સવાલ કર્યો કે જેણે રસ્તામાં મજલીસ પઢી હતી?

જવાબ મળ્યો:-"જનાબ!તે હજી સુધી નથી આવ્યો."

આ સાંભળીને અરબ જવાને મને કહ્યુ:-"તમે શું ઈચ્છો છો?"

મેં કહ્યુ:-"હુઝુર!એક તાલીબે ઇલ્મ હતોકે જેમણે રસ્તામાં મજલીસ પઢી હતી,ખબર નથી કે ક્યાં ગાયબ થઈ ગયો".

કહ્યુ:-"કે તમારી ઈચ્છા હોય તો હું મજલીસ પઢી દઉ"

મેં કહ્યુ:-"સારું"

તે જવાને હઝરત ઈમામ હુસૈન અ.સ.ની કબ્ર તરફ મોઢું કરી ને અમુક વાક્યો પોતાની ઝબાનથી પઢયા જેના લીધે અમારી રડવાની અવાઝ બલંદ થઈ,રોતા રોતા જેવું માથુ ઊંચું કરી તેમની તરફ જોયું તો તેઓ ત્યાં હાજર ન હતા,ચારેબાજુ જોયું પણ ક્યાય ન દેખાણા,એ સમયે મારા મગજમાં આવ્યું કે આ હઝરત ઈમામેં ઝમાના અ.સ. હતા પરંતુ અફસોસ કે હું તેમને ઓળખી ન શક્યો.

## ૮.મુલાકાત કઈ રીતે થઈ શકે?

એક માણસ ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારતનો ખુબજ શૌખ રાખતો હતો,તેમણે ઈમામ અ.સ.ની ઝીયારત કરવા માટે ઘણી કોશિશ કરી,પરંતુ કામયાબ ન થયો ઘણા આમાલ પણ કર્યા ત્યાં સુધી કે નજફે અશરફના હવ્ઝે ઈલ્મીયામાં ઓલમાઅની અંદર મશહુર છે કે અગર કોઈ ચાલીશ શબે બુધ મસ્જીદે સેહલામાં પસાર કરે તો ઈમામે ઝમાના અ.સ.ના દીદાર થઈ શકે. માટે તેણે તે અમલ પણ અંજામ આપ્યો જેથી પોતાના મેહબૂબ ઈમામ અ.સ.ની ઝીયારત નસીબ થાય.

ઘણા સમય સુધી કોશિશ કરતો રહ્યો પરંતુ કઈ ફાયદો ન થયો ત્યાં સુધી કે તેણે અમુક હર્ફ અને અદદનો સહારો અને ચાલીસ દિવસનો અમલ કર્યો પરંતુ તો પણ ઝીયારત ન થઈ ત્યાં સુધી કે રાતો જાગીને અને વેહલી સવારે દુઆઓની વચ્ચે અમુક ચીજો જોઈ.

એક દિવસ તેમને કેહવામાં આવ્યું:-"તમારી માટે ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારત કરવી શક્ય નથી,હા પરંતુ ફલાણા શહેરમાં જાવ તો શક્ય છે."

તે માણસ ઈમામ અ.સ.ની મોહબ્બત ખાતિર પરેશાની અને મુશ્કેલી સહન કરતા કરતા તે શહેરમાં પહોંચ્યો અને ત્યાં પણ ચાલીસ દિવસના આમાલ અંજામ આપ્યા જયારે આમાલ કરતા કરતા ૩૭ કે ૩૮ દિવસ પસાર થયા તો એક અવાઝ સંભળાણી કે આ સમયે ઈમામે ઝમાના અ.સ. ફલાણા બઝારમાં એક વૃદ્ધની દુકાન કે તાળા રીપેર કરે છે ત્યાં તશરીફ રાખેલ છે,તરતજ ઉભા થાવ અને તમારા મૌલાની ઝીયારત કરી લો.

તે મોહબ્બતના શૌખમાં ઉભો થયો અને ઝડપથી તે તાળા વેચનારની દુકાને પહોંચ્યો બસ જેવું તેમને જોયું કે હઝરત ઈમામ મહદી અ.સ. એક વૃદ્ધ માણસની પાસે બેઠા છે અને વાતચીત કરી રહ્યા છે અને ઘણી જ મોહબ્બતના લેહ્જાથી વાતો કરી રહ્યા છે તો તે હઝરત અ.સ.ને સલામ કરી,તે હઝરત અ.સ.મેં સલામનો જવાબ આપ્યો અને ઈશારો કર્યો કે ખામોશ રેહજો. તે વખતે તેણે જોયું કે એક કમર જુકેલી એક વૃદ્ધ ઔરત આવી અને તેણીએ કહ્યુ:-“અગર બની શકે તો ખુદાના વાસ્તે તમે આ તાળાને 15 દીનારમાં લઈ લ્યો મને આ પૈસાની ખુબજ જરૂર છે.

વૃદ્ધ દુકાનદારે તાળું લીધું અને જોયું તે કઈપણ ખરાબી વગર અને સલામત હાલતમાં છે,પછી કહ્યુ:-“અય બહેન! આ તાળાની કિમંત અંદાજીત ૪૦ દીનાર છે અને તેની ચાવીની કીમત ૧૦ દીનારથી વધારે નથી,અગર તમે ૧૦ દીનાર આપો તો તેની ચાવી બનાવી આપું પછી તેની કીમત ૫૦ દીનાર થઈ જશે.

વૃદ્ધ ઔરતે કહ્યું:-“ના મારે આટલી જરૂરત નથી,તમે મને બસ આટલી જ રકમ આપી દયો,હું તમારા માટે દુઆ કરીશ.”

વૃદ્ધ દુકાનદારે સાદાઈથી કહ્યું:-“અય બહેન!તમે મુસલમાન છો અને હું પણ મુસલમાન છુ,આખરે એ કઈ રીતે જાએઝ અને યોગ્ય છે કે હું એક મુસલમાનના માલને સસ્તામાં ખરીદું અને એ રીતે હું બીજાના હકને લઈ લઉ?આ સમયે બઝારમાં આ તાળાની કીમત ૪૦ દીનાર છે અને અગર ચાહું કે તેમાં નફો લઉ તો ૩૫ દીનારમાં ખરીદી લઉ,કારણકે આનાથી વધારે નફો લેવો કાયદેસર નાઈન્સાફી છે,અગર તમે મને વેચવા ચાહતા હો તો ૩૫ દીનારમાં ખરીદીશ,હજીપણ કહું છુ કે બાઝારમાં આની કીમત ૪૦ દીનાર છે,પણ હું ખુદ દુકાનદાર છુ માટે મને પણ થોડો નફો મળવો જોઈએ માટે તમારી પાસેથી ૫ દીનાર ઓછી કીમતથી ખરીદીશ.

વૃદ્ધ ઔરતને યકીન ન આવ્યું કે આ માણસ સાચું કહે છે માટે થોડીક પરેશાન થઈ ગઈ અને કેહવા લાગી:-"હું ખુદ કહું છુ કે આટલી કીમત અહિયાં કોઈ દેવા રાઝી ન થયું,મેં ઘણા લોકો પાસે આજીજી કરી કે 15 દીનારમાં મારી પાસેથી આ તાળું લઈ લ્યો પરંતુ કોઈએ ન માન્યું અને ૧૦ દીનારમાં મારી જરૂરત પૂરી થાય તેમ નથી કારણકે મારે 15 દીનારની જરૂરત છે.

આખરે તે વૃદ્ધ દુકાનદારે ૩૫ દીનાર તે ઔરતને આપ્યા અને તે તાળું ખરીદી લીધું,બસ જેવી એ ઔરત ગઈ ઈમામ અ.સ.મેં તે માણસને ફરમાવ્યું:- જોયું તમે?આવા બનો હું ખુદ તમારી મુલાકાતે આવીશ,આ ચાલીસ દિવસના આમાલ અને બીજા આમાલ વી. કરવાની જરૂરત નથી,બસ નેક આમાલ કરતા રહો,જેથી હું તમારો સાથ આપી શકું,મેં આ પુરા શહેરમાં ફક્ત આ એક માણસને પસંદ કર્યો કારણકે તે દીનદાર છે ખુદાની મઅરેફત રાખે છે અને આ એક પરીક્ષા હતી આ ઔરત પુરા શહેર ફરીવળી અને તમામ લોકો પાસે ગઈ અને તેણીએ પોતાની જરૂરત બયાન કરી,જયારે લોકોએ જોયું કે ઘણી જરૂરતમંદ છે,તો લોકોએ કોશિશ કરી કે જેટલું બને તેટલું સસ્તું લઈ લીએ અને એક માણસ પણ 15 દીનાર દેવા તૈયાર ન થયું અને આ વૃદ્ધ માણસે ૩૫ દીનારમાં તાળું ખરીદયું,જાણી લ્યો કે એક અઠવાડિયું પૂરું ન થાય કે હું આ માણસ પાસે આવું છુ અને તેના દિલને સુકુન આપું છુ અને ખબરઅંતર પુછુ છુ.

(રેફ.મુલાકાત બા ઈમામે અસ્ર અ.સ.)

## ૯.પર્દાદાર ખાતુન અને ઈમામ અ.સ.ની નસીહત

મર્હુમ આયતુલ્લાહ સય્યદ મોહમ્મદ બાકીર સિસ્તાનીએ હઝરત ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારતની તમન્નાના હેતુથી એક મસ્જીદમાં ચાલીશ શબે જુમઆ આમાલ કર્યા જેથી તેઓ કહે છે કે:-

જયારે હું અંદાજીત ૩૮ કે ૩૯ ચાલીસ દિવસ શહેરની એક મસ્જીદમાં આમાલ પુરા કર્યા તો અચાનક મેં નુરની કિરણો નીકળતા જોઈ, જે મસ્જિદની નજદીકના ઘરમાંથી નીકળતી હતી,આ જોઇને મારામાં એક અજીબ અસર થઈ, જે ઘરમાંથી નુર નીકળતું હતું તે ઘર તરફ હું રવાના થયો, જયારે દરવાઝા પર પહોંચ્યો જાણવા મળ્યું કે આ કોઈ ગરીબનું નાનું એવું ઘર છે,જેમાંથી નુર નીકળી રહ્યું છે,બસ મેં દરવાજો ખટખટાવ્યો,ઘરમાં રેહનારે દરવાજો ખોલ્યો મેં

જોયું કે હઝરત ઈમામે ઝમાના અ.સ. એક રૂમમાં તશરીફ રાખેલ છે અને તે હઝરત અ.સ.ની સામે એક જનાઝો રાખેલ છે,જેના પર સફેદ કપડું ઢાંકેલું છે.

હું અંદર દાખિલ થયો અને રોતા રોતા મેં ખુબજ અદબ અને એહ્તેરામ સાથે સલામ કરી.

ઈમામ અ.સ.મેં ફરમાવ્યું:-"આખરે શા માટે તમે મારી શોધમાં આ રીતે ફરો છો અને પોતાને પરેશાન કરો છો?"

તે પછી ઈમામ અ.સ.મેં તે જનાઝા તરફ ઈશારો કરીને ફરમાવ્યું:-"પોતાને આના જેવા બનાવી લ્યો,હું ખુદ તમારી પાસે આવ્યા કરીશ,આ તે ઔરત છે જે બેપર્દગીના ઝમાનામાં વર્ષો સુધી ઘરની બહાર નથી નીકળી જેથી કોઈ નામેહરમની નઝર તેના પર ન પડે.

બેશક ઇસ્લામમાં પર્દાનું ખુબજ મહત્વ છે,ખુશકિસ્મત છે તે લોકો જેના અંતિમ સમયે તેના ઝમાનાના ઈમામ અ.સ. મુલાકાત માટે આવે આ એક ખુશનસીબી અને આખેરત માટે કામયાબીની એક નિશાની છે,બસ અમારી ઔરતોનો જોઈએ કે હર સમયે પોતાના પર્દાનો ખ્યાલ કરે જેથી ખુદા અને ઈમામ અ.સ. તેનાથી રાઝી અને ખુશ થાય અને પછી ખુદ ઈમામે ઝમાના અ.સ. તેની મુલાકાત માટે આવશે અને મેહશરના દિવસે તેની શફાઅત કરશે.

(રેફ.શિફતગાને હઝરત ઈમામ મહદી અ.સ. ભા.૩ પેજ.૧૫૮)

# પાંચમો ભાગ
# ઇનાયત (મેહરબાની/બક્ષીસ)
## ૧.ઈમામે ઝમાના અ.સની અતા

જનાબ મુલ્લા ઝૈનુલ આબેદીન સુલયમાની,સય્યદ બેહરૂલ ઓલુંમના વિષે એક વાકેઓ બયાન કરે છે કે:-

જે ઝમાનામાં સય્યદ બેહરુલ ઓલુંમ મક્કાએ મોઅઝ્ઝ્મામાં રહેતા હતા તો એકદમ સાદાઈ અને સંતોષકારક જીવન જીવતા હતા.

એક વખત બન્યું એવું કે ઘરમાં કઈ ન હતું,મેં સય્યદ બેહરુલ ઓલુંમને કહ્યુ:-બધી ચીજ પૂરી થઈ ગઈ છે હવે શું કરવું?

આ સાંભળીને તેઓ ચુપ થઈ ગયા અને કઈ જવાબ ન આપ્યો.

બેહરુલ ઓલુંમ સાહેબનો નિયમ હતો કે આપ ખાનાએ કાબાનો તવાફ કરીને ઘરે આવતા હતા અને પછી પોતાના ખાસ રૂમમાં ચાલ્યા જતા અને હું આપના માટે હુક્કો ભરીને લાવતો હતો,તેઓ રૂમમાં બેસીને હુક્કો પિતા અને પછી બીજા રૂમમાં ચાલ્યા જતા,ત્યાં ઘણા મઝહબના વિધાર્થીઓ આવતા અને તેઓ તેમના મઝ્હ્બ પ્રમાણે દીન શીખવતા,જયારે મેં તે દિવસે પૈસા પુરા થઈ ગયાની વાત કરી,તો ત્યારે તેઓ પોતાના રૂટીન મુજબ તવાફ કરીને આવ્યા અને પોતાના ખાસ રૂમમાં ચાલ્યા ગયા અને મેં પણ હમેંશાની જેમ હુક્કો ભરીને આપ્યો પરંતુ હજુ લાંબો સમય નોહતો થયો કે અચાનક કોઈ દરવાજો ખટખટાવ્યો,અવાઝ સાંભળીને સય્યદ થોડા પરેશાન થયા અને તરતજ મને કહ્યુ જલ્દીથી હુક્કો અહીંથી લઈ લ્યો આમ કહીને પોતે ઉભા થયા અને પોતે દરવાજો ખોલ્યો,એક શખ્સ કે જેમનો ચેહરો નુરાની હતો,રૂમમાં અંદર આવ્યા અને એક બાજુ બેઠી ગયા,સય્યદ સાહેબ પણ તેમનો અદબ અને એહ્તેરામ સાથે તેમની સામે બેઠી ગયા અને મને ઈશારો કર્યો કે હું હુક્કો લઈને ન આવું અમુક સમય સુધી તેઓ વચ્ચે વાતચીત થઈ અને પછી તે સાહેબ રવાના થવા ઉભા થયા,સય્યદ સાહેબે ફરીવાર આગળ વધીને દરવાજો ખોલ્યો અને તે સાહેબના હાથો પર બોસો આપ્યો અને તે મહાન વ્યક્તિને ઊંટ કે જે ઘરની નઝદીક બેઠો હતો તેના પર સવાર કર્યા,તેઓ રૂખસત થઈને ચાલ્યા ગયા,પછી સય્યદ પાછા આવ્યા,તેમના ચેહરાનો કલર ફરી ગયો હતો,પછી મને એક કાગળ આપ્યો અને કહ્યુ કે આ લખાણ ફલાણા સોની માટે છે કે જે સફાની

નઝદીક રહે છે,તમે આ લઈને તેમની પાસે જાવ અને આમાં જે પૈસા વિગેરે લખેલું છે તે લેતા આવો.

હું લખાણ લઈને તેમની પાસે ગયો,જયારે તે લખાણને જોયું તો પેહલા તેને ચૂમ્યું અને પછી મને કહ્યુ:-"જઇને થોડા મઝદૂરને લઈ આવો,બસ હું ગયો અને ચાર મઝદૂરને લઈ આવ્યો,સોની એ એટલી ફ્રાંસની રકમ આપી કે જેટલી ચાર મઝદૂર ઉપાડી લે,મઝદૂર તેને ઉપાડીને ઘરે લાવ્યા,હું એ વિચારવા લાગ્યો કે આ લખાણ કોણે આપ્યું હશે?જેના લીધે અમને એટલો બધો માલ મળી ગયો.આવા વિચારો કરતા કરતા ઘણા દિવસો પસાર થયા,આખરે હું તે દુકાનદારની તરફ રવાના થયો જેથી એ જાણું કે આ લખાણ કોણે આપ્યું છે?.જયારે હું એ જગ્યાએ પહોંચ્યો તો જોઇને દંગ રહી ગયો ત્યાં ન તો કોઈ દુકાન હતી ન તો કોઈ સોની હતો,ત્યાં એક માણસ હતો તેને પૂછ્યું:-"જનાબ!ત્યાં આ પ્રકારની એક દુકાન અને સોની હતો,શું તેના વિષે તમે જાણો છો?

જવાબ મળ્યો:-અમે આ પ્રકારનો અહિયાં કોઈ સોની નથી જોયો અને એ દુકાન જે તમે કહી રહ્યા છો કે ફલાણા આદમીની છે.ત્યારે તે સમયે મારા મગજમાં આવ્યું કે ખુદા વંદે આલમે એક ખાસ મદદ કરી અને યકીનન તેઓ હઝરત ઈમામે ઝમાના અ.સ. સિવાય તે બીજું કોઈ ન હતું.

(રેફ.નજ્મુસ્સાકીબ પેજ.૬૧૫)

## ૨.ઈમામે ઝમાના અ.સ.ની ઇનાયત

અલ્લામાં સય્યદ કાઝ્મી ક્ઝ્વીની કહે છે:-

૧૩૯૨ હિજરીમાં કરબલાએ મોઅલ્લામાં એક આયતુલ્લાહ તાલીબે ઇલ્મને વઝીફો આપતા હતા,એક વખત બન્યું એવું કે વઝીફા વેહચવાનો સમય નઝદીક આવ્યો અને વઝીફા ઓછા હતા,જેના લીધે તમામ વઝીફા દરેક તાલીબે ઈલ્મને મળી શકે એમ ન હતા,વઝીફા પુરા કરવા માટે એક હજાર દીનાર ઓછા પડતા હતા,મગજ એ જ કશ્મકશમાં લાગેલું હતું કે હવે શું કરવું,એક વખત વિચાર આવ્યો કે કર્ઝ લેવામાં આવે પરંતુ એ પણ શક્ય ન હતું કારણકે કર્ઝ વિગેરે લેવા માટે કઈક મોર્ગેજ (મકાન/મિલકત વી.) સિક્યુરીટી માટે ગીરવી રાખવું પડે પરંતુ અમારી પાસે કઈ ન હતું,આખરે મેં હઝરત સાહેબુઝ્ઝમાન અ.સ.ની ખિદમતમાં અરીઝો લખ્યો અને તેમાં લખ્યું:-

"મૌલા!મદદ કરો" આ અરીઝાને મેં મૌલા હઝરત ઈમામ હુસૈન અ.સ.ની ઝરીહે પાકમાં નાખી દીધો.

સવાર પડતા એક શખ્સ ઘરમાં આવ્યા અને નાસ્તો કર્યા બાદ તેણે એક હજાર દીનાર દીધા,આ જોઇને મારામાં એક અજીબ હાલત પૈદા થઈ અને મેં દિલમાં ને દિલમાં મારા મૌલા અને આકા હઝરત ઈમામે ઝમાના અ.સ.થી અર્ઝ કરી:-મૌલા ઓછામાં ઓછુ સુરજ તો ઉગવા દેતા.

એ યકીન સાથે કે ઈમામે ઝમાના અ.સ. આવી રીતે તેના ચાહવાવાળાની મદદ કરે છે બસ જરૂરત એટલી છે કે ઇન્સાન દિલના ઊંડાણથી મઅરેફ્ત અને અકીદત સાથે સવાલ કરે,ઇન્સાન દુનિયાનો કોઈ પણ ખૂણે હોય તેઓ ત્યાં જ મદદ કરશે.

(રેફ.શીફ્તગાને હઝરત ઈમામ મહદી અ.સ.ભા.૧,પેજ.૨૩૦)

## ૩.ઈમામે ઝમાના અ.સ.થી મદદ

મરજાએ આલી કદ્ર અને આરીફ,ફાઝીલ અને કામિલ આયતુલ્લાહિલ ઉઝમા હુજ્જત(આપે કુમ શહેરમાં મદ્રેસાનો પાયો નાખ્યો, જે આજે પણ દુનિયાના ઇલ્મમાં ઈમાનવાળાઓ વચ્ચે મદ્રેસા એ હુજ્જતીયાહના નામથી મશહુર છે,યકીનન આ મદ્રેસામાં મોટા મોટા ઓલમા અને આલમ અને મુજતહીદોએ તાલીમ મેળવી છે અને આજે પણ આ ખિદમત બાકી છે.) જે બીજા મુજતહિદોની જેમ તાલીબે ઈલ્મને વઝીફા આપતા હતા,એક વખત બન્યું એવુ કે મહિનો પૂરો થઈ ગયો અને બીજા દિવસે પેહલી તારીખ હતી,પરંતુ વિધાર્થીઓને દેવા વઝીફા ન હતા,બસ આ વિચાર પરેશાન કરતો હતો કે હવે શું કરવું?કારણકે સવારે વિધાર્થીઓ આવશે અને વઝીફા માંગશે,આખરે પોતાના ખાદીમને કહ્યુ:-મારી સવારી લાવો મારે મસ્જીદે જમકરાન જવું છે(મસ્જીદે જમકરાન હઝરત ઈમામે ઝમાના અ.સ.ના હુકમથી બનેલી છે અને તેમાં એક લાંબી મુદ્દતથી ઈરાનના રહેવાસી દુર દુરથી મંગળવારના દિવસે જોકે તે ઈમામ અ.સ.થી મનસુબ છે,ત્યાં આવે છે અને તે મસ્જીદ આમ અને ખાસ દુઆઓની ક્બુલીયાત થવાનું કેન્દ્ર છે.) ખાદીમે સવારી લાવીને હાજર કરી,તેઓ સવાર થઈને મસ્જીદે જમકરાન તરફ રવાના થયા અને ત્યાં પહોંચીને ઈમામ અ.સ.થી મનસુબ નમાઝ અદા કરી અને પછી દુઆ માટે હાથોને બલંદ કર્યા:-"મૌલા અને આકા! મદ્રેસો(મારો નથી)તમારો છે અને આ તાલીબે ઇલ્મ

પણ તમારા છે,મારી ઇઝ્ઝત અને આબરૂ તમારા હાથમાં છે,મારી પાસે કાલે વેહ્ચવા માટે વઝીફા ઓછા છે,માટે તમે મેહરબાની કરો અને મારી મદદ કરો જેથી કાલે વઝીફા વેહ્ચી શકું અને તાલીબે ઇલ્મ ખાલી હાથે પાછા ન ફરે.દુઆ પૂરી કરી અને તેઓ ઘર તરફ પાછા ચાલ્યા,ઘરે પોહ્ચતા જ ખાદીમે કહ્યું:- જનાબ!જેવા તમે ઘરેથી નીકળ્યા તરત જ બે આદમી આવ્યા અને અંદર બેઠા બેઠા તમારી રાહ જોઈ રહ્યા છે,તેઓ જેવા અંદર દાખિલ થયા અને સલામ અને ખબરઅંતર પછી આવનારે તેમને અમુક રકમ આપી અને અમુક સમય પછી રવાના થયા,જ્યારે આપે ગણતરી કરી તો રકમ પુરા મહિનાના વઝીફાની હતી.

(રેફ.મસ્જીદે જમકરાન પેજ.૪૦)

## ૪.મુલાકાતનો શરફ

જનાબ શૈખ હેદર અલી બયાન કરે છે :-

મને ઈમામે ઝમાના અ.સ. ની ઝીયારતની ઘણી બધી વખત શરફ મળ્યો પરંતુ દર વખત હું આ હઝરત અ.સ. ને ઓળખી ન શક્યો. એક વખત એવું બન્યું કે ઇસ્ફેહાન શહેરમા કડકડતી ઠંડી પડતી હતી અને અંદાજે ૫૦ દિવસથી સુરજ નીકળ્યો નોહતો. આસમાન માંથી લગાતાર બરફ પડતો હતો, અને એટલી બધી ઠંડી હતી કે નેહરોનું પાણી જામી ગયું હતું , તે સમયે હું મદ્રસે “બાકરીય્યાહ” માં રેહતો હતો અને મારો રૂમ નહેરની નજદીક હતો, રૂમની સામે એટલો બધો બરફ જામી ગયો હતો કે તેને જોઇને પહાડનું સ્વરૂપ લાગતું,ખુબજ બરફ પડવાના લીધે રસ્તાઓ બંધ થઈ ચુક્યા હતા અને દરેક લોકો ખાસ કરીને ગામડા વિગેરે માં રહેનાર વિધાર્થીઓ ઘણા પરેશાન હતા.તે દરમિયાન મારા વાલીદે મોહતરમ ઘણી પરેશાની અને મુશ્કેલી વેઠી મારી પાસે આવી પહોંચ્યા કે જેથી અહિયાથી મને તેમની સાથે “સદર “(ઈરાનના ગામનું નામ) લઈ જાય, કારણકે હવામાન એટલું બધું ખરાબ થઈ ચુક્યું હતું કે જિંદગી જીવવાના વસાએલનો ઇન્તેઝામ થાય તેમ ન હતો, આસમાનમાંથી હદ બહાર ઠંડી હવા આવવા લાગી અને ખુબજ પ્રમાણ માં બરફ પડવા લાગ્યો, જેના કારણે અમે મુસાફરી ન કરી શકયા અને જે લોકોએ કોલસાનો સ્ટોરેજ નોહતો કર્યો તેઓ માટે હવે તેને હાંસિલ કરવો અશક્ય જેવું થઈ ચુક્યું હતું, અને મદ્રેસા નો ખાદીમ પણ સાંજ પડતા મદ્રેસાનો દરવાજો બંધ કરીને ઘરે

ચાલ્યો ગયો,મદ્રેસામાં ફક્ત એક તાલીબે ઇલ્મ પોતાના રૂમમાં સુતો હતો, આવા સખ્ત અને ખરાબ હાલ જોઇને મારા પિતા મને ખીજાવવા અને ધમકાવવા લાગ્યા અને કીધુ આખરે શા માટે તે પોતાને આટલી બધી મુસીબત અને મુશ્કેલીમાં નાખ્યો, અત્યારે તો મદ્રેસામાં કોઈ પઢતું પણ નથી તો પછી કેમ અહિયાં રહે છે ,તું ઘરે કેમ ન આવ્યો જેથી અમને અને તને આ સખ્તીથી નજાત મળે,હું ચુપ ચાપ સાંભળતો રહ્યો અને ખુદા એ મુતઆલથી રાઝો નિયાઝ કરતો રહ્યો, ઠંડી એટલી વધારે હતી કે ઊંઘ પણ આવતી ન હતી ત્યાં સુધી કે અડધી રાત વીતી ગઈ અને અમે ઠંડીથી બેહાલ હતા કે અચાનક કોઈએ દરવાઝો ખટખટાવ્યો ,અમે ઘણા પરેશાન થયા કે શું કરે ? અત્યારે આવી ઠંડીની અંદર કોણ આવ્યું હશે ,અગર હું દરવાજો ખોલવા જાવ તો (લોહાફ) તો ધાબળો કે જેમાં થોડી ઘણી ગરમી છે તે પણ ખત્મ થઈ જાય ,આમ વિચાર કરીને મેં કોઈ જવાબ ન આપ્યો, પરંતુ આ વખતે એટલી ઝોરથી દરવાજાને હલાવ્યો કે પૂરો મદરેસો હલવા લાગ્યો, આ જોઇને હું નાછૂટકે લાચાર થઈને ઉભો થઈને રૂમનો દરવાજો ખોલ્યો ,તે વખતે મેં જોયું કે બરફ એટલો બધો પડ્યો હતો કે નાની દીવાલ પણ નજર આવતી ન હતી,અંતે ઘણી કોશિશ અને મેહનત કરીને મદ્રેસાના દરવાજા સુધી પહોંચ્યો અને કહ્યુ :

"તમે કોણ છો ? અહિયાં રાતમાં અહિયાં કોઈ નથી ?"

તેઓએ મારું નામ ;લઈ ને કહ્યુ કે તમને મળવા આવ્યો છુ,

તે વખતે મારું શરીર ધ્રુજી રહ્યું હતું ,મેં અંદરો અંદર કહ્યુ :"ખાદીમ દરવાજો બંધ કરીને ચાલ્યો ગયો છે અને મારાથી આ બંધ દરવાજો ખુલશે પણ નહી હવે શું કરું ? હું આ રીતે વિચારમાં મગ્ન હતો કે એટલામાં આવાઝ આવી:"દરવાજાના ઉપરના હોલ(સુરાખ) માંથી આ ચાકુ લ્યો અને ફલાણી જગ્યાથી દરવાજો ખોલો.

આ સાંભળીને હું આશ્ચર્ય થયું કે આ એક રાઝ હતું જેમાં મદ્રેસામાં ફક્ત બે ત્રણ જણાને જ ખબર હતી ,પછી મેં ચાકુ લઈને દરવાજો ખોલ્યો ,જોયું કે મદ્રેસાની બહાર રોશની છે,જયારે કે રાત્રીના અંધકારમાં કોઈ દીવો કે ચિરાગ ન હતા.

મેં દરવાજા પર એક શખ્સને જોયા જેના માથા પર ટોપી અને આંખો ઉપર ચશ્માં હતા. રેશમી જેવી ચાદર છાતી પર લપેટેલી હતી અને શર્ટ જેવું પેહરણ પેહરેલું હતું,જેની અંદર રેશમ જેવું લાગેલું હતું અને હાથોમાં બેલ્ટ પેહરેલુ

હતું,એ સિવાય તેમના પગમાં પણ કોઈ ચીજ પેહરી અને મજબુતીથી બાંધેલુ હતું, મેં ઘણો અદબ અને એહ્તેરામ સાથે તેમને સલામ કરી,તેમણે પણ નરમ અને નાજુક લેહ્જા થી મને સલામનો જવાબ આપ્યો,હું વિચારમાં પડ્યો કે ખરેખર આ કોણ છે કે જે મને ઓળખે છેકે જે મારી અને મદ્રેસાની અંદરની વાતોથી પણ બાખબર છે અને સારી રીતે જાણે છે?

તે સમયે તેઓએ મને અમુક પેસા આપ્યા અને ચાકુ લઈ ને કહ્યુ :'કાલે તમારા માટે કોલસા લઈને આવીશ એ ઉપરાંત તેના કરતા તમારું ઈમાન તેનાથી વધારે રાખવું જોઈએ,તમારા વાલીદ સાહેબને કહો કે તે આવી વાતો ન કરે અમે એકલા નથી.

આ સાંભળીને હું ઘણો ખુશ થયો. મેં કહ્યુ:"અંદર તશરીફ લાવો,મારા પિતાજીનો પણ તેમાં કોઈ કુસુર નથી કારણકે આવી શદીદ ઠંડીની મોસમમાં ગરમી માટે કોઈ ચીજ નથી,હકીકત તો એ છે કે ચિરાગ/દીવાનું તેલ પણ ખત્મ થઈ ગયું છે.

ફરમાવ્યું:"તે ચિરાગ(દીવો) કે જે રૂમમાં પેટી ઉપર રાખેલો છે તે રોશન કરો. મેં પૂછ્યું:"આ પેસા શા માટે?"

ફરમાવ્યું:"આ તમારી માટે છે તેનાથી ખર્ચ કરજો,અમારી વચ્ચે વાતચીત એવી રીતે થતી હતી કે મેં મેહસૂસ કર્યું કે તેઓ ઉતાવળમાં છે પરંતુ અજીબ આશ્ચર્યની વાત છે કે જયારે હું તેમની સાથે વાતો કરતો હતો મને ઠંડીનો એહસાસ થતો ન હતો,આખિરકાર તેઓ રૂખસત થઈને ચાલવા લાગ્યા,દરવાજો બંધ કરતી વખતે મને યાદ આવ્યું કે મેં એમનું નામ તો પૂછ્યું જ નથી માટે નામ જાણવાના હેતુથી જેવો મેં દરવાજો ખોલ્યો કે મેં જોયું કે જે રોશની હતી તેનું કોઈ નામો નિશાન ન હતું અને દરેક બાજુ અંધારું અંધારું જ છે એટલે તરત જ હું તેઓના કદમોના નિશાન શોધવા લાગ્યો મેં ઘણી કોશિશ કરી પરંતુ કદમોના નિશાન ક્યાય ન મળ્યા,હું ઘણો હેરાન અને પરેશાન થઈ ગયો. આ ખરેખર આ શખ્સ કોણ હતા કે જે મારી અને મદ્રેસાની અંદર ની વાતોથી માહિતગાર હતા અને તેઓના ક્દમોના નિશાન પણ મળતા નથી,જયારે મારે થોડું મોડું થયું તો મારા વાલીદે ગભરાહટના લેહ્જા થી અવાઝ આપી:"કોઈ પણ હોય તું અંદર ચાલ્યો આવ પછી હું તેમની તરફ બિલકુલ નાઉમ્મીદ થઈ ગયો કે હવે તેઓ નહી મળે તો મેં દરવાજો બંધ કર્યો અને રૂમમાં

આવ્યો,ત્યાં જઈ ને જોયું કે વાલીદ સાહેબ પેહલાથી વધારે ગુસ્સામાં છે અને કેહવા લાગ્યા :" આટલી ઠંડીની અંદર કોની સાથે વાત કરતો હતો ?"

મેં કહ્યુ:"બાબા જાન! ઉભા રહો હમણાં તમને વાત કરું, એમ કહીને એ ચિરાગ / મીણબતી / દીવો જે બે વર્ષ પેહલા આ રૂમમાં મુકીને ભૂલી ગયો હતો,તેને લઈને રોશન કર્યો અને પછી તમામ હકીકત મારા વાલીદ ને સંભળાવી,તે સમયે મને એક એવી અજીબ કેફિયત(અસર) મારા પર થઈ કે તેને બયાન કરવું શકય નથી અને તે સમય પણ મને ઠંડીનો એહસાસ થતો ન હતો,મેં આરીતે જાગીને પૂરી રાત પસાર કરી,આ બધી વાતો સાંભળીને ખુદ મારા વાલીદ દરવાજા પર ગયા પરંતુ તેમને પણ મારા કદમોના નિશાન તો મળ્યા પરંતુ આ હઝરત અ.ત.ફ.શ. ના કદમોના નિશાન ન મળ્યા,પછી અમે સુબ્હની નમાઝની તાકીબાતમાં મશગુલ હતા કે મારા એક દોસ્તે વિધાર્થીઓ માટે મદ્રેસામાં કોલસા વગેરે મોકલ્યા અને આ ઠંડીની સીઝન પૂરી થાય ત્યાં સુધી કાફી હતું.

(બરકાતે વલીએ અસ્ર પેજ.૧૧૫)

## ૫.ખોરાકની અતા

એક દિવસ નજફે અશરફમાં મજલીસે અઝામાં ઈમામે ઝમાના અ.સ. અને તે લોકો જેમને ઈમામ અ.સ.ની ઝીયારત નસીબ થઈ તેનો ઝીક્ર ચાલતો હતો,ઝીક્ર દરમ્યાન મરજાએ આલી કદ્ર જનાબ શૈખ અન્સારીના એક વિધાર્થી જનાબ સય્યદ બાકીર ઇસ્ફેહાનીએ કહ્યું:-

શબે બુધના નજફે અશરફની નઝદીક રેહનારાઓમાંથી અમુક લોકો મસ્જીદે સેહલા આવે છે,એક દિવસ હું પણ મસ્જીદે સેહલા ગયો અને રાત ત્યાં જ પસાર કરી,દિવસના પણ ત્યાજ રહ્યો,મારો વિચાર હતો અસ્રના સમયે મસ્જીદે કુફા જાવ અને શબે જુમ્આ ત્યાં પસાર કરું અને ત્યારપછી નજફે અશરફ પાછો આવી જઈશ.

બન્યું એવું કે મારી પાસે જે મુસાફરીનો ખર્ચ હતો તે પૂરો થઈ ગયો અને ખુબજ તેઝ ભૂખ લાગી હતી અને તે ઝમાનામાં મદ્રેસાની મસ્જીદ પણ તૂટેલી હતી અને તેની અંદર રહીને કોઈ વ્યવસ્થા થાય તેમ ન હતું,ખરાબ હાલાતના લીધે જે લોકો આવ્યા હતા તે ખાવાપીવાની વ્યવસ્થા કરીને આવ્યા હતા,અથવા ત્યાં વધુ રોકાતા ન હતા,માટે ત્યાં રોટી વિગેરે કોઈ વેચનાર પણ ન

હતું,ખુબજ શિદ્દતથી ભૂખ લાગેલી હતી જેના લીધે ચાલવા ફરવાની તાકાત ન હતી,હું મસ્જિદની વચોવચ નમાઝ પઢવા લાગ્યો,હજી વધારે સમય નોહતો થયો કે નમાઝની હાલતમાં એક શખ્સને જોયા જે મારી નઝદીક આવી અને બેઠી ગયા અને એ સુફરો કે જે તેઓ લઈને આવ્યા હતા ત્યાં પાથર્યો,જમવાનું જોઇને હું દિલમાંને દિલમાં કેહવા લાગ્યો કાશ આ માણસ અમુક પૈસા લઈને મને જમવાનું જમાડે,બસ જેવી નમાઝ પૂરી થઈ તો તેમણે મારી તરફ મોઢું કરી કહ્યું:-

જમવાનું જમી લ્યો,મેં શર્મ અને હયાના લીધે ના પાડી,જેના લીધે તેમનો આગ્રહ વધી ગયો અને હું ના પાડતો રહ્યો,ત્યાં સુધી મેં કબુલ કર્યું અને તેમની નઝદીક સુફરા પર બેસી ગયો અને પછી પેટ ભરીને ખાણું ખાધું,જયારે અમે જમી લીધું,તો તે જનાબે સુફરો ઉપાડી ખુદા હાફીઝ કહ્યુ અને મસ્જીદમાં બનેલા એક રૂમમાં દાખિલ થયા કે જે મારી નઝર સામે હતું,હું નીરખીને જોઈ રહ્યો હતો અને તે રૂમને પણ મેં સારી રીતે ઓળખી લીધો,હું તે રૂમની સામે મોઢું કરીને બેઠો બેઠો એમના બારામાં વિચાર કરતો હતો ત્યાં સુધી કે ઘણો સમય થયો અને તે રૂમમાંથી બહાર ન આવ્યા.

અંતે હું મારી જગ્યાએથી ઉભો થયો જેથી તેમના વિષે જાણકારી મેળવું જ્યારે હું રૂમમાં દાખિલ થયો તો મેં જોયું કે ત્યાં કોઈ ન હતું ચારેબાજુ નઝર કરી પણ ત્યાં નામોનિશાન ન હતું જયારે કે તેમાં ફક્ત એક જ દરવાઝો હતો અને જેને હું ક્યારનો જોતો જોતો હતો પરંતુ કોઈ બહાર નીકળ્યું ન હતું,બસ ઘણા સમય સુધી પરેશાની અને આશ્ચર્યમાં વિચારી રહ્યો હતો કે આખરે આ શખ્સ કોણ હતા?પછી મારા ધ્યાન પર આવ્યું કે તેઓ મારા આકા અને મૌલા ઈમામે ઝમાના અ.સ. સીવાય બીજું કોઈ હોઈ ન શકે.

(બરકાતે વલીએ અસ્ર અ.સ. પેજ.૨૨૫)

## ૬.ઈમામે ઝમાના અ.સ.ની મુલાકાત

ઇસ્ફેહાન શહેરના રહેવાસી,એક મૌલાના જેનો સંબંધ સાદાત સાથે હતો,એક લાંબા સમય સુધી હઝરત ઈમામ હુસૈન અ.સ.થી તવસ્સુલ કરતા હતા.એમના દિલમાં બસ એક જ ખ્વાહીશ હતી કે હઝરત ઈમામ હુસૈન અ.સ. કે હઝરત ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારતનો શરફ મેળવું.આ જ ઇન્તેઝારમાં જયારે ઘણાબધા દિવસો પસાર થયા તો એક દિવસ જુમઆના દિવસે ઈમામ

હુસૈન અ.સ.ના હરમમાં દાખિલ થયા અને ઝરીએ પાકની નઝદીક ચાદરનો એક ભાગ પોતાનાં ગળા પર અને બીજો ભાગ ઝરીએ પાક સાથે બાંધી દીધો અને સવાર સુધી રૂદન અને વિલાપ અને વાતચીતની અંદર મશગુલ રહ્યા અને ઘડીએ ઘડીએ કહેતા જતા હતા કે:-મૌલા!આજની શબમાં મારી તમન્ના પૂરી કરો.

આખરે જ્યારે સવાર પડી તો ઝીયારત કરનારાઓ હરમે પાકમાં આવવા લાગ્યા,જયારે તેમણે જોયું કે સમય પસાર થઈ ગયો છે,માટે નાઉમ્મીદ થઈને ઉભા થયા અને અમામો ઉતારી ઝરીએ પાકની ઉપર રાખી દીધો અને કહ્યુ:- "આ સરદારી પણ તમારો હક છે,મૌલા!તમે મને નાઉમ્મીદ કરી દીધો છે હવે હું જાઉં છુ,આમ કહીને તે હરમે પાકમાંથી બહાર નીકળી ગયા,હજી અમુક પગલા ચાલ્યા જ હતા કે એક સય્યદ બુઝુર્ગવાર નઝદીક આવ્યા અને કહ્યુ:-

"આવો હઝરત અબ્બાસ અ.સ.ની ઝીયારત માટે જઈએ,તેઓ કહે છે કે:- તેમને જોઇને હું બધું ભૂલી ગયો અને પોતાની જાતે હું તેમની સાથે જવા તૈયાર થઈ ગયો,અમે ખાદીમ પાસેથી શુઝ લીધા અને ઝીયારત માટે નીકળ્યા,રસ્તામાં અમે અંદરોઅંદર વાતો કરવા લાગ્યા,સય્યદ બુઝુર્ગવારે મને કહ્યું:-

તમારી શું હાજત છે?

મેં કહ્યુ:-હઝરત ઈમામ હુસૈન અ.સ.ની મુલાકાતનો શરફ મળે.

જવાબ મળ્યો:-"એ તો શક્ય નથી."

મેં કહ્યુ:-"તો પછી હઝરત સાહેબુઝ્ઝ્માનની ઝીયારત અને મુલાકાતનો શરફ મળી જાય.

જવાબ મળ્યો:-"આ એ થઈ શકે છે"

એ સિવાય છ બીજા સવાલ કર્યા જેના વિષે તેઓ સય્યદે સંતોષકારક જવાબ આપ્યા,જયારે અમે ચાલતા ચાલતા સેહનની નઝદીક પહોંચ્યા તો તેઓ કહ્યું:-"તમારું માથુ ખાલી છે તમે અમામો નથી પેહરતા?"

મેં કહ્યુ:-"અમામો ઈમામ હુસૈન અ.સ.ની ઝરીએ પાક ઉપર રાખ્યો છે,તે સમયે ત્યાં બઝારમાં એક કપડાની દુકાન દેખાણી,તેઓએ કહ્યું:-

આવો તે દુકાનદાર પાસે જઈએ,હું ચુપચાપ તે દુકાનદાર પાસે ચાલ્યો,અમે દુકાને પહોંચ્યા તો તેઓ સય્યદે દુકાનદારને કહ્યુ:-આ સય્યદને લીલા કપડાનો અમામો આપો,દુકાનદારે લીલા કપડાનો અમામો આપી દીધો.

મેં અમામો બનાવી માથા પર ઓઢી લીધો,ત્યારપછી અમે હઝરત અબુલ ફઝ્લીલ અબ્બાસ અ.સ.ની ઝીયારત કરી અને ત્યાં અમે નમાઝ અને ઝીયારત અને બીજા આમાલ અંજામ આપ્યા અને ત્યારબાદ તેઓ સય્યદે કહ્યું:-હઝરત સય્યદદુશ્શોહ્દાની ઝીયારત માટે જઈએ.

મેં કહ્યુ:-ઠીક છે,અમે ઝીયારત માટે હઝરત ઈમામ હુસૈન અ.સ.ના રોઝા મુબારક તરફ રવાના થયા,ત્યાં સુધી કે ખાદીમ(જે ઝાએરિનના શુઝ સાચવતા હતા)ની નઝદીકથી પસાર થયા અને અંદર દાખિલ થઈ ઝીયારત પઢવા લાગ્યા,હજી ઝીયારત પૂરી થઈ ન હતી કે અઝાન થવા લાગી તેઓ કહ્યું:-

જુવો સય્યદ અબુલ હસન જમાઅતથી નમાઝ પઢાવે છે,જાવ અને તેની પાછળ નમાઝ પઢો.

આ સાંભળીને હું ગયો અને પેહલી અથવા બીજી સફમાં ઉભો રહી ગયો,એ દરમિયાન મે જોયું કે તેઓ સય્યદ સફની આગળ ઉભા છે અને એવો એહસાસ થતો હતો કે સય્યદ અબુલ હસન તેમની પાછળ નમાઝ પઢી રહ્યા છે,આખરે જમાઅત શુરુ થઈ અને અમે નમાઝ પઢવા લાગ્યા,મેં નમાઝ દરમ્યાન જોયું કે તેઓ સય્યદ ફૂરાદા નમાઝ પઢી રહ્યા છે,આ જોઇને મારા મગજમાં વિચાર આવ્યો કે શું વાત છે કે મને કહ્યુ કે જનાબ સય્યદ અબુલ હસનની પાછળ જમાઅત સાથે નમાઝ પઢો અને તેઓ ખુદ ફૂરાદા નમાઝ પઢી રહ્યા છે?

આવા વિચારો મારા મગજમાં ઘડીએ ઘડીએ આવતા હતા,ત્યાં સુધી કે નમાઝ પૂરી થઈ,મેં દિલમાંને દિલમાં કહ્યુ:-“આ સય્યદ બુઝુર્ગવારને પુછુ કે તેઓ કોણ છે?”

એવું વિચારીને એકાએક જેવો ઉભો થઈને તેમના તરફ જોયું તો તેઓ ત્યાં હાજર ન હતા,આ જોઈને હું તરતજ ઉભો થયો અને આજુબાજુ જોવા લાગ્યો પરંતુ તેઓ ક્યાય ન દેખાણા,ઝરીએ પાકની ચારોતરફ અને સેહનમાં પણ જોયું પરંતુ નઝર ન આવ્યા,તરત જ દોડીને ચોકીદાર પાસે ગયો અને પૂછ્યું તો તેણે કહ્યુ:-“તમે તેમને ન ઓળખ્યા કે તેઓ કોણ છે?”

મેં કહ્યુ:-“ના કોઈ અંજાન આદમી છે,તે પછી હું દરેક્બાજુ શોધવા લાગ્યો અને જલ્દીથી એ જગ્યાએ પહોંચ્યો જ્યાં કપડાની દુકાન હતી જેથી તેને પુછુ પરંતુ મેં જોયું કે તમામ દુકાનો બંધ છે અને હજી સુરજ પણ નથી ઉગ્યો અને આજુબાજુ દોડતો દોડતો તમામ દુકાનો પર ગયો પરંતુ કોઈ દુકાન ખુલેલી ન

દેખાણી,અજીબો ગરીબ વાત જોઇને ખુબજ આશ્ચર્ય પામ્યો,આખરે હું તેમને શોધતો શોધતો ઝડપથી હઝરત અબ્બાસ અ.સ.ના સેહનમાં પહોંચ્યો પરંતુ તેઓ ત્યાં પણ ન મળ્યા હું તેમને શોધતો શોધતો હઝરત ઈમામ હુસૈન અ.સ.ના હરમમાં આવ્યો પરંતુ ક્યાય નામોનિશાન ન દેખાણું,તે સમયે મારા મગજમાં આવ્યું યકીનન તેઓ હઝરત ઈમામે ઝમાના અ.સ. જ હતા પરંતુ હું તેઓને ઓળખી ન શક્યો.

## ૭.વીટીની ભેટ

એક માણસે ધંધો શુરુ કર્યો અમુક સમય પછી તેને ધંધામાં એટલું નુકશાન ગયું કે ઝીંદગી તકલીફદાયક થઈ ગઈ,આખરે તે નજફે અશરફ આવ્યો અને હઝરત ઈમામ અલી અ.સ.ના પાડોશમાં રહેવા લાગ્યો.પોતાની મુશ્કેલી આસાન થવા માટે ઈમામ અલી અ.સ.થી તવસ્સુલ કર્યું,આવી રીતે જયારે ઘણા દિવસો પસાર થઈ ગયા તો એકદિવસ અમુક લોકો તેની પાસે આવ્યા અને કહ્યુ:-"અય ભાઈ!તમે સતત ચાલીસ દિવસ સુધી મસ્જીદે સેહલા જાવ ઇન્શાલ્લાહ તમારી મુશ્કિલ હલ થઈ જશે. એ વાત જો કે ઘણી મશહુર છે કે જે માણસ સતત આ આમાલ કરે છે તો તેને ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારતનો શરફ નસીબ થાય છે.

વેપારી કહે છે:-"આ સાંભળીને મને ઘણી અસર થઈ અને તે આમાલમાં મશગુલ થઈ ગયો.ત્યાં સુધી કે દરેક આમાલના ચાલીસ દિવસ પુરા થઈ ગયા અને ઈમામે ઝમાના અ.સ.ની ઝીયારત ન થઈ તો મેં વિચાર્યું કે અહીંથી સામર્રા ચાલ્યો જાવ જેથી મારો મકસદ પૂરો થાય,આમ વિચારીને મેં એક ઊંટ ભાડે લીધું અને ઊંટના માલિક સાથે સવાર થઈને નજફે અશરફથી સામર્રા તરફ રવાના થયો,જયારે અમેં શહેરથી ઘણા દુર પહોંચ્યા તો મેં ઊંટના માલિકને કહ્યુ:-"મારે કુદરતી હાજતે જવું છે ઊંટને રોકો અને મને ઉતારી દયો."

આ સાંભળીને ઊંટના માલિકે ઊંટ રોકી દીધું અને હું કુદરતી હાજત માટે એક તરફ ચાલ્યો ગયો,તેવામાં ઊંટનો માલિક ઊંટ પર સવાર થઈને ભાગી ગયો,આ જોઇને મને ઘણો અફસોસ થયો કે હવે શું કરવું કારણકે ત્યાં સવારીની કોઈ વ્યવસ્થા ન હતી,આખરે જયારે કોઈ આ મુશ્કેલીનો હલ ન દેખાણો તો હું પગપાળા સામર્રા ચાલવા લાગ્યો.હજી સમય થોડો સમય વીત્યો કે મેં એક એવા જલીલુલ કદ્ર માણસને જોયા કે જેના ચેહરા પરથી નુર જાહેર

થતું હતું,તેઓને જોઈને હું ભયભીત થઈ ગયો,પછી અમે એકબીજાને સલામ કરી,ખબરઅંતર પછી અમે અંદરોઅંદર વાતો કરવા લાગ્યા,વાતચીત દરમ્યાન તેઓએ મને પૂછ્યું:-"તમારો ઈરાદો શું છે?"

મેં કહ્યુ:-જનાબ હું સામર્રા જઈ રહ્યું છુ.

તેઓએ ફરમાવ્યું:-"મિર્ઝા સાહેબને કેહ્જો કે ફલાણા શખ્સે કહ્યુ છે આખરે તમેં ફલાણા સય્યદથી બેધ્યાન કેમ છો?અગર તમને તે સવાલ કરે કે તમને આ કોણે કહ્યુ?તો એમને કેહ્જો કે જેણે તમને 15મી શાબાનની રાત્રે વીંટી આપી હતી.

હું જયારે નજફે અશરફથી ચાલ્યો હતો તો સમયની કમીને લીધે સફર માટે ખાવા વીગેરેની વ્યવસ્થા ન થઈ શકી હતી, માટે મારી પાસે ખાવાની કોઈ ચીજ ન હતી અને ખુબજ ભૂખ લાગેલી હતી અને ત્યાં રણ વિસ્તારમાં દુર દુર સુધી ખાવા પીવાની કોઈ વ્યવસ્થા ન હતી,મજબુર અને લાચાર ભૂખ અને પ્યાસની હાલતમાં રસ્તો પસાર કરતો જતો હતો,વાતચીત દરમ્યાન તેઓએ મને ફરમાવ્યું:-"લાગે છે તમને ભૂખ લાગી છે?"

મેં કહ્યુ:-"હા સાહેબ!બન્યું એવું કે નજફે અશરફથી નીકળ્યો તો સમય તંગ હોવાના લીધે ખાવાની ચીજોની વ્યવસ્થા ન થઈ શકી અને ખરેખર બહુજ સખ્ત ભુખ લાગી છે,આ સાંભળીને તેઓએ તરતજ ગર્મ અને તાજી રોટલીઓ કાઢી અને મને આપી.

આ જોઇને હું આશ્ચર્ય પામ્યો કે આખરે કઇ રીતે આવા જંગલમાં આવી ગરમ અને તાજા રોટલીઓનો વિચાર પણ ન કરી શકાય,આખરે આ શખ્સ ક્યાંથી લાવ્યા.આમ વિચારતા વિચારતા મેં દિલમાં ને દિલમાં કહ્યું આ શખ્સ મારા મેહબૂબ અને તમન્ના,હઝરત ઈમામે ઝમાના અ.સ.નો નથીને!,બસ આ વિચાર આવતા જ જયારે મોઢું ઊંચું કરીને જોયું તો તેઓ હાજર ન હતા,દરેકબાજુ દુરદુર સુધી નઝર કરી પરંતુ તેઓ નઝર ન આવ્યા ત્યારે મારા મગજમાં આવ્યુ કે તેઓ ઈમામે ઝમાના અ.સ. હતા.

(રેફ.શીફ્તગાને હઝરત મહદી અ.સ. ભા.૨,પેજ.૧૭૬)

## ૮.ઝમાનાના મઝલુમ

મૌલાના સય્યદ ઈસ્માઈલ શરફી બયાન કરે છે કે:-

એક વખત મને પવિત્ર કબ્રોની ઝીયારત નસીબ થઈ,હું હઝરત ઈમામ હુસૈન અ.સ.ની ઝીયારત પઢતો હતો,કારણકે ઈમામ હુસૈન અ.સ.ના હરમે પાકમાં ગુંબજની નીચે દુઆ જલ્દી કબુલ થાય છે,માટે હું ત્યાં ખુદાવંદે આલમથી દુઆ કરતો હતો કે મને મારા મૌલા અને આકા હઝરત ઈમામ મહદી અ.સ.ની ઝીયારત નસીબ કરે,હું ઝીયારત પઢતો હતો કે અચાનક મેં જોયું એક જલીલુલ કદ્ર શખ્સ કે જેમનો ચેહરો ખુબજ નુરાની હતો મારી પાસે આવ્યા,આ જોઇને મારા પર તેમનો રોઅબ અને દબદબો પૈદા થયો અને મેં સલામ કરીને તેમને કહ્યું:-"તમારી ઓળખાણ?"

જવાબમાં ફરમાવ્યું:-"હું દુનિયાનો મઝલૂમતરીન માણસ છુ."

આ શબ્દોનો અર્થ મને સમજમાં ન આવ્યો અને મેં દિલમાંને દિલમાં વિચાર્યું કે શાયદ નજફે અશરફના બુઝુર્ગ ઓલમાંમાંથી એક છે,કારણકે લોકોએ એમના ઈલ્મથી ફાયદો નહી મેળવ્યો હોય જેથી તેઓ પોતાને મઝલુમ સમજે છે,હજી હું વિચારી જ રહ્યો હતો કે અચાનક મારું ધ્યાન ગયું કે મારી આજુબાજુ કોઈ નથી,બસ તે સમયે મને સમજાણું કે તેઓ ઈમામે ઝમાના અ.સ. હતા અને પોતાને સૌથી મઝલુમ કહે છે,પરંતુ અફસોસ કે તેઓ તરતજ ગાયબ થઈ ગયા અને તે સમયે હું તેમને ઓળખી ન શક્યો.

(રેફ.શીફ્તગાને હઝરત મહદી અ.સ. ભા. પેજ.૧૬૦)